

પેજ-08

મૌની રોયના સુખી સંસારમાં ભંગાણ? પતિને અનફોલો કરી ઈન્સ્ટાગ્રામ પરથી તમામ...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

IPL આચાર સંહિતાનો ભંગ ટિમ ડેવિડને ફટકારાયો દંડ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 44.00 | 29.00 |
| વડોદરા | 43.00 | 31.00 |
| સુરત | 37.00 | 29.00 |

પેજ 5



એમેઝોન દ્વારા ભારતભરના 90,000 ડિલિવરી એસોસિએટ્સ...

13 MAY-2026 WEDNESDAY

ઉત્તર કોરિયાની પરમાણુ નીતિ બદલાઈ કિમ મરશે તો દુનિયા ડૂબશે...



પેજ 10

**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 74559.24 | ▼ | 1456.04 |
| નિફ્ટી | 23379.55 | ▼ | 436.30 |
| સોનું | 153650.0 | ▼ | 13.00 |
| ચાંદી | 278816.0 | ▲ | 505.00 |

વર્ષ-15 । અંક-181 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# NEET 2026ની એક્ઝામ રદ

## પેપર લીકના મામલે NTAએ આ વર્ષની પરીક્ષા રદ કરી, CBI તપાસની માગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ગત 3 મેના રોજ લેવાયેલી મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET UG 2026' પેપર લીક બાદ સત્તાવાર રીતે રદ કરવામાં આવી છે. 'ગેસ પેપર'ના નામે અસલી પ્રશ્નપત્ર વાઈરલ થતાં સરકારે તપાસ CBIને સોંપી છે, પરંતુ આ નિર્ણયે રાત-દિવસ એક કરીને મહેનત કરનારા 22 લાખથી વધુ વિદ્યાર્થીઓને તણાવમાં ધકેલી દીધા છે. ત્યારે ગુજરાત સમાચારની ટીમે એક્સપર્ટ અને નીટની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી, જેમાં તેઓએ દર વર્ષે થતી આ ગેરનીતિ અંગે આક્રોશ ઠાલવ્યો હતો. નીટ એસ્પિરન્ટે જણાવ્યું કે, 'મારું નામ રિયા ત્રિવેદી છે અને હું છેલ્લા બે વર્ષથી નીટ માટે રોજ 10થી 11 કલાકનું વાંચન કરી રહી છું. મેં મારા અભ્યાસ માટે 11મા ધોરણથી જ પરિવારના તમામ પ્રસંગો અને એન્જોયમેન્ટનો ત્યાગ કર્યો હતો. આ વખતે મારા 624 માર્ક્સ આવ્યા હતા અને મને અમદાવાદમાં સીટ મળી જાય તેવી પૂરી આશા હતી. અમુક લોકોની ચોરીના કારણે જો 25 લાખ વિદ્યાર્થીઓ માટે ફરીથી પરીક્ષા લેવાય તો, મારા માટે બે વર્ષ પહેલાં જેવો જુસ્સો અને માઈન્ડસેટ પાછો લાવવો ખૂબ જ મુશ્કેલ છે. મેં ગુજકેટમાં પણ બાયોલૉજીમાં 40માંથી 40 માર્ક્સ મેળવ્યા છે, તેથી મને લાગે છે કે સંપૂર્ણપણે નીટ પર નિર્ભર રહેવાને બદલે બીજી પરીક્ષાઓનો પણ સપોર્ટ મળવો જોઈએ, પરંતુ NTAની આ બેદરકારી અમારા કરિયરને ખરાબ રીતે અસર કરી રહી છે.' અન્ય એક નીટ એસ્પિરન્ટ આશમી જૈને જણાવ્યું કે, 'મેં પણ આ વખતે નીટની પરીક્ષા આપી હતી. મેં છેલ્લા બે વર્ષથી રોજ 10 કલાકનું વાંચન કરીને અને સગા-સંબંધીઓના ફંક્શનમાં ન જઈને ઘણું સેક્રિફાઈસ કર્યું છે. આ વખતે મારું પેપર ખૂબ જ સરસ ગયું હતું અને મારો સ્કોર 500ની આસપાસ હતો, જેથી અમને ખાતરી હતી કે મને મેડિકલમાં સીટ મળી જ જશે. અમે એટલા નિશ્ચિત થઈ ગયા હતા કે અમારા પરિવારનું બહાર ફરવા જવાનું વેકેશન પણ નક્કી થઈ ગયું હતું, પણ આ

## LoC પર ભારતીય સેનાનો જોરદાર પ્રહાર

# પૂંચમાં લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી ઠાર

(એજન્સી) પૂંચ । તા. 12

મંગળવારે, ભારતીય સેનાએ જમ્મુ અને કાશ્મીરના પૂંચ સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) પર ઘૂસણખોરીના પ્રયાસને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો. અહેવાલો દર્શાવે છે કે સેનાએ શરૂઆતમાં પૂંચ સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓને ચેતવણી આપી હતી. જોકે, આ ચેતવણીને અવગણીને, આતંકવાદીઓએ ભારતીય ફોરવર્ડ પોસ્ટ્સ પર ગોળીબાર કર્યો.ભારતીય સેનાએ મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પૂંચ સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. LoC નજીક શંકાસ્પદ હિલચાલની જાણ થતાં, સેનાએ તાત્કાલિક ગોળીબાર કર્યો; ત્યારબાદની અથડામણ દરમિયાન, લશ્કર-એ-તૈયબા (LeT) સંગઠન સાથે સંકળાયેલ એક પાકિસ્તાની આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો. અહેવાલ છે કે આતંકવાદી નિયંત્રણ રેખા પાર કરીને પૂંચ જિલ્લામાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, બીજી બાજુથી સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓના એક જૂથ અંગે આશંકા હતી. શંકાસ્પદ હિલચાલ જોતાં, સેનાએ હાઈ એલર્ટ પર આવી ગઈ અને જવાબી કાર્યવાહીમાં ગોળીબાર શરૂ કર્યો. હાલમાં સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે, અને સુરક્ષા એજન્સીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

## હિમંતા બીજી વખત આસામના CM બન્યા



(એજન્સી) આસામ । તા. 12

હિમંત બિસ્વા સરમા સતત બીજી વખત આસામના મુખ્યમંત્રી બન્યા છે. ગુવાહાટીના ખાનાપારા વેટરનરી કોલેજ ગ્રાઉન્ડ ખાતે શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ લક્ષ્મણ આચાર્યએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.હિમંતા ઉપરાંત, ચાર ધારાસભ્યો - ભાજપના રામેશ્વર તેલી અને અજંતા નીઓમ, એજીપીના અતુલ બોરા અને BPFના ચરણ બોરોએ મંત્રી પદના શપથ લીધા. તેમાંથી બે ભાજપના અને બે સાથી પક્ષોના છે.શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ-એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા. હિમંતાનો આખો પરિવાર પણ સમારોહમાં હાજર રહ્યો હતો.

## "NEET પેપર ૪ વાર લીક થયું, છતાં આરોપીઓ કેમ મુક્ત છે?"

### અરવિંદ કેજરીવાલનો કેન્દ્ર પર પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

અરવિંદ કેજરીવાલે કહ્યું કે પેપર લીક કોઈ કારણ વગર થતું નથી. આ સૂચવે છે કે મોટા પાયે મિલીભગત અને રાજકીય આશ્રય સંડોવાયેલો છે. '2017 નું પેપર લીક કરનારાઓ આજે ક્યાં છે? શું તેમને સજાનો સામનો કરવો પડ્યો? શું 2021 નું પેપર લીક કરનારાઓને સજાનો સામનો કરવો પડ્યો? 2024 નું પેપર લીક કરનારા બધાને જામીન મળી ગયા છે અને તેઓ હાલમાં મુક્ત છે.' પેપર લીક થયા બાદ, આમ આદમી પાર્ટી એ NEET પરીક્ષાના સંચાલન અંગે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. AAP ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો છે કે NEET પેપર રાજકીય મિલીભગત અને આશ્રયને કારણે લીક થઈ રહ્યા છે. અગાઉ, 2017, 2021 અને ફરીથી 2024 માં લીક થયું હતું - અને હવે, તે ફરી એક વાર બન્યું છે. NEET પેપર ચાર વખત લીક થયું છે, છતાં આજ સુધી, આ લીક્સ માટે જવાબદાર એક પણ આરોપીને સજા કરવામાં આવી નથી. અગાઉના પ્રસંગોએ પેપર લીક કરનારાઓ પણ હાલમાં જામીન પર બહાર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ લાખો યુવાનો સાથે મોટો વિશ્વાસઘાત છે જેમણે વર્ષોથી આ પરીક્ષાની તૈયારી કરી છે. 'હવે, યુવાનોએ રસ્તા પર ઉતરવું પડશે.

## ભારતમાં વહેલા ચોમાસાનું હવામાન વિભાગનું અનુમાન, સપ્તાહના અંત સુધીમાં શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

દેશમાં ચોમાસું નિર્ધારિત સમય કરતાં વહેલું દસ્તક દઈ શકે છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું 1 જૂન સુધીમાં પહોંચે છે, પરંતુ આ વખતે તે સમય પહેલા દસ્તક દઈ શકે છે. હવામાન વિભાગ તેમજ નિષ્ણાતોનું માનવું છે કે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સાગરમાં ચોમાસાના વહેલા આગમન માટે પરિસ્થિતિઓ અનુકૂળ સાબિત થઈ શકે છે.

### અનેક રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધશે

બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમને કારણે દેશના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સક્રિય બન્યું છે. હવામાન નિષ્ણાતોનું માનવું છે કે વર્તમાન પરિસ્થિતિઓ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સાગરમાં ચોમાસાના વહેલા આગમન માટે અત્યંત અનુકૂળ બની રહી છે. બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક લો-પ્રેશર એરિયા એટલે કે હળવું દબાણ સર્જાયું છે, જે આગામી થોડા કલાકોમાં વધુ મજબૂત થવાની સંભાવના છે. આ સિસ્ટમની અસરથી દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધશે. સાથે જ આ સિસ્ટમથી ચોમાસું ઉત્તર દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

### ક્યારે થશે ચોમાસાની એન્ટ્રી?

ભારતીય હવામાન વિભાગે(IMD) જણાવ્યું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને આગળ વધવા માટે પરિસ્થિતિઓ ઝડપથી અનુકૂળ બની રહી છે. સપ્તાહના અંત સુધીમાં દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સાગર અને આંદામાન-નિકોબાર ટાપુઓના કેટલાક વિસ્તારોમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે. આ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં વરસાદ, વાવાઝોડું, વીજળી પડવી, કરા પડવા અને કેટલાક વિસ્તારોમાં ભીષણ ગરમીની મિશ્ર અસર જોવા મળશે. દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી અને શ્રીલંકાના ઉત્તરી કિનારા પાસે સર્જાયેલું લો-પ્રેશર હવે ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યું છે.




# NEET પરીક્ષા રદ થતાં 23 લાખથી વધુ વિદ્યાર્થીઓ અને પરિવારોના સપના તૂટી ગયા : ધાર્મિક માથુકિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ અધ્યક્ષ ધાર્મિક માથુકિયાએ NEET પરીક્ષા રદ મુદ્દે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, મેડિકલ, ડેન્ટલ અને આયુર્વેદિક પ્રવેશ માટે લેવામાં આવેલી NEET પરીક્ષા આજે પેપર લીકના કારણે રદ કરવાની નોબત આવી છે. ગુજરાતભરમાંથી લગભગ 30 હજાર વિદ્યાર્થીઓ અને સમગ્ર ભારતમાંથી 23 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. આજે માત્ર વિદ્યાર્થીઓના નહીં પરંતુ તેમના પરિવારોના સપનાઓ પણ તૂટી ગયા છે. વિદ્યાર્થીઓએ દિવસ-રાત મહેનત કરી, પોતાના સુખોનો ત્યાગ કર્યો અને પરિવારોએ પણ ભારે ખર્ચ કરીને બાળકોને ભણાવ્યા, છતાં સરકાર અને ભ્રષ્ટ તંત્રની બેદરકારીના કારણે આજે આ સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર ગુજરાત અને ભારતનો વિદ્યાર્થી વર્ગ આજે ભારે નિરાશામાં છે. આપ નેતા ધાર્મિક માથુકિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં અગાઉ પણ અનેક પરીક્ષાઓના પેપર લીક થઈ ચૂક્યા છે અને NEETનું પેપર પણ 2017, 2021, 2024 બાદ હવે 2026માં ફરી લીક થયું છે. એક-બે વખત ભૂલ ગણાય, પરંતુ વારંવાર આવું થવું એ સ્પષ્ટ દર્શાવે છે કે સરકાર અને પરીક્ષા તંત્રમાં મિલીભગત ચાલી રહી છે. આમ આદમી પાર્ટી માંગ કરે છે કે પ્રધાનમંત્રી સમગ્ર દેશના વિદ્યાર્થીઓની જાહેરમાં માફી માગે, પેપર લીક કૌભાંડમાં સામેલ તમામ લોકોને જાહેરમાં કડક સજા આપવામાં આવે અને જવાબદારી સ્વીકારી રાજીનામું આપે. આવનારા સમયમાં યોજનારી તમામ પરીક્ષાઓ પારદર્શક રીતે લેવાય તે માટે મજબૂત સિસ્ટમ ગોઠવવી જરૂરી છે. જો સરકારથી યોગ્ય રીતે પરીક્ષાઓ લેવાતી ન હોય તો પરીક્ષા વ્યવસ્થા શિક્ષિત અને નિષ્ઠાવાન લોકોને સોંપવી જોઈએ. વિદ્યાર્થીઓના હિત માટે આમ આદમી પાર્ટી દરેક જિલ્લામાં આંદોલન કરશે અને વિદ્યાર્થીઓને પોતાના હક માટે અવાજ ઉઠાવવાની અપીલ કરે છે.

## 23 લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ : યુવરાજસિંહ જાડેજા



અમદાવાદ : આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજાએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, 2026ની નીટ પરીક્ષાનું પેપર લીક થતાં પરીક્ષા રદ કરવાની નવબત આવી છે. પરીક્ષા રદ કરવાનો નિર્ણય આવકાર્ય છે, પરંતુ પ્રશ્ન એ છે કે ક્યાં સુધી માત્ર પરીક્ષાઓ રદ કરવામાં આવશે અને ક્યાં સુધી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારાઓને છાવરવામાં આવશે? પરીક્ષા રદ કરવી કોઈ કાયમી વિકલ્પ નથી. જ્યાં સુધી પેપર લીક કરનાર માફિયાઓ, ગોટાળાખોરો અને ભ્રષ્ટાચારીઓને કડક સજા નહીં મળે ત્યાં સુધી આ સમસ્યાનું સમાધાન શક્ય નથી. પેપર લીક માફિયાઓ કોઈપણ સમાજ, પક્ષ કે ધર્મ સાથે જોડાયેલા હોય, તેમ છતાં તેમના વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી થવી જ જોઈએ. AAP નેતા યુવરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં 2014થી 2024 દરમિયાન 34 જેટલા પેપર લીક થયા છે, છતાં આજદિન સુધી કોઈ એક મોટા આરોપીને પણ કડક સજા થઈ નથી. એકપણ વ્યક્તિ જેલના સળિયા પાછળ પહોંચી નથી, જેના કારણે પેપર લીક માફિયાઓના હિંમત વધી રહી છે. અગાઉ લાખોમાં થતો ભ્રષ્ટાચાર હવે કરોડોમાં પહોંચી ગયો છે. માત્ર નીટ જ નહીં, પરંતુ સ્ટાફ સિલેક્શન, IBPS અને રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ જેવી કેન્દ્ર સરકારની પરીક્ષાઓમાં પણ વારંવાર પેપર લીકની ઘટનાઓ સામે આવી રહી છે. આજે 23 લાખ વિદ્યાર્થીઓ માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા છે અને તેમના ભવિષ્ય સાથે મોટો અન્યાય થયો છે.

# અંકલેશ્વર GIDCની કંપનીમાં કામદારોના પ્રશ્ને આમ આદમી પાર્ટી કામદારોના સમર્થનમાં ઊભી રહી



ભરૂચ : આમ આદમી પાર્ટી ભરૂચ જિલ્લા દ્વારા અંકલેશ્વર GIDCમાં આવેલી કે પટેલ કંપનીમાં કોન્ટ્રાક્ટરો અને કંપની મેનેજમેન્ટ દ્વારા કામદારો સાથે થતા અન્યાયના મુદ્દે કામદારોના સમર્થનમાં અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. કામદારો દ્વારા આશરે સાત જેટલી માંગો આમ આદમી પાર્ટી જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ કંપનીના કોન્ટ્રાક્ટર અને મેનેજમેન્ટ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ કંપની મેનેજમેન્ટ દ્વારા કામદારોની માંગો સ્વીકારવામાં આવતા કામદારોમાં સંતોષનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા પ્રમુખ પિયુષ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસથી ચાલી રહેલી હડતાલ આજે કંપની મેનેજમેન્ટ અને કોન્ટ્રાક્ટર તરફથી સંતોષકારક જવાબ મળતા પૂર્ણ કરવામાં આવી છે.આપ નેતા પિયુષ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે કામદારો દ્વારા લાંબા સમયથી ચાલી રહેલા અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. જેમાં વર્ષોથી સેવા આપતા કર્મચારીઓને કાયમી કરવાની પ્રક્રિયા શરૂ કરવાની માંગ, દિવાળી બોનસ પારદર્શક રીતે આપવાની માંગ, દર મહિને PF સંબંધી માહિતી સમયસર આપવાની માંગ, ફેક્ટરીમાં સેફ્ટી વ્યવસ્થા મજબૂત બનાવવાની માંગ તેમજ હાજરીમાં થતી કાપણી બંધ કરવાની માંગનો સમાવેશ થાય છે. ઉપરાંત Factories Act, 1948 મુજબ ઓવરટાઈમનું યોગ્ય વેતન ચૂકવવાની પણ માંગ કરવામાં આવી હતી. આ ચર્ચા દરમિયાન જિલ્લા સંગઠન મંત્રી દીપક પટેલ, અંકલેશ્વર શહેર પ્રમુખ વિનય વસાવા અને અંકલેશ્વર GIDC પ્રમુખ દીપકભાઈ વાઘ હાજર રહ્યા હતા અને કામદારોને ન્યાય અપાવવામાં સહયોગ આપ્યો હતો.

# હૃદય સમ્રાટ બાબા હરદેવ સિંહ જીને અર્પિત સમર્પણ દિવસ

અમદાવાદ | જ્યારે કોઈ મહાન આત્માનું જીવન સંપૂર્ણપણે માનવતાના કલ્યાણ માટે સમર્પિત થઈ જાય છે, ત્યારે તેની સ્મૃતિઓ માત્ર ઈતિહાસનું અધ્યાય નથી રહેતી, પરંતુ યુગો-યુગો સુધી જનમાનસ માટે પ્રેરણાનો દિવ્ય સ્ત્રોત બની જાય છે.એવા જ માનવતા, પ્રેમ, વિનમ્રતા અને આધ્યાત્મિક જાગૃતિના અદ્વિતીય પ્રતીક યુગદ્રષ્ટા બાબા હરદેવ સિંહ જીની પાવન સ્મૃતિને સમર્પિત 'સમર્પણ દિવસ'નું ભાવપૂર્ણ આયોજન સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને શ્રદ્ધેય નિરંકારી રાજપિતા જીના સાન્નિધ્યમાં બુધવાર, ૧૩ મે ૨૦૨૬ના રોજ સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, સમાલખા (હરિયાણા)માં સાંજે ૫:૦૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી આયોજિત કરવામાં આવશે. ત્યારબાદ શ્રદ્ધાળુઓ સત્ગુરુ માતા જીના આશીર્વચનો શ્રવણ કરશે. આ વિશાળ સંત સમાગમમાં દેશ-વિદેશમાંથી આવેલા શ્રદ્ધાળુઓ, ભક્તગણ અને માનવતા પ્રેમીઓ શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણના પુષ્પ અર્પિત કરશે. આ કાર્યક્રમનું સીધું પ્રસારણ નિરંકારી મિશનની અધિકૃત વેબસાઈટ પર કરવામાં આવશે, જેનો લાભ વિશ્વભરના શ્રદ્ધાળુઓ અને ભક્તગણ મેળવી શકશે.બાબા હરદેવ સિંહ જી માત્ર સંત નિરંકારી મિશનના



આધ્યાત્મિક ગુરુ જ નહોતા, પરંતુ તેઓ પ્રેમ, કરુણા, સહજતા અને માનવીય સંવેદનાઓના સજીવ આત્મિક મિત્ર હતા. તેમની મધુર મુસ્કાન, વિનમ્ર વ્યક્તિત્વ અને દિવ્ય વાણીએ અસંખ્ય હૃદયોને આત્મિક શાંતિનો અનુભવ કરાવ્યો. તેમણે માનવ જીવનને આત્મજ્ઞાનથી આલોકિત કરીને સંદેશ આપ્યો કે સાચું જીવન તે છે જે પ્રેમ, સેવા, સહઅસ્તિત્વ અને સમર્પણથી પરિપૂર્ણ હોય. તેમના દિવ્ય નેતૃત્વમાં સંત નિરંકારી મિશને સમાજ સેવાને આધ્યાત્મિકતાનો અભિન્ન અંગ બનાવીને રક્તદાન, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, આરોગ્ય સેવાઓ, શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને યુવાનોની ઊર્જાને આધ્યાત્મિક દિશા આપવા જેવા અનેક લોક કલ્યાણકારી કાર્યો દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તનની શક્તિશાળી ધારા વહેવડાવી. બાબા જીનો દૃષ્ટિકોણ સ્પષ્ટ હતો કે ઈશ્વરની સાચી ભક્તિ માનવ સેવાના માધ્યમથી જ સાર્થક થાય છે.લગભગ ૩૬ વર્ષ સુધી મિશનનું નેતૃત્વ કરતાં બાબા હરદેવ સિંહ જીએ તેને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું. આજે સંત નિરંકારી મિશન ૬૭ થી વધુ દેશોમાં આધ્યાત્મિક જાગૃતિ, નૈતિક મૂલ્યો અને માનવ કલ્યાણની જ્યોત પ્રજ્વલિત કરી રહ્યું છે. તેમના તપ, ત્યાગ અને દૂરદર્શિતાના પરિણામે મિશનને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થયું છે તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાજિક અને આર્થિક પરિષદમાં સલાહકાર તરીકે પ્રતિષ્ઠા મળી છે. બાબા જીએ "એકત્વમાં સદ્ભાવ", "વસુધૈવ કુટુમ્બકમ" તથા "એકને જાણો, એકને માનો, એક થઈ જાઓ" જેવા દિવ્ય સંદેશો દ્વારા સમગ્ર માનવતાને પ્રેમ અને એકતાના સૂત્રમાં બાંધવાનો પ્રયાસ કર્યો. તેમનું "દીવાલ રહિત સંસાર"નું સ્વપ્ન આજે પણ વિશ્વ બંધુત્વ, સમાનતા અને સાર્વભૌમિક પ્રેમની પ્રેરણા બનીને પ્રત્યેક હૃદયને આલોકિત કરી રહ્યું છે. વર્તમાનમાં સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ એ જ દિવ્ય પરંપરાને આગળ વધારતાં પ્રેમ, સેવા, સંયમ અને આધ્યાત્મિક ચેતનાના સંદેશને જન-જન સુધી પહોંચાડી રહ્યાં છે. તેમના કરુણામય સાન્નિધ્યમાં સંત નિરંકારી મિશન સતત માનવતાને આત્મબોધ, નૈતિકતા અને વિશ્વ બંધુત્વના પંથે આગળ વધારી રહ્યું છે.'સમર્પણ દિવસ' માત્ર શ્રદ્ધાંજલિનો અવસર નથી, પરંતુ તે દિવ્ય જીવન-દર્શનને આત્મસાત કરવાનો પાવન પર્વ છે, જે માનવતાને પ્રેમ, સેવા, વિનમ્રતા અને સમર્પણના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. આ દિવસ પ્રત્યેક હૃદયને એ સ્મરણ કરાવે છે કે મહાન આત્માઓ પોતાના કર્મ, વિચાર અને આદર્શો દ્વારા સદાય જીવંત રહે છે અને યુગો સુધી માનવતાનો માર્ગ આલોકિત કરતી રહે છે.

# ચૂંટણી સુધી શાંતિ અને પરિણામ બાદ ભાવવધારો,ભાજપની આ જ નીતિ છે : પ્રવીણ રામ AAP

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થતાં જ ભાજપ સરકારે ખેડૂતો પર ડીએપી ખાતરના ભાવમાં ₹700નો વધારો ઝીંક્યો : પ્રવીણ રામ AAP



## હિન્દુઓના નામે મત લઈને ભાજપ હિન્દુ ખેડૂતો સાથે જ અન્યાય કરી રહી છે : પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ ભાજપ સરકારે ગુજરાતના ખેડૂતો માટે એક ખુશી ભેટ મોકલી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ખેડૂતોના મોટા પ્રમાણમાં મત મળતાં ભાજપ ખૂબ ખુશ થઈ ગઈ છે અને હવે ડીએપી ખાતરના એક થેલીના ભાવમાં 700નો વધારો કરીને ખેડૂતોને આ ભેટ આપવામાં આવી છે. અગાઉ જે થેલી આશરે 1400માં મળતી હતી, તે હવે 2100માં મળશે. આ નિર્ણય ગુજરાતના ખેડૂતો સાથે મોટો અન્યાય સમાન છે. AAP નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મોટાભાગના ખેડૂતો હિન્દુ સમાજમાંથી આવે છે. ભાજપ હિન્દુઓના નામે મત માગે છે, પરંતુ ચૂંટણી પૂર્ણ થતાં અને પરિણામો આવ્યા બાદ હિન્દુ ખેડૂતોને જ નુકસાન થાય એવા નિર્ણયો લેવામાં આવે છે. ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી કોઈ ભાવવધારો કરવામાં આવતો નથી, પરંતુ ચૂંટણી બાદ ધીમે ધીમે ગુજરાતની જનતાને આવી ખુશી ભેટો મળવાની શરૂઆત થઈ જાય છે.

આજે ખેડૂતો પર ભાવવધારો લાદવામાં આવ્યો છે, આવનાર સમયમાં અન્ય લોકો પર પણ આવા નિર્ણયોનો બોજો આવશે.

# News Brief

## રાજકોટમાં પીવાના અશુદ્ધ પાણી મુદ્દે AAP નેતા અજીત લોખીલે ભાજપ સરકારને ઘેરી

રાજકોટ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલે એક વિડીયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકામાં પાણી વિતરણમાં ખામી છે, જેના કારણે લોકો વારંવાર ફરિયાદ કરી રહ્યા છે કે તેમને પીવા માટે જે પાણી મળે છે તે અશુદ્ધ પાણી છે. આજે સમાચાર મળ્યા કે બેક્ટેરિયાવાળું પાણીનું વિતરણ થયું અને લોકો દ્વારા પીવાય પણ ગયું. ગુજરાતમાં અને રાજકોટમાં ઘણા વર્ષોથી ભાજપનું શાસન છે છતાં પણ તેઓ લોકોને પીવાનું શુદ્ધ પાણી નથી આપી શકતા. ગુજરાતમાં ભાજપની કોંગ્રેસ સાથે મળેલી ભેળસેળવાળી સરકાર



પાસેથી હવે વધુ અપેક્ષા રાખી શકાય એમ નથી. છતાં પણ આવું અશુદ્ધ પાણી વિતરણ થઈ ગયું તો હવે આ ઘટનાના દોષિતો કોણ? ઘટનાથી બાળકો અને વૃદ્ધોને વધુ અસર થાય છે, જેના કારણે તેઓ બીમાર થાય છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અજીત લોખીલે જણાવ્યું હતું કે, હવે મને લાગી રહ્યું છે કે રાજકોટમાં લોકોએ ફિલ્ટર લગાવવું ફરજિયાત થઈ ગયું છે. કારણ કે ભાજપ સરકાર શુદ્ધ પાણી આપશે એવી અપેક્ષા રાખી શકાય એમ નથી. સરકાર ટેક્નોલોજીની વાત કરે છે તો મારે સવાલ પૂછવો છે કે પાણી વિતરણ થયા પહેલા કેમ એનું રિપોર્ટ નથી બનતો. જો પાણી વિતરણ પહેલા જ રિપોર્ટ બની જાય તો અશુદ્ધ પાણીને લોકો સુધી પહોંચાડતા રોકી શકાય એમ છે. તો હવેથી પાણી વિતરણ થયા પહેલા આના રિપોર્ટ બની જાય એ અમારી પ્રમુખ માંગ છે. આ સિવાય જે પણ ખાણીપીણીની વસ્તુ છે, તેના પણ રિપોર્ટ વિતરણ પહેલાં જ બની જાય એવી પણ માંગ છે. સાથે સાથે અમારી માંગ છે કે જ્યાં સુધી જનતાને પીવાનું શુદ્ધ પાણી નથી મળતું ત્યાં સુધી પાણીનો વેરો નાબૂદ કરવામાં આવે.

## વિસાવદર ખાતે આરોગ્ય વિભાગ હેઠળની રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં ગોપાલ ઈટાલીયાએ આપી હાજરી

જુનાગઢ | આજરોજ વિસાવદર પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ હેઠળની રોગી કલ્યાણ સમિતિની બેઠક મળેલ હતી, જેમાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ હાજરી આપી હતી. આ બાબતે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા માહિતી આપતા જણાવ્યું હતું કે વિસાવદરની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બાબતે લેબોરેટરીના પ્રશ્નો, દવાના પ્રશ્નો, ત્યાં દાખલ થતા દર્દીઓની સુવિધાના પ્રશ્નો, સરકારી હોસ્પિટલમાં ડિલિવરીની સુવિધા બાબતના પ્રશ્નો, માઈનોર અને મેજર ઓપરેશનના પ્રશ્નો, આ સિવાય ઓપીડી - આઈપીડીના પ્રશ્નો, બેબી કેર યુનિટના પ્રશ્નો, આ સિવાય સાફ-સફાઈ - પાણીના પ્રશ્નો, સીસીટીવી કેમેરા અને બીજી વહીવટી પ્રક્રિયા તમામ બાબતો પર અધિક્ષક ઈજનેર, પ્રાંત અધિકારી અને અન્ય સભ્યોની હાજરીમાં ચર્ચા થઈ. PMJAY યોજનાના લાભાર્થીઓ કે જેમાં ડાયાલિસિસ, હિપેટાઈટિસના દર્દીઓનું ડાયાલિસિસના મુદ્દા ઉપર પણ વિસ્તૃત ચર્ચા થઈ છે. વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, આ સિવાય ખાસ કરીને વિસાવદરની જે હોસ્પિટલ મંજૂર થઈ છે એ હોસ્પિટલનું કામ જલ્દી ચાલુ થાય તે માટે આ મિટિંગમાં ચર્ચા થઈ હતી. હું જ્યારે ગાંધીનગર જઈશ ત્યારે આ મુદ્દે અધિકારીઓ અને સરકારના પદાધિકારીઓ સામે આ મુદ્દો રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે. આ સિવાય વિસાવદરના સરકારી દવાખાનામાં જે દર્દીઓ આવે છે, તેમને જનની સુરક્ષા યોજના છે, ઓપરેશન કર્યા પછી 48 કલાક સુધી બહેનોને જમવાનું આપવાની યોજના છે, આવી તમામ યોજનાઓ પર વ્યવસ્થિત કામ થાય અને વિસાવદર તાલુકાના દર્દીઓને લાભ મળે એ બાબતે મિટિંગમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે.

## ડૉક્ટર્સને નવા ફોર્મમાં પ્રેક્ટિશનો રોજનો હિસાબ આપવાની ફરજ પાડશે

અમદાવાદ | આવકવેરા કચેરીએ આવકવેરા એક્ટ ૨૦૨૫ હેટળ તૈયાર કરેલા આવકવેરાના ૨૦૨૬ની સાલના નવા નિયમો હેઠળ નવું ફોર્મ ૨૫ દાખલ કરીને ડૉક્ટર્સ અને ડેન્ટિસ્ટ ઉપરાંત મેડિકલ પ્રોફેશનલ્સને તેમની રોજ રોજની પ્રેક્ટિશનો હિસાબ આપવાની ફરજ પાડવામાં આવી છે. ડૉક્ટર્સ, ડેન્ટિસ્ટ અને મેડિકલ પ્રેક્ટિશનર્સ આવકવેરાના કાયદા હેઠળ જાહેર કરવા પાત્ર આવક વ્યવસ્થિત જાહેર ન કરતાં હોવાની માન્યતાને આધારે નવું ફોર્મ દાખલ કરવામાં આવ્યું છે.

કરદાતાને આવક મેડિકલ પ્રેક્ટિશના માધ્યમથી થતી હશે તો તેમણે તેના રોજરોજની આવકને લગતા હિસાબો ફોર્મમાં ભરીને આવકવેરા કચેરીમાં ફરજિયાત રજૂ કરવા પડશે. આવકવેરાના નિષ્ણાતોનું કહેવું છે કે આ એક ફોર્મ નથી, પરંતુ ડૉક્ટર્સ, ડેન્ટિસ્ટ અને મેડિકલ પ્રેક્ટિશનર્સની રોજની આવકનો હિસાબ મેળવીને તેમને પાસે યોગ્ય આવકવેરો વસૂલ કરવા માટે આ સમગ્ર કવાયત ચાલુ કરી દેવામાં આવી છે.

ફોર્મ નંબર ૨૫માં રોજની રોકડની આવકનું રજિસ્ટર બની જશે. તેનો અર્થ એ થયો કે ડૉક્ટર્સ, ડેન્ટિસ્ટ અને મેડિકલ પ્રોફેશનલની ક્લિનિકમાં રોજ રોજ જે પ્રોફેશનલ કામગીરી થાય છે તેનો હિસાબ હવે આપવો પડશે. તેમની વાર્ષિક આવક રૂા. ૧૫૦ લાખથી વધારે થતી હોય તો તેમણે આ ફોર્મમાં તેમની તમામ વિગતો આપવી પડશે. તેમાં તારીખ, કેસ નંબર, પેશન્ટનું નામ, પેશન્ટે કેટલી ફી ચૂકવી હોય તો તેની વિગતો ફોર્મ નંબર ૨૫માં આપવી પડશે. તમ જ દરદીને કેવા પ્રકારની સ ર્વિસ આપી છે અનિ તેને માટે કેટલી ફી લીધી છે અનિ કેટલી ફી વાસ્તવમાં મળી છે તેની વિગતો આપવી પડશે. આવક કઈ તારીખે થઈ તેની વિગતો આપવામાં આવશે.

# આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ નિમિત્તે સાબરમતી ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં રક્તદાન શિબિરનું આયોજન

અમદાવાદ | આંતરરાષ્ટ્રીય નર્સ દિવસના અવસરે તા. 12 મે 2026ના રોજ સાબરમતી ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં સર્વોદય બ્લડ બેંકના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડૉ. ભાનુમતિ શેખર, સહાયક મુખ્ય ચિકિત્સા અધિક્ષક (પ્રશાસન) તેમજ વરિષ્ઠ અને કનિષ્ઠ નર્સિંગ સ્ટાફ દ્વારા દીપ પ્રજ્વલન તથા ફ્લોરેન્સ નાઈટિંગેલના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવ્યો હતો.રક્તદાન શિબિરને



હોસ્પિટલના કર્મચારીઓ અને રક્તદાતાઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. શિબિર દરમિયાન કુલ 43 યુનિટ રક્ત સફળતાપૂર્વક એકત્રિત કરવામાં આવ્યું હતું.સમારોહ દરમિયાન ટૂંક સમયમાં નિવૃત્ત થનાર શ્રીમતી મીનાક્ષી પરમાર અને શ્રીમતી શર્મિષ્ઠાને હોસ્પિટલમાં તેમની સમર્પિત સેવાઓ અને ઉત્કૃષ્ટ યોગદાન બદલ "બેસ્ટ નર્સ" પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આંતરરાષ્ટ્રીય નર્સ દિવસના સમારોહમાં સાબરમતી ડિવિઝનલ રેલવે હોસ્પિટલના તમામ નર્સિંગ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ બાદ પુરસ્કાર વિતરણ સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.પુરસ્કારોનું વિતરણ સહાયક નર્સિંગ અધિકારી શ્રીમતી જેબા રહમાન શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ નર્સિંગ સ્ટાફના અમૂલ્ય યોગદાન પ્રત્યે સન્માન, ટીમ ભાવના અને ઉત્સાહ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# અમદાવાદ ડિવિઝન રેલ્વે સ્ટેશનો પર લાસ્ટ-માઇલ કનેક્ટિવિટીને નવી ગતિ મળી...

અમદાવાદ | પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને સીમલેસ ફર્સ્ટ-અને-લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાના હેતુથી એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલ હેઠળ, રેપિડો અને ઉબેર સાથે વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા મુખ્ય રેલ્વે સ્ટેશનો પર સંકલિત ગતિશીલતા સેવાઓ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે.

આ પહેલના ભાગ રૂપે, સાબરમતી રેલ્વે સ્ટેશન પર ભારતનો પ્રથમ 'રેપિડો ટ્રાવેલર્સ લાઉન્જ' સ્થાપિત કરવામાં આવ્યો છે, જે મુસાફરોને આધુનિક, અનુકૂળ અને મુશ્કેલી-મુક્ત મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે. આ સુવિધા દ્વારા, મુસાફરોને વર્ચ્યુઅલી શૂન્ય રાહ જોવાના સમય સાથે કનેક્ટિવિટી, સમર્પિત પેસેન્જર લાઉન્જ, જમીન પર સહાય અને નવા વપરાશકર્તાઓ માટે મફત પ્રથમ રાઈડ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

તે જ રીતે, અમદાવાદ જંકશન રેલ્વે સ્ટેશન પર 'ઉબેર મેનેજ્ડ ટ્રાન્ઝિટ હબ' પણ શરૂ કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય મુસાફરોની અવરજવરને વધુ સુવ્યવસ્થિત, અનુકૂળ અને આરામદાયક બનાવવાનો છે. આ હબમાં સમર્પિત ઉબેર સહાય કિઓસ્ક, ઓન ગ્રાઉન્ડ સપોર્ટ સ્ટાફ, ફૂટ ઓવર બ્રિજ (FOB) સાથે સીધો જોડાયેલ એલિવેટેડ પાર્કિંગ ઝોન અને દરરોજ 1.10 લાખથી વધુ મુસાફરો માટે સંગઠિત બોર્ડિંગ મેનેજમેન્ટ જેવી સુવિધાઓ છે.

સપ્ટેમ્બર 2025 થી, આ સિસ્ટમમાં 10 લાખથી વધુ કેબ બુકિંગ નોંધાયા છે, જે સકારાત્મક મુસાફરોના પ્રતિસાદ અને આ પહેલની એકંદર સફળતાને પ્રતિબિંબિત કરે છે.

# સાબરમતી રેલ્વે સ્ટેશનનો કાયાકલ્પ: DRM વેદ પ્રકાશે બુલડોઝર ચલાવી 'હોલ્ડિંગ એરિયા'નું કર્યું ભૂમિપૂજન

અમદાવાદ | સાબરમતી રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ અને ભીડ વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, આજે અત્યાધુનિક, બે માળના 'હોલ્ડિંગ એરિયા' ના નિર્માણ માટે *ભૂમિપૂજન* (ભૂમિપૂજન સમારોહ) યોજાયો હતો. આ પ્રસંગે, ડિવિઝનલ રેલ્વે મેનેજર (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે વ્યક્તિગત રીતે બુલડોઝર ચલાવીને પ્રોજેક્ટ કાર્યનું પ્રતીકાત્મક ઉદ્ઘાટન કર્યું. કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ, અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી, શ્રી અશ્વિની વૈષ્ણવે, દેશભરના વિવિધ રેલ્વે સ્ટેશનો પર 76 પેસેન્જર હોલ્ડિંગ એરિયા વિકસાવવાની યોજનાને મંજૂરી આપી છે. નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર વિકસિત હોલ્ડિંગ એરિયાની સફળતા બાદ, આ આધુનિક સુવિધા હવે સાબરમતી સ્ટેશન પર પણ વિકસાવવામાં આવી રહી છે.પ્રોજેક્ટ અંગે વિગતો આપતાં, ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે



સાબરમતી સ્ટેશન પર પુનઃવિકાસનું કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ પહેલના ભાગ રૂપે, સ્ટેશન પરિસરમાં આશરે 8,000 ચોરસ મીટરનો એક વિશાળ બે માળનો હોલ્ડિંગ એરિયા વિકસાવવામાં આવશે, જેમાં દરેક ફ્લોર 4,000 ચોરસ મીટરના વિસ્તારને આવરી લેશે.તેમણે વધુમાં સમજાવ્યું કે આ આધુનિક હોલ્ડિંગ એરિયામાં આશરે 8,000 થી 10,000 મુસાફરોને સમાવવાની ક્ષમતા હશે. આ સુવિધા મુસાફરોની અવરજવર અને વ્યવસ્થાપનને નોંધપાત્ર રીતે સુવ્યવસ્થિત કરશે, ખાસ કરીને ભારે ભીડવાળા સમયગાળા દરમિયાન - જેમ કે હોળી, દિવાળી, છઠ પહેલાના દિવસો અને ખાટુ શ્યામ જેવા ધાર્મિક સ્થળો માટે યાત્રાધામની મોસમ દરમિયાન. નવનિર્મિત હોલ્ડિંગ એરિયા મુસાફરો માટે આવશ્યક સુવિધાઓથી સજ્જ હશે, જેમાં આરામદાયક બેઠક વ્યવસ્થા, સ્વચ્છ પીવાનું પાણી, નાસ્તા કેન્દ્રો અને પુરુષો, સ્ત્રીઓ અને અપંગ વ્યક્તિઓ માટે અલગ શૌચાલય સુવિધાઓનો સમાવેશ થાય છે. મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા અને સરળ હિલચાલને સરળ બનાવવા માટે, સ્ટેશન પર અત્યાધુનિક સિસ્ટમો વિકસાવવામાં આવી રહી છે. ટિકિટ-ચેકિંગ રૂટ પર પ્રતિબંધિત વસ્તુઓ શોધવા માટે રચાયેલ આધુનિક લગેજ સ્કેનર અને વિશિષ્ટ ઉપકરણો સ્થાપિત કરવામાં આવશે. વધુમાં, પ્લેટફોર્મ અને છત પ્લાઝા સુધી સરળતાથી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પૂરતી સંખ્યામાં એસ્કેલેટર, લિફ્ટ અને સીડીઓ પૂરી પાડવામાં આવશે. વધુમાં, એક નવો ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, જે હોલ્ડિંગ એરિયાને સીધો જોડાણ પૂરો પાડશે, જેનાથી મુસાફરોને તેમની અવરજવર દરમિયાન વધુ સુવિધા મળશે.આ પ્રસંગે ચીફ પ્રોજેક્ટ મેનેજર શ્રી સંજીવ કુમાર, DGM શ્રી અર્પણ અવસ્થી, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અનુ ત્યાગી, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (કોઓર્ડિનેશન) શ્રી વૈભવ સકલેચા અને સિનિયર ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રી અંશુમન ત્રિપાઠી, રેલ્વે અને RLDA ના અન્ય અધિકારીઓ અને સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.

## 15 મે થી વટવા-મુંબઈ સેન્ટ્રલ એસી સ્પેશિયલનું સંચાલન મણિનગરથી થશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને વટવા-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનું સંચાલન મણિનગર સ્ટેશનથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે ટ્રેન નંબર 09082/09081 મણિનગર-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર 09082 મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દરેક શુક્રવારે મણિનગરથી 22:40 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:10 વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન 15 મે, 2026 થી 26 જૂન, 2026 સુધી ચાલશે. તે જ રીતે, ટ્રેન નંબર 09081 મુંબઈ સેન્ટ્રલ-મણિનગર સ્પેશિયલ દરેક ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી 23:20 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:25 વાગ્યે મણિનગર પહોંચશે. આ ટ્રેન 14 મે, 2026 થી 25 જૂન, 2026 સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન વટવા સ્ટેશન પર રોકાશે નહીં. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ભૂતકાળમાં સંકટ સમયે લાલ બહાદુર શાસ્ત્રીજીએ પહેલે પોતે પાલન કર્યું, પછી જનતાને અપીલ કરી હતી: ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીએ જનતાને અપીલ કરી છે કે સોનું ઓછું ખરીદો, પેટ્રોલ-ડીઝલનો ઓછો ઉપયોગ કરો અને સરકારી મેટ્રો, ટ્રેન અને બસ જેવી જાહેર પરિવહન સેવાઓનો વધુ ઉપયોગ કરો, કારણ કે દેશ આર્થિક સંકટની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. દેશ પર અગાઉ પણ સંકટ આવ્યા છે, પરંતુ આ પ્રકારની અપીલો ભાગ્યે જ કરવામાં આવી છે. પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીજીએ પણ એક વખત દેશને અનાજ બચાવવા અપીલ કરી હતી, પરંતુ તે પહેલાં તેમણે પોતે અને પોતાના પરિવારે તેનો અમલ કર્યો હતો. આજે સરકાર જનતાને બચત અને કાપ મૂકવાની સલાહ આપે છે, પરંતુ પહેલા સરકારે પોતાના ખર્ચાઓમાં ઘટાડો કરવો જોઈએ. મોટા મોટા વિમાનો, ભવ્ય રેલીઓ અને બિનજરૂરી ખર્ચામાં કાપ મૂકવાની શરૂઆત સરકાર અને શાસકો દ્વારા



થવી જોઈએ. AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકાર બાદ અધિકારીઓ અને મોટા ઉદ્યોગપતિઓએ પણ દેશહિત માટે પોતાના ખર્ચામાં ઘટાડો કરવો જોઈએ. સામાન્ય અને મધ્યમ વર્ગ પર જ હંમેશા બોજો મૂકવામાં આવે છે. દેશમાં સામાજિક પરંપરાઓ મુજબ લગ્ન અને સગાઈમાં સોનાનું મહત્વ છે, ત્યારે સામાન્ય લોકો માટે સોનું સંપૂર્ણપણે ખરીદવાનું બંધ કરવું સરળ નથી. જનતા દેશ માટે ત્યાગ કરવા તૈયાર છે, પરંતુ સરકાર, અધિકારીઓ અને ઉદ્યોગપતિઓએ પણ સમાન જવાબદારી નિભાવવી જોઈએ. પ્રધાનમંત્રીએ દેશની આર્થિક સ્થિતિ અંગે સ્પષ્ટતા પણ કરવી જોઈએ કે દેશ કઈ સ્થિતિમાં છે અને વર્ષો સુધી શાસન કર્યા પછી આવી પરિસ્થિતિ કેમ સર્જાઈ છે. જનતા સરકારની અપીલનું પાલન કરવા તૈયાર છે, પરંતુ સરકાર અને શાસકો પણ પોતાના જીવનમાં કાપ મૂકે તેવી જનતાની લાગણી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સુરતના માંડવી તાલુકાના વાકલ ગામની દુર્ઘટના, એક જ પરિવારના ચાર પિતરાઈ ભાઈઓ ગરકાવ થતા શોક

# કાકરાપાર ડેમમાં ડૂબવાથી 4 ભાઈઓના મોતથી પરિવાર પર આભ તૂટ્યું

(એજન્સી) સુરત । તા. 12



દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં એક ભયાનક જળ દુર્ઘટના સર્જાઈ છે, જેમાં એક જ પરિવારના ચાર આશાસ્પદ યુવાનોના કરુણ મોત નિપજ્યા છે. માંડવી તાલુકાના વાકલ ગામે કાકરાપાર ડેમમાં ડૂબવાથી ચાર ભાઈઓના મોતની આ ઘટનાએ પંથકભરમાં અરેરાટી ફેલાવી દીધી છે. પશુઓને પાણી પીવડાવવા ગયેલા એક ભાઈને બચાવવાની લ્હાયમાં અન્ય ત્રણ ભાઈઓએ પણ પોતાના જીવ ગુમાવ્યા છે. ચૌધરી પરિવારના ચાર કમાઉ દીકરાઓના અકાળે અવસાનથી સમગ્ર ગામમાં માતમ છવાયો છે અને પરિવારજનોના આક્રંદથી પથ્થર દિલના માનવીની આંખો પણ ભીની થઈ ગઈ છે.

સ્થાનિક સૂત્રો અને માંડવી પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર, આ હૃદયદ્રાવક ઘટના ૧૧ મેના રોજ બપોરના સુમારે બની હતી. વાકલ ગામનો એક યુવાન પોતાના પશુઓને લઈને કાકરાપાર ડેમના હેઠવાસના ભાગમાં પાણી પીવડાવવા માટે ગયો હતો. ડેમ પાસે પથ્થરો પર સેવાળ હોવાને કારણે અચાનક તેનો પગ લપસ્યો હતો અને તે જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સાંજ સુધી આ યુવાન ઘરે પરત ન ફરતા પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

જ્યારે પહેલો યુવાન ઘરે ન પહોંચ્યો ત્યારે તેને શોધવા માટે પરિવારના અન્ય ત્રણ પિતરાઈ ભાઈઓ ડેમ પર દોડી ગયા હતા. ડેમની પાળ પર ભાઈના કપડાં અને પગરખાં જોઈને તેમને અંદાજ આવી ગયો હતો કે તેમનો ભાઈ પાણીમાં ડૂબ્યો છે. ભ્રાતૃપ્રેમમાં આંધળા બનેલા ત્રણેય ભાઈઓએ ઊંડા પાણી અને વહેણનો વિચાર કર્યા વગર એકપછી એક પાણીમાં ઝંપલાવ્યું હતું. પરંતુ વિધિની વક્રતા તો જુઓ, જે ભાઈને બચાવવા તેઓ ગયા હતા તેની સાથે આ ત્રણેય ભાઈઓ પણ કાળના ખપ્પરમાં હોમાઈ ગયા હતા. પાણીના તેજ પ્રવાહ અને ઊંડાઈને કારણે ચારેય ભાઈઓ જળસમાધિ પામ્યા હતા.

આ ભયાનક દુર્ઘટનાની જાણ થતાં જ માંડવી પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ગત સાંજે અંધારું થઈ જવાથી શોધખોળ કામગીરીમાં અવરોધ આવ્યો હતો, પરંતુ આજે ૧૨ મેના રોજ વહેલી સવારથી જ નગરપાલિકાના કુશળ તરવૈયાઓએ ઓપરેશન શરૂ કર્યું હતું. કલાકોની ભારે જહેમત અને જાળ બિછાવ્યા બાદ, એક પછી એક ચારેય યુવાનોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ સાહિલ જિતેન્દ્ર ચૌધરી, કોશિક જિતેન્દ્ર ચૌધરી, ગણેશ નાનસિંગ ચૌધરી અને પ્રવીણ બાલુ ચૌધરી તરીકે થઈ છે. આ ચારેય યુવાનો વાકલ ગામના ચૌધરી પરિવારના રત્નો હતા.

એક જ પરિવારના ચાર નવયુવાનોની નનામી જ્યારે એકસાથે નીકળશે ત્યારે વાકલ ગામના રસ્તાઓ ડૂસકાંથી ગુંજી ઉઠશે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ ચારેય ભાઈઓ ખૂબ જ મહેનતુ અને મિલનસાર સ્વભાવના હતા. ગામના કમાઉ દીકરાઓ ગુમાવતા આખો ચૌધરી સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પશુઓને પાણી પીવડાવવા જવાની સામાન્ય બાબત આખા પરિવાર માટે કાળમુખી સાબિત થઈ છે.

આ ઘટના બાદ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ડેમ કે નદીના ઊંડા પાણીમાં ન જવા કડક સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ઉનાળાની સિઝનમાં પાણીનું સ્તર ઓછું હોવા છતાં ઊંડા ખાડાઓ અને કાદવ જીવલેણ સાબિત થઈ શકે છે. કાકરાપાર ડેમ વિસ્તારમાં પશુપાલકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## વેકેશનમાં પર્યાવરણ શિક્ષણઃ રાજકોટના બાળકોએ સ્ક્રીન ટાઈમની જગ્યાએ પસંદ કર્યો નેચર ટાઈમ



રાજકોટ | આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકો વેકેશનનો મોટાભાગનો સમય મોબાઈલ કે ટીવીની સ્ક્રીન સામે વિતાવે છે, ત્યારે રાજકોટમાં એક પ્રશંસનીય પહેલ જોવા મળી છે. રાજકોટની નેચર એન્ડ એડવેન્ચર ક્લબ દ્વારા બાળકોને સ્ક્રીન ટાઈમ છોડી 'નેચર ટાઈમ' આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત આ ક્લબ દ્વારા વેકેશનમાં પર્યાવરણ શિક્ષણ આપવા માટે 'પર્યાવરણની પાઠશાળા' શરૂ કરવામાં આવી છે, જેનો લાભ ૫૦૦૦થી વધુ બાળકો લઈ ચૂક્યા છે. અત્યાર સુધીની પરિસ્થિતિ અને નવી પેઢીની પર્યાવરણ પ્રત્યેની અજ્ઞાનતાને દૂર કરવા ક્લબના સુરેજા અને તેમની ટીમ કાર્યરત છે. ૯ થી ૧૨ વર્ષના બાળકોને વહેલી સવારે મિયાવાકી જંગલમાં લઈ જઈ પ્રકૃતિના તત્ત્વોનો પરિચય કરાવવામાં આવે છે. બાળકો માત્ર વૃક્ષોના નામ જ નહીં, પરંતુ તેના ઓષધીય ગુણો, પક્ષીઓની ખાસિયત, તેમના માળા બનાવવાની કલા અને બીજ સંગ્રહ જેવી મહત્વની બાબતો પ્રેક્ટિકલી શીખે છે. આ તાલીમ દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્યે આદર અને જાગૃતિ કેળવાઈ રહી છે.



## કાર અને ટેમ્પો ખાખ, ગોત્રીમાં ચાલુ કારમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ડ્રાઈવરનો બચાવ

(એજન્સી) વડોદરા । તા. 12

વડોદરા શહેરમાં વધતી ગરમીની સાથે વાહનોમાં આગ લાગવાના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ગઈકાલે મોડી રાત્રે વડોદરામાં વાહનોમાં આગ લાગવાની બે અલગ-અલગ ઘટનાઓ બની હતી, જેમાં એક કાર અને એક ટેમ્પો આગની લપેટમાં આવી ગયા હતા. વડોદરા ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને કારણે આગ પર કાબૂ મેળવી શકાયો હતો અને સદનસીબે બંને બનાવોમાં કોઈ જાનહાનિ થઈ નથી. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ગોત્રી રોડ પર આવેલી એક ખાનગી હોસ્પિટલ પાસે એક ચાલતી કારમાં અચાનક ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. સમયસૂચકતા વાપરીને કાર ચાલક તુરંત બહાર નીકળી ગયો હતો, જે બાદ જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. સ્થાનિક લોકોના પ્રાથમિક પ્રયાસો નિષ્ફળ રહેતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી, જેમણે પાણીનો મારો ચલાવી આગ શાંત કરી હતી. બીજો બનાવ વડોદરા નજીક મંજુસર રોડ પર મધરાતે બન્યો હતો. એક માલવાહક ટેમ્પોમાં અચાનક ભીષણ આગ લાગતા સમગ્ર વાહન લપેટાયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે.

## એકતાનગર ખાતે કેન્દ્રીય મંત્રીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ધન્યતા અનુભવી

(એજન્સી) રાજપીપળા । તા. 12

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા એકતાનગર ખાતે આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળામાં સહભાગી થયેલા કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી શ્રી સુરેશ ગોપીએ મંગળવારે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લીધી હતી. બંને મંત્રીઓએ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી અને આ સ્થળને રાષ્ટ્રભક્તિનું મહાન પ્રતીક ગણાવ્યું હતું.

અત્યાર સુધીની પરિસ્થિતિ અને એકતાનગરના વિકાસને જોતા બંને મંત્રીઓ વ્યુઈંગ ગેલેરી સુધી પહોંચ્યા હતા. ત્યાંથી તેમણે નર્મદા ડેમ અને આસપાસની અરવલ્લી-વિંધ્યાચલ ગિરિમાળાઓના મનોહર દ્રશ્યોનું અવલોકન કર્યું હતું. મંત્રીઓએ એકતાનગરમાં વિકસિત થયેલી વિશ્વસ્તરીય પર્યટન સુવિધાઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે વિઝિટર બુકમાં પોતાના ભાવ વ્યક્ત કરતા લખ્યું કે, આ પ્રતિમા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માધ્યમથી કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી અર્પિત થયેલું શ્રદ્ધાસુમન છે.

માધ્યમો સાથેના સંવાદમાં શ્રી શેખાવતે જણાવ્યું હતું કે, આઝાદી પછી વિખરાયેલા રજવાડાઓને એક તાંતણે બાંધવાનું અશક્ય કાર્ય સરદાર સાહેબની દુરદર્શિતા અને ઈચ્છાશક્તિને કારણે જ શક્ય બન્યું છે. આજે ૧૪૦ કરોડ ભારતીયો ગૌરવથી પોતાની ઓળખ આપી શકે છે તેની પાછળ સરદાર સાહેબનું લોહી-પરસેવો છે. તેમણે ઉમેર્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર એક પ્રવાસન સ્થળ નથી, પરંતુ તે દેશની અખંડિતતાનું જીવંત પ્રતીક છે. કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી શ્રી સુરેશ ગોપીએ જણાવ્યું હતું કે, અહીં આવીને તેઓ ગૌરવ અનુભવી રહ્યા છે. તેમણે દરેક ભારતીયને જીવનમાં એકવાર આ પ્રેરણાભૂમિની મુલાકાત લેવા આહ્વાન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ વન સંરક્ષક શ્રી પ્રસાદ રવિ રાધાકૃષ્ણએ મંત્રીઓનું સ્વાગત કરી સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટમાં આપી હતી.



## SVIT વાસદમાં આધુનિક ટેક્નોલોજી પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

(એજન્સી) વાસદ । તા. 12

વાસદ સ્થિત પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVIT) ના કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ દ્વારા તાજેતરમાં ટેક્નોલોજી ક્ષેત્રના અત્યાધુનિક વિષયો પર વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થા દ્વારા "Advances in Cloud, Fog, and AI: Technologies, Trends, and Applications" વિષય પર એક સપ્તાહ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતભરની વિવિધ ઈજનેરી સંસ્થાઓમાંથી આશરે ૪૦ જેટલા અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અત્યાર સુધીની પરિસ્થિતિ અને ટેક્નોલોજીના બદલાતા પ્રવાહને ધ્યાનમાં રાખીને, આ FDP નું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ ડૉ. અમિત ગણાત્રા (ડીન, FET, CVM યુનિવર્સિટી) ના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેના સેતુ સમાન આ વિષયો પર પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ યુનિવર્સિટીઓ અને આઈટી ઉદ્યોગના ૧૫ થી વધુ વિષય નિષ્ણાતોએ ક્લાઉડ કમ્પ્યુટિંગ, જનરેટિવ AI, Docker, Kubernetes અને AWS જેવા પ્લેટફોર્મ્સ પર ઊંડાણપૂર્વક લેક્ચર્સ અને હેન્ડ્સ-ઓન સત્રો લીધા હતા.

આ ઓફલાઈન કાર્યક્રમનો મુખ્ય હેતુ ભાગલેદારોને માત્ર સૈદ્ધાંતિક જ નહીં પરંતુ પ્રાયોગિક જ્ઞાન આપવાનો હતો. કાર્યક્રમમાં NLP આધારિત AI-Ops, IoT અને ફોગ ઈન્ટિગ્રેશન તેમજ ક્લાઉડ સિક્યુરિટી જેવા જટિલ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.

## વડાપ્રધાનનો રોડ શો અને હાલાકીઃ એરપોર્ટના મુસાફરોને સામાન સાથે ચાલવું પડ્યું



વડોદરા | વડોદરાના હરણી રોડ વિસ્તારમાં વડાપ્રધાનના ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ સુરક્ષા અને તૈયારીઓના અતિરેકમાં સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વડાપ્રધાનનો રોડ શો અને હાલાકીના દ્રશ્યો વહેલી સવારથી જ એરપોર્ટ અને આસપાસના વિસ્તારોમાં જોવા મળ્યા હતા. સુરક્ષાના કારણોસર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકાતા અનેક લોકો અટવાઈ પડ્યા હતા. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, રોડ શો શરૂ થાય તે પહેલા જ એરપોર્ટ તરફ જતા વાહનોની એન્ટ્રી અચાનક બંધ કરી દેવામાં આવી હતી. આના કારણે એરપોર્ટ જઈ રહેલા અનેક મુસાફરોને પોતાનો ભારે સામાન ઉંચકીને લાંબા અંતર સુધી ચાલતા જવું પડ્યું હતું. ફ્લાઈટ પકડવાની ઉતાવળમાં રહેલા મુસાફરોમાં આ આયોજન સામે ભારે રોષ જોવા મળ્યો હતો. હરણી રોડ પર ચુસ્ત બેરિકેડિંગ કરવામાં આવ્યું હોવાથી રોડ શો પૂર્વે એક એમ્બ્યુલન્સ પણ ટ્રાફિકમાં અટવાઈ પડી હતી. જોકે, ત્યાં હાજર લોકોએ ત્વરિત રસ્તો કરી આપ્યો હતો અને પોલીસે સમયસૂચકતા વાપરીને બેરિકેડ્સ ખસેડી એમ્બ્યુલન્સને રસ્તો કરી આપ્યો હતો.

### ભીમનગરમાં ગેરકાયદે મિલકતો પર બુલડોઝર ફરી વળ્યું

## રાજકોટ મહાનગરપાલિકા ડિમોલિશન ઝુંબેશ ભીમનગરમાં 33 મકાનો ખાખ



(એજન્સી) રાજકોટ । તા. 12

રંગીલા રાજકોટમાં જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોને નડતરરૂપ ગેરકાયદે બાંધકામો સામે રાજકોટ મહાનગરપાલિકાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આજે ૧૨ મેના રોજ વહેલી સવારથી જ શહેરના ભીમનગર વિસ્તારમાં રાજકોટ મહાનગરપાલિકા ડિમોલિશન ઝુંબેશ અંતર્ગત મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા હાથ ધરાયેલી આ કડક કાર્યવાહીમાં કુલ ૩૩ જેટલી ગેરકાયદે મિલકતોને જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. આ ઓપરેશનને પગલે શહેરના અન્ય દબાણકર્તાઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

રાજકોટના ભીમનગર વિસ્તારમાં લાંબા સમયથી સરકારી જમીન પર ગેરકાયદે દબાણો વધી રહ્યા હોવાની અને જાહેર માર્ગો પર અવરોધ ઉભો થતો હોવાની ફરિયાદો મનપાના કમિશનર સુધી પહોંચી હતી. જેની ગંભીરતાને ધ્યાને લઈને ટાઉન પ્લાનિંગ વિભાગ (TP) ની ટીમ આજે સૂર્યોદય પહેલા જ જેસીબી અને તોતિંગ બુલડોઝરોના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વહીવટી તંત્રની આ ઓચિંતી કાર્યવાહીથી દબાણકર્તાઓને સામાન ખસેડવાની પણ તક મળી નહોતી. મનપાના ઈજનેરો અને અધિકારીઓની હાજરીમાં એક પછી એક ૩૩ કાચા-પાકા બાંધકામો પર જેસીબીના પંજા ફરી વળ્યા હતા. ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અથવા સ્થાનિક રહેવાસીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરીને કામગીરીમાં અવરોધ ન નાખવામાં આવે તે માટે તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મનપાની પોતાની વિજિલન્સ શાખા ઉપરાંત સ્થાનિક પોલીસ સ્ટેશનનો મોટો કાફલો ઘટનાસ્થળે તૈનાત રહ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કેટલાક લોકોએ શરૂઆતમાં વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને મનપાના મક્કમ વલણ આગળ તેમનું કંઈ ચાલ્યું નહોતું. સમગ્ર કામગીરી કોઈપણ મોટા ઘર્ષણ વગર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

ભીમનગર વિસ્તારમાં આ ગેરકાયદે મિલકતોને કારણે રસ્તાઓ અત્યંત સાંકડા થઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર અને રાહદારીઓને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ડિમોલિશન બાદ કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગની કાર્યવાહીને કારણે હવે આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હલ થશે અને ભવિષ્યમાં રોડ કટીંગ કે અન્ય વિકાસલક્ષી કામોમાં સરળતા રહેશે.

રાજકોટમાં ભૂમાફિયાઓ અને ગેરકાયદે બાંધકામ કરનારા તત્વો સામે આ એક કડક સંદેશ સમાન છે.

### લક્ષ્મીપુરા એમજીવીસીએલ કચેરી પર હોબાળો : ગરમીમાં વીજળી ગુલ થતા રહીશો પરેશાન અને અંધારપટ

# વડોદરામાં વીજ કાપ અને લોકોનો આક્રોશ કચેરીમાં સૂઈ જઈ વિરોધ

(એજન્સી)વડોદરા। તા. 12

સંસ્કારી નગરી વડોદરામાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે વીજ કંપનીની અણઘડ કામગીરી સામે જનતાનો રોષ ફાટી નીકળ્યો છે. વડોદરામાં વીજ કાપ અને લોકોનો આક્રોશ અત્યારે ચરમસીમાએ છે, ખાસ કરીને ગોત્રી વિસ્તારના રહીશોએ વીજ સમસ્યાથી કંટાળીને ગઈકાલે મોડી રાત્રે એમજીવીસીએલની કચેરીને બાનમાં લીધી હતી. ગોકુલ નગર, શિવમ નગર અને કુંભારવાડા જેવા વિસ્તારોમાં વારંવાર વીજળી ગુલ થઈ જવાની સમસ્યાને કારણે લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. તંત્રના બહેરા કાને રજૂઆત પહોંચાડવા માટે લોકોએ કચેરીમાં જ સૂઈ જઈને અનોખો વિરોધ પ્રદર્શન કર્યો હતો.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા શિવમ નગરમાં ગઈકાલે સવારથી જ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઉનાળાના ધગધગતા તડકામાં પંખા અને એસી વગર ઘરમાં રહેવું અશક્ય બની જતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં વીજળીના લો-વોલ્ટેજ અને અચાનક પાવર કટની સમસ્યા વધી ગઈ છે. વારંવાર રજૂઆતો કરવા છતાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા કોઈ નક્કર ઉકેલ ન લાવવામાં આવતા રહીશોનો સંયમ ખૂટ્યો હતો.

વીજળી ન આવતા રોષે ભરાયેલા સેંકડો રહીશો લક્ષ્મીપુરા પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચ્યા હતા. ત્યાં હાજર અધિકારીઓ અને કર્મચારીઓ સામે લોકોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે કચેરીમાં ફોન કરવા છતાં કોઈ ઉપાડતું નથી અથવા તો ઉડાઉ જવાબો આપીને ફોન કાપી નાખવામાં આવે છે. "જ્યાં સુધી લાઈટ નહીં આવે ત્યાં સુધી અમે અહીંથી નહીં હલીએ" તેવી ચીમકી સાથે લોકોએ કચેરીની લોબીમાં જ ધામો નાખ્યો હતો.



ગરમીમાં વીજળી ગુલ થતા રહીશો પરેશાન થઈ ગયા હોવાથી કેટલાક વૃદ્ધો અને યુવાનો કચેરીના ફ્લોર પર જ ચાદર પાથરીને સૂઈ ગયા હતા. આ દ્રશ્યોએ વીજ કંપનીની પોલ ખોલી નાખી હતી. રહીશોનું કહેવું છે કે લક્ષ્મીપુરા સબ સ્ટેશન કાર્યરત થયા પછી જ આ સમસ્યામાં વધારો થયો છે. અમુક ઘરોમાં વીજળી હોય છે જ્યારે તેની બાજુના જ ઘરોમાં અંધારપટ રહે છે, જે તકનીકી ખામી અને વીજ કંપનીની બેદરકારી સૂચવે છે. મોડી રાત સુધી ચાલેલા આ ડ્રામાને કારણે વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓને દોડતા થવું પડ્યું હતું.

ઉનાળામાં વીજ વપરાશ વધવાને કારણે ટ્રાન્સફોર્મર પર લોડ વધવાથી આવી સમસ્યાઓ સર્જાય છે. જોકે, મીડિયા અહેવાલ મુજબ, પ્રિ-મોન્સૂન કામગીરીના નામે અગાઉથી વીજ કાપ લેવા છતાં વાસ્તવિક ગરમીમાં તંત્ર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. નાના બાળકો અને બીમાર વૃદ્ધો માટે વીજળી વગરની રાત વિતાવવી કષ્ટદાયક બની રહી છે. રહીશોએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો તેઓ વધુ ઉગ્ર આંદોલન કરશે અને વીજ બિલ ભરવાનો પણ બહિષ્કાર કરી શકે છે. હોબાળાને પગલે ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ કાફલા અને વીજ અધિકારીઓએ લોકોને શાંત પાડવા પ્રયાસ કર્યા હતા. અધિકારીઓએ તકનીકી ખામીનું બહાનું ધરીને વહેલી તકે પુરવઠો પૂર્વવત કરવાની ખાતરી આપી હતી.

### લાલબાગ રોયલ મેળામાં મારામારીઃ

## જલપરી સેક્શનમાં પ્રવેશ મુદ્દે મુલાકાતીઓ અને સિક્યુરિટી વચ્ચે જંગ

(એજન્સી) વડોદરા । તા. 12

શહેરના લાલબાગ બ્રિજ પાસે આયોજિત રોયલ મેળામાં ગઈકાલે રાત્રે ભારે હોબાળો મચ્યો હતો. મેળાના લોકપ્રિય 'જલપરી સેક્શન'માં પ્રવેશના નિયમોના ભંગ મુદ્દે મુલાકાતીઓ અને મહિલા સિક્યુરિટી ગાર્ડ વચ્ચે બોલાચાલી થયા બાદ રોયલ મેળામાં મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનાને પગલે મેળામાં ફરેલા હજારો મુલાકાતીઓમાં ગભરાટ અને ઉત્તેજના ફેલાઈ ગઈ હતી, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે અંતે ૧૧૨ પોલીસ ટીમની મદદ લેવી પડી હતી.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પાદરા અને વડોદરાના એક પરિવારના આશરે ૧૫ સભ્યો મેળાની મુલાકાતે આવ્યા હતા. મુલાકાતી પરવીનબેનનો આક્ષેપ છે કે, તેમના બે બાળકો અંદર રહી ગયા હોવાથી તેમને લેવા 'નો એન્ટ્રી'ના રસ્તેથી જઈ રહ્યા હતા ત્યારે સિક્યુરિટીના પાંચ-છ લોકોએ મહિલાઓ સાથે ઝપાઝપી કરી પાઈપ વડે હુમલો કર્યો હતો. બીજી તરફ, મહિલા સિક્યુરિટી ગાર્ડ મનીષા



રાણાનું કહેવું છે કે, આ ટોળાએ નિયમોનું ઉલ્લંઘન કરી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો અને રોકવા જતાં ગાળાગાળી કરી હુમલો કર્યો હતો, જેના બચાવમાં અન્ય ગાર્ડ્સે વચ્ચે પડવું પડ્યું હતું. રોયલ મેળાના સંચાલકો હેમરાજ મરે અને હિતેશભાઈએ જણાવ્યું હતું કે, ટોળાએ માત્ર મારામારી જ નથી કરી પરંતુ મેળો બંધ કરાવી સળગાવી નાખવાની પણ ધમકી આપી હતી. મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ જતાં અને પરિસ્થિતિ તંગ બનતા મેળાનું સંચાલન ખોરવાયું હતું.

### વડોદરામાં વીજકરંટથી મોત

## ઓફિસમાં કામ કરતા ઈન્ટિરિયર ડિઝાઈનરે જીવ ગુમાવ્યો

(એજન્સી) વડોદરા । તા. 12

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પોતાની ઓફિસમાં કામ કરી રહેલા ૩૬ વર્ષીય ઈન્ટિરિયર ડિઝાઈનર યુવકનું કરંટ લાગવાને કારણે મોત નીપજ્યું છે. વડોદરામાં વીજકરંટથી મોતની આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. કારેલીબાગ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, કારેલીબાગની ધવલ પાર્ક સોસાયટીમાં રહેતા રોનક ગિરીશકુમાર શાહ (ઉં.વ. ૩૬) પ્રોફેશનલ ઈન્ટિરિયર ડિઝાઈનર હતા. તેમની ઓફિસ મુક્તાનંદ પાસે સ્વપ્ન લોક એપાર્ટમેન્ટમાં આવેલી છે. ગઈકાલે રોનક ઓફિસે ગયા બાદ પરિવારજનો તેમને ફોન કરી રહ્યા હતા, પરંતુ લાંબા સમય સુધી ફોન રિસીવ ન થતા પિતા ગિરીશકુમાર તપાસ કરવા ઓફિસે પહોંચ્યા હતા. ઓફિસમાં અંદર પ્રવેશતા જ પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે તેમનો પુત્ર જમીન પર નિષ્પ્રાણ હાલતમાં પડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ઓફિસમાં ઈલેક્ટ્રિકના બોર્ડ ખુલ્લી હાલતમાં હતા. શક્યતા છે કે કામ કરતી વખતે રોનકનો હાથ અકસ્માતે આ ખુલ્લા વાયરો કે બોર્ડના સંપર્કમાં આવી ગયો હોય. પોલીસનું કહેવું છે કે પ્રાથમિક રિપોર્ટ મુજબ મોતનું કારણ વીજકરંટ જ છે, પરંતુ સત્ય જાણવા માટે વિસેરા તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મૃતક યુવાનના પત્ની છેલ્લા બે મહિનાથી પિયર હોવાનું પણ જાણવા મળ્યું છે.

વડોદરામાં વીજકરંટથી મોતની વધતી ઘટનાઓ વચ્ચે ઈલેક્ટ્રિકલ નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે ઓફિસ કે ઘરમાં વાયરિંગમાં સહેજ પણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે. ખાસ કરીને ચોમાસા પૂર્વે કે ગરમીના દિવસોમાં શોર્ટ સર્કિટનું જોખમ રહેતું હોય છે, ત્યારે ખુલ્લા બોર્ડ તુરંત રિપેર કરાવવા જોઈએ.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**મિથુન : ક. છ. ઘ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે.

**કર્ક : ડ. હ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**સિંહ : મ. ટ.**

માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**તુલા : ર. ત.**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**મકર : ખ. જ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે.

અજેરીયા વાંઢ પાસે ગ્રામજનોનો આક્રોશ

## ઓવરલોડ મીઠાના વાહનોને ગામલોકોએ પાછા વાળ્યા, અકસ્માતોના ભયથી લોકોમાં રોષ



| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

હાજીપીર તરફથી ભુજ તરફ જતા ઓવરલોડ મીઠાના વાહનો સામે ગ્રામ્ય વિસ્તારોમાં હવે લોકોનો રોષ ઉગ્ર બનતો જઈ રહ્યો છે. અજેરીયા વાંઢ ખાતે આજે ગામલોકોએ એકત્રિત થઈ ઓવરલોડ મીઠાના અનેક વાહનોને પાછા વાળી દીધા હતા.માહિતી મુજબ હાજીપીર હોટલ પાસેથી રણ માર્ગે આવતા ભારે મીઠાના વાહનો ફુલાય, છારી, પૈયા, જતાવીરા અને વિરાણી મોટી તરફ પસાર થઈ ભુજ તરફ જતા હોય છે. સિંગલ પટ્ટી રોડ પર ભારે વાહનોની સતત અવરજવરથી નાના વાહનચાલકો, ખેડૂતો અને માલધારીઓ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.ગ્રામજનોએ જણાવ્યું હતું કે ઓવરલોડ વાહનોના કારણે વારંવાર અકસ્માતોની ભીતિ રહે છે તેમજ પશુધન અને ખેતીને પણ નુકસાન પહોંચે છે. રસ્તાઓની હાલત પણ દિવસેને દિવસે બગડી રહી હોવાથી લોકોમાં ભારે રોષ ફેલાયો છે.આ મામલે માહિતી આપતા હાજીપીરના ડૉ. ઉમેશ આચાર્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય રસ્તાઓ પર બેફામ દોડતા ઓવરલોડ વાહનો સામે તંત્રએ તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી બની છે. લોકોની સુરક્ષા અને રોડ રસ્તાઓના સંરક્ષણ માટે વાહનોના વજન પર કડક નિયંત્રણ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.ગામલોકોએ ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

4 મેથી ૭ જૂન સુધી વેકેશન જાહેર થયા બાદ

# વેકેશનમાં શિક્ષણ કાર્ય શરૂ રાખનાર 3 શાળાને ડીઇઓની નોટિસ

## વિવિધ વર્ગખંડોમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થી શિક્ષણ લેતા મળ્યા હતાં

(એજન્સી) ભાવનગર | તા.12

ગુજરાત શિક્ષણ બોર્ડના નિયત કેલેન્ડર મુજબ વેકેશન જાહેર થયું હોવા છતાં કેટલીક સ્કૂલોમાં શિક્ષણ કાર્ય શરૂ હોવાની ફરિયાદ મળતા ડીઇઓ કચેરી દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરી હકીકત જણાતા ત્રણ ખાનગી સ્કૂલોને કારણદર્શક નોટિસ આપતા ચર્ચા જાગી છે.ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના વાર્ષિક કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું વેકેશન જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ તા.૪-૫ થી ૭-૬ સુધી ઉનાળુ વેકેશન જાહેર થયેલ છે. વિવિધ માધ્યમો દ્વારા ડીઈઓને વેકેશન હોવા છતાં વિદ્યાર્થીઓને શાળા ખાતે બોલાવી શિક્ષણ કાર્ય શરૂ રાખેલ હોવાની ફરિયાદ મળતા બાબતે અત્રેની કચેરીના એડીઈઆઇ દ્વારા આજરોજ શાળાની રૂબરૂ મુલાકાત લેવામાં આવતા શાળામાં શૈક્ષણિક કાર્ય શરૂ હોવાનું માલુમ પડેલ હતું. આ સમયે શાળામાં ધોરણ ૧૨ (વિ.પ્ર.)ના બંને માધ્યમના વિવિધ વર્ગોમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર જોવા મળેલ હતાં. જેમનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય સરકારના આદેશનું ઉલ્લંઘન કરી નિયમ વિરૂદ્ધ શાળા ચાલુ રાખેલ હોય આ ગેરશિસ્ત સબબ શાળા વિરૂદ્ધ નિયમાનુસારની કાર્યવાહી શા માટે ન કરવી તેનો લેખિત ખુલાસો દિન-૨માં રજૂ કરવા અંગેની નોટિસ શહેરની જ્ઞાનમંજરી હાઈસ્કૂલ, જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ અને વિદ્યાધીશ વિદ્યાસંકુલને આપી હોવાનું જણાયું છે.

ભાવનગરની ઘણી સ્કૂલો પોતાની પેટા બ્રાંચમાં ક્લાસીસ ચલાવી રહી છે. જ્યાં તંત્રના હાથ ટૂંકા પડી રહ્યા છે. પરંતુ નોંધાયેલ શાળા સંકુલમાં વેકેશન ગાળા દરમિયાન કોચીંગ એ નિયમ વિરૂદ્ધ હોય તે કોઈપણ સંજોગોમાં નહીં ચલાવી લેવાય અને ચેકિંગ સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

ખાનગી શાળા સંચાલક મંડળ દ્વારા કોર્ષ પૂર્ણ કરાવવા પર્યાપ્ત સમય ન હોય અને આગામી જેઇઇ એડવાન્સની પરીક્ષાની તૈયારી માટે બોર્ડમાં તેમજ કલેક્ટર સમક્ષ રજૂઆત પણ કરી છે અને વેકેશન ૫૦ ટકા આપતા હોય ત્યારે છુટછાટની માંગ કરાઈ હતી. જો કે, આ અંગે કોઈ ખુલાસો હજુ આવ્યો નથી ત્યારે વિદ્યાર્થીઓના શિક્ષણ અંગે યોગ્ય નિર્ણય કરવાની માંગ એસોસીએશન દ્વારા કરાઈ છે.

છરી મારવાની બીજી ઘટના

## પ્રેમ લગ્ન કર્યા હોવાની દાજે 3 શખ્સે યુવાનને છરીના ઘા ઝીંકી દીધા

ભાવનગર : શહેરના ફુલસર વિસ્તારમાં રહેતો યુવાન ફોઈના પુત્રના લગ્નમાં આવ્યો હતો અને ડીજે ની મજા માણી રહ્યો હતો તે દરમિયાન યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હોવાની દાજ રાખી ત્રણ ઈસમોએ યુવાન પર આડેધડ છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની કોશિષ કરી હતી. ભાવનગર શહેર જિલ્લામાં આવારા તત્વો જાણે કે બેફામ બન્યા હોય તેમ મારા મારી હત્યા સહિતના બનાવવાનું પ્રમાણે દિન પ્રતિદિન વધી રહ્યું છે. હજુ તો વિઠ્ઠલવાડી વિસ્તારમાં આધેડને છરીના ઘા ઝીંકાયા હોવાની ઘટનાને ૨૪ કલાક નથી થયા ત્યાં જ બીજી ઘટના ફુલસર વિસ્તારમાં બની હતી. જેમાં ફુલસર ગામ તળાવ ઠાકરદ્વારા પાસે રહેતા તનસુખભાઈ રમેશભાઈ મેરના પુત્ર રાજદીપભાઈએ ગઈ તા ૦૬ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ફુલસર કર્મચારીનગરમા રહેતા શિવરાજસિંહ જાડેજાની દિકરી વિણાબા સાથે લવ મેરેજ કરી લીધેલ હતા અને તેની અદાવત રાખી હતી.દરમિયાનમાં ભાજપાના મહિલા મોરચના મંત્રી શારદાબેન રામજીભાઈ સોલંકીના પુત્ર બ્રિજેશભાઈના લગ્નમાં હોય શારદાબેનના ભાઈનો પરિવાર પણ આવ્યો હતો.અને વરઘોડો ડીજે સાથે શરૂ હતો. વરઘોડામાં રાજદીપભાઈ આવ્યા ત્યારે હાદકસિંહ શિવરાજસિંહ જાડેજા તથા મયુરસિંહ ગોહિલ તથા અમરદિપસિંહ જોરૂભા ઝાલા એમ ત્રણેય એક્ટીવા તથા મોટર સાયકલ લઈને આવીને ધસી આવ્યા હતા.અને રાજદીપભાઈને આડેધડ ગળાના ભાગે છરી ઘા ઝીંકી જાનથી મારી નાંખવાની કોશીષ કરી હતી.

સતત ત્રીજા દિવસે તાપમાનમાં વધારો

## ભાવનગર જિલ્લામાં સૂર્યપ્રકોપ, ગરમીનો પારો 42 ડિગ્રી નજીક

ભાવનગર : ભાવનગર જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી વધેલા સૂર્યપ્રકોપના કારણે નાગરિકો પરેશાન થઈ ગયા છે. મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી નજીક પહોંચી જતાં અસહ્ય ગરમી અને બફારા-અકળામણથી લોકો હાશતોબા પોકારી ગયા હતા. હવામાન વિભાગ દ્વારા ત્રણ દિવસ હીટવેવની અપાયેલી આગાહી સાચી ઠરી છે. સપ્તાહના આરંભે જ મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જેના કારણે બપોરના સમયે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. ઘરની દિવાલોમાંથી ગરમ લૂ ફેંકાતા ગરમી અને લૂથી લોકો હેરાન-પરેશાન થયા હતા. ત્રણ દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમીમાં નાના બાળકો અને વયોવૃદ્ધોની હાલત વધુ કફોડી બની છે. ગત સપ્તાહની તુલનામાં છેલ્લા ત્રણ દિવસથી તાપમાનમાં વધારો થયો છે. તો પવનની ગતિ ધીમી પડી જતાં અકળામણનો અનુભવ થઈ રહ્યો છે. હજુ આગામી દિવસોમાં ગરમી વધવાની શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

## સેંથળી ગામે 2 જૂથ વચ્ચે પાઈપ અને ધોકા વડે મારમારી

ભાવનગર : બોટાદ તાલુકાના સેંથળી ગામે વાડીના શેઢે તાર ફેન્સિંગ કરવા મામલે બે વાડી માલિકો વચ્ચે બોલા ચાલી થઈ જતા સામ સામી મારા મારી થઈ હતી.આ મારા મારીમા ચાર લોકોને ઈજા પહોંચી હતી. બોટાદ તાલુકાના સેંથળી ગામે આવેલ લીમડા ચોકમાં રહેતા વિપુલભાઈ જગજીવનભાઈ માળોદિયા પોતાની વાડીએ તાર ફેન્સીંગનું કામ કરતા હતા તે દરમ્યાન બાજુના વાડી માલીક જગદીશ ભીખાભાઈ માળોદિયા તથા જયંતી ભીખાભાઈ માળોદિયાએ આવી કહે કે કેમ અહી તાર ફેન્સી કરો છો ત્યારે વિપુલભાઈ કહે કે આતો અમારી વાડી છે.

NCC અંતર્ગત સૌરાષ્ટ્રમાં પ્રથમવાર

## ઘોઘા ખાતે યોજાયેલ પેરા સેલિંગ કેમ્પમાં ભાવનગર સહિત રાજકોટના કેડેટ્સ જોડાયા

ભાવનગર : સૌરાષ્ટ્રમાં પ્રથમવાર એનસીસી કેડેટ્સમાં હિંમત અને આત્મવિશ્વાસ વિકસાવવા ભાવનગરના ઘોઘા ખાતે પેરા સેલિંગ કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં ૪૦૦થી વધુ કેડેટ્સ જોડાયા હતાં. શહેરની નંદકુંવરબા મહિલા કોલેજ દેવરાજનગરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા કેડેટ્સનું અભિવાદન કરાયું હતું. રાજકોટ ગ્રુપના ૪૦૦ એનસીસી કેડેટ્સ માટેનો ૧૦ દિવસીય પેરાસેલિંગ કેમ્પ હાલમાં ભાવનગર ખાતે ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન એનસીસીના આયોજન હેઠળ ૬ મેથી ૧૫ મે દરમિયાન યોજાઇ રહ્યો છે. જેમાં મોટાભાગે ગર્લ્સ કેડેટ્સનો સમાવેશ થાય છે. એનસીસી અંતર્ગત સૌરાષ્ટ્રમાં આ પ્રકારની પ્રથમ વિશાળ પેરાસેલિંગ પહેલ હોવાથી યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે બટાલિયનના કમાન્ડિંગ ઓફિસરે જણાવ્યું કે, આ કેમ્પ મેજર જનરલ બિમલ મોંગાની કલ્પના અને દ્રષ્ટિનું પરિણામ છએ. આ કેમ્પથી એનસીસી કેડેટ્સમાં સાહસિક્તા અને નેતૃત્વ ગુણો વધુ મજબુત બનશે તથા ભવિષ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવી વધુ પ્રવૃત્તિઓ માટે પ્રેરણા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

## જામનગરમાં ત્રણ બત્તી વિસ્તારમાં આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સના પાર્કિંગમાં મીટર પેનલમાં આગની ઘટનાથી દોડધામ



(એજન્સી) જામનગર | તા.12

જામનગર શહેરના ત્રણબત્તી નજીક આવેલા સ્ટાર લાઈટ બિલ્ડિંગમાં આજે બપોરે આગની ઘટના સર્જાતા થોડીવાર માટે અફરાતફરીનો માહોલ ઉભો થયો હતો. મળતી માહિતી મુજબ આજે બપોરે અંદાજે 12.10 વાગ્યાના અરસામાં બિલ્ડિંગના પાર્કિંગ વિસ્તારમાં આવેલા મીટર રૂમમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. આગ લાગતા ઈલેક્ટ્રિક મીટરોમાં ચિંગારીઓ સાથે ધુમાડો નીકળવા લાગ્યો હતો અને થોડી જ વારમાં મીટરો સળગવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહેવાસી હિતેશભાઈએ તાત્કાલિક ફાયર વિભાગને ટેલિફોનિક જાણ કરી હતી.

જાણ મળતા જ ફાયર શાખાની ટીમ ફાયર ફાઈટર સાથે તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ વધુ ફેલાય નહીં તે માટે સૌપ્રથમ પીજીવીસીએલની મદદથી વીજ પુરવઠો બંધ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગને ઝડપથી કાબૂમાં લઈ લીધી હતી.સમયસર કાર્યવાહી થતાં આગ બિલ્ડિંગના અન્ય ભાગોમાં ફેલાતી અટકી ગઈ હતી અને મોટી દુર્ઘટના ટળી હતી. જોકે આગ લાગતા સમગ્ર બિલ્ડિંગમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બિલ્ડિંગમાં હાજર રહેલા લોકો તાત્કાલિક નીચે ઉતરીને બહાર આવી ગયા હતા. સદનસીબે આગ પર ઝડપથી કાબૂ મેળવી લેવામાં આવતા કોઈ જાનહાની કે ઈજા થવા પામી નહોતી, જેથી રહેવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ શોર્ટ સર્કિટના કારણે મીટર પેનલ, મીટર હોલ્ડિંગ તથા ઈલેક્ટ્રિક વાયરિંગને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. ફાયર વિભાગે સમગ્ર પરિસ્થિતિ કાબૂમાં લઈને સ્થળને સુરક્ષિત જાહેર કર્યું હતું.

ધાવડા મોટા ગામના ખેડૂતો વર્ષોથી વેઠી રહ્યા છે મુશ્કેલીઓ: તંત્ર શું કરશે?

## ધાવડા મોટા ગામ ના ગુમ થયેલા હકપત્રક મુદ્દે તાલુકા સ્વાગતમાં રજૂઆત, કાયદાકીય પગલાંની માંગ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ધાવડા મોટા ગામના મેન્યુઅલી હકપત્રક (જૂની નોંધો) ગુમ થયાના ગંભીર મુદ્દે એડવોકેટ ભગવાન ધનસુખભાઈ કાનજીયાણીએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરી ત્વરિત કાયદાકીય નિર્ણય લેવા માંગણી કરી છે.તા. ૦૯/૦૫/૨૦૨૬ના રોજ મામલતદારશ્રી, તાલુકા સ્વાગત કાર્યક્રમ નખત્રાણા સમક્ષ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે ધાવડા મોટા ગામના મેન્યુઅલી હકપત્રકનું રેકોર્ડ અંદાજે પંદર વર્ષથી વધુ સમય પહેલા ગુમ થઈ ગયેલ છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે કે નહીં અને જો નોંધાઈ હોય તો જવાબદાર લોકો સામે શું કાર્યવાહી કરવામાં આવી છે તે અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.અરજીમાં જણાવાયું છે કે રેકોર્ડના અભાવે ગામના ખેડૂતોને પોતાની માલિકીની જમીન હોવા છતાં ટાઈટલ ક્લીયરન્સ રિપોર્ટ મળતો નથી, જેના કારણે બેન્કો લોન મંજૂર કરતી નથી. પરિણામે નાના ખેડૂતોને બિન-સંગઠિત નાણાં બજારમાંથી ઊંચા વ્યાજે ધિરાણ લેવાની ફરજ પડે છે, જે તેમના માટે આર્થિક રીતે ભારે સાબિત થઈ રહ્યું છે.રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે વર્ષોથી ખેડૂતોને માલિકીના પૂરતા દસ્તાવેજો ન મળવાના કારણે આર્થિક તેમજ માનસિક યાતનાઓ સહન કરવી પડી રહી છે. તેથી હાલ ઉપલબ્ધ રેકોર્ડને કાયમી માન્યતા આપી ખેડૂતોના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક નિર્ણય લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.આ અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઈનવર્ડ નં. TS/2026/9103 હેઠળ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. અરજદારે રજૂઆતના યોગ્ય અને કાયમી નિરાકરણની આશા વ્યક્ત કરી છે. હવે વહીવટી તંત્ર આ ગંભીર મુદ્દે શું પગલાં લે છે અને ખેડૂતોને ક્યારે કાયમી રાહત મળે છે તે જોવાનું રહ્યું છે.ઉલ્લેખનીય છે કે આ મુદ્દે અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવામાં આવી ચૂકી છે તેમજ વર્તમાન ન્યૂઝ પેપરમાં પણ આ બાબત પ્રકાશિત થઈ હતી. તેમ છતાં હજુ સુધી કોઈ ચોક્કસ અને અસરકારક ઉકેલ ન આવતા ખેડૂતોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે હવે વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર પ્રશ્ને કયા પ્રકારના ઠોસ અને કાયદાકીય પગલાં લેવામાં આવે છે તે અંગે ખેડૂતોમાં ભારે આતુરતા સાથે ચર્ચા ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

## તાતણીયા-કરજાળા નજીક સર્જાયેલા અકસ્માતમાં 2ના મોત, 1ને ઈજા

ભાવનગર : જેસર પંથકના તાતણીયા કરજાળા નજીક સર્જાયેલા અકસ્માતમાં મહિલાની નજીર સામે તેના પતિ અને માતાનું કરૂણ મોત નિપજ્યું છે. જ્યારે મહિલાને ઈજા પહોંચી હતી. બનાવ અંગે અકસ્માત સર્જનાર આઈસર ટેમ્પોના ચાલક સામે ખુટવડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભુરાભાઈ બોઘાભાઈ ચૌહાણ અને માતા બાજુબેન રાઘવભાઈ બારૈયા સાથે બપોરે ૨.૩૦ કલાકના અરસામાં સેંદરડા ગામેથી મઢડા ગામે જવા નિકળ્યા હતા ત્યારે તાંતણીયા થઈને કરજાળા કટિંગથી કરજાળા ગામ બાજુ પહોંચતા જીજે-૦૪-એડબલ્યુ-૦૦૫૩ નંબરના આઈસર ટેમ્પોના ચાલકે તેમની સાથે અકસ્માત સર્જતા તેમના પતિ ભુરાભાઈ બોઘાભાઈ ચૌહાણ અને માતા બાજુબેન રાઘવભાઈ બારૈયાને માથા અન શરીરના અન્ય ભાગોમાં ખુબ ઈજાઓ પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે નયનાબેનને ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

હાજીપીર માર્ગ પર મીઠાના વાહનોથી ગ્રામજનોમાં રોષ

## અકસ્માતો, પશુધન અને રસ્તાના નુકસાન મુદ્દે નાયબ કલેકટરને રજૂઆત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ભુજ તાલુકાના બુરકુલ ગામના અરજદાર જત સૈયા ઉમરે નખત્રાણા પ્રાંત કચેરી ખાતે નાયબ કલેકટરશ્રીને લેખિત રજૂઆત કરી હાજીપીર તરફથી પસાર થતા ઓવરલોડ મીઠાના વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.અરજીમાં જણાવ્યા મુજબ હાજીપીરથી નીકળતા મીઠાથી ભરેલા ઓવરલોડ વાહનો ફુલાય, છારી, પૈયા, જતાવીરા અને વિરાણી મોટી માર્ગે ભુજ તરફ જાય છે. આ માર્ગ સિંગલ પટ્ટી રોડ હોવા છતાં રોજના અંદાજે ૨૦૦ જેટલા ભારે વાહનોની અવરજવર થતા નાના વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.અરજદારે વધુમાં જણાવ્યું હતું કે ઓવરલોડ વાહનોના કારણે વારંવાર અકસ્માતોની ઘટનાઓ સર્જાઈ રહી છે, જેમાં ખેતીવાડી અને પશુપાલન સાથે સંકળાયેલા લોકોની ખેતી તેમજ પશુધનને નુકસાન થઈ રહ્યું છે. સાથે જ ભારે વાહનોના કારણે રોડ રસ્તાઓ પણ જર્જરિત હાલતમાં પહોંચી ગયા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.આ મામલે માહિતી આપતા હાજીપીરના ડૉ. ઉમેશ આચાર્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા ઓવરલોડ વાહનો લોકો માટે જોખમરૂપ બન્યા છે. તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને વાહનોના વજન પર નિયંત્રણ લાવવામાં આવે તે જરૂરી બન્યું છે, જેથી અકસ્માતો અટકે અને ગ્રામ્ય માર્ગોનું સંરક્ષણ થઈ શકે.

વડાવલી ગ્રામ પંચાયત દ્વારા ઘટના વાળા તળાવમાં કોઈ જ કામ ચાલતું નથી

## વડાવલી ગામના સીમ તળાવમાં માટી ખોદાણ દરમિયાને ભેખડ પડતાં દટાઇ જવાથી ધારપુરીના યુવકનું મોત નિપજ્યું

| નિતીન ઠાકર | ચાણસ્મા | તા.03

મૃતકના ભાઈએ પંચાયતનું કામ ની મજૂરીના કામે ગયેલ દરમિયાન તેના ભાઈનું મોત નિપજ્યાની પોલિશમાં રજુઆત કરતાં પોલીસે તપાસ શરૂ કરી. સોમવારે બપોરના સમયે વડાવલી સીમમાં આવેલ આંબલીવાળા તળાવમાં માટીનું ખોદકામ કરતા હતા તે દરમિયાન માટીની ભેખડ ખસી પડતાં ધારપુરી ગામના ખેતમજૂર હવુ ભા લાલસિંહભાઈ ઠાકોર ઉ વ 38 નું કરૂણ મોત નિપજ્યું.ઘટના ની જાણ થતાં મૃતક યુવકના ભાઈ સહિત પરીવારજનો ઘટના સ્થળે આવી પહોંચી મૃતકના ભાઈ હરપાલસિંહ લાલસિંહ ઠાકોરે ચાણસ્મા પોલિસને જાણ કરતાં પોલીસે લાશનું પંચનામું કરી મૃતક યુવકના ભાઈએ તેનો ભાઈ વડાવલી. પંચાયતના માટી કામની મજૂરીએ ગયેલ હોવાનું નિવેદનના આધારે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી લાશનું ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમ કરાવી લાશ વાલીવારસો ને સોંપાઈ હતી. ચાણસ્મા પોલિસે તપાસનો દોર લંબાવ્યો વડાવલી સરપંચ





. તલાટીના નિવેદનો લઈ ઘટનાસ્થળનું ગૂના સબંધે નિરીક્ષણ કર્યું.. મૃતકના ભાઈ યશપાલસિંહે પોલિશ ને તેનો ભાઈ પંચાયતના માટીકામની મજૂરી કામે ગયો હતો માટી ખોદાણ દરમિયાન માટી ભેખડ પડતાં મોત થયું હોવા ની નિવેદનના આધારે ચાણસ્મા પોલિસે ઘટનાના બીજા દિવસે વડાવલી જઈ સરપંચ અને તલાટીનું ઘટના સંદર્ભે નિવેદન લઈ ઘટનાસ્થળનું નિરીક્ષણ સાથે કાર્યવાહી શરૂ કરી છે.. વડાવલી ગામે બનેલી ઘટના અંગે સરપંચ અને તલાટી જ્યંતિભાઈએ જણાવ્યું હતું કે આ આંબલી તળાવ ગામથી 3 કિમી દૂર સીમ વિસ્તારમાં આવેલું છે જ્યારે વડાવલી ગ્રામ પંચાયત દ્વારા ઘટના સ્થળવાળા તળાવ માં કોઈ જ સરકારી કે પંચાયત દ્વારા માટીકામ સંદર્ભે કામ ચાલતું નથી કે આ તળાવમાં થી માટી ખોદવા માટે નો કોઈ ઠરાવ કરી મંજૂરી આપવામાં આવી નથી તેમ જણાવ્યું હતું. ઘટનાની તપાસ કરનાર પીએસઆઇ બી એસ ચૌધરીએ અકસ્માતે મોતનો ગુનો નોંધી સરપંચ તલાટીના નિવિદનો લઈ ઘટનાસ્થળનું નિરીક્ષણ સહિતની કાર્યવાહી કરાઈ રહી હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની બેદરકારી

## બે વિદ્યાર્થીઓ આરટીઈ પ્રવેશથી વંચિત : NSUI અને યુથ કોંગ્રેસની કાર્યવાહીની માંગ

(એજન્સી) જામનગર | તા.12

જિલ્લા કક્ષાની વેરિફિકેશન પ્રક્રિયામાં થયેલી ભૂલોના કારણે બે વિદ્યાર્થીઓ આરટીઈ હેઠળ મળનારા પ્રવેશથી વંચિત રહી ગયા છે. એનએસયુઆઈ દ્વારા જણાવાયું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકો માટે આરટીઈના ફોર્મ નિઃશુલ્ક ભરવાની સેવા જામનગરમાં ચલાવવામાં આવે છે. આ વખતે બે કેસોમાં શિક્ષણ વિભાગની વેરિફાયર ટીમની ગંભીર બેદરકારી સામે આવી છે.પ્રથમ કેસમાં એક વિદ્યાર્થીએ ફોર્મ ભરતી વખતે ભૂલથી પોતાની કેટેગરી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તરીકે પસંદ કરી દીધી હતી, જ્યારે ડોક્યુમેન્ટ તરીકે અન્ય પછાત વર્ગનું પ્રમાણપત્ર અપલોડ કરવામાં આવ્યું હતું. છતાં પણ જિલ્લા કક્ષાની વેરિફાયર ટીમ દ્વારા તે ફોર્મ ચકાસી મંજૂર કરવામાં આવ્યું અને વિદ્યાર્થીને શાળા પણ ફાળવાઈ ગઈ હતી. બાદમાં શાળાએ કેટેગરી અનુસાર દસ્તાવેજો માંગતા વાલીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો અને અંતે વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહ્યો. બીજા કેસમાં વિદ્યાર્થીએ આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી પસંદ કરી હતી પરંતુ દસ્તાવેજ તરીકે બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અપલોડ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં વાલીને ફોર્મ મંજૂર થયાનો સંદેશ મળતા તેઓ નિશ્ચિંત બની ગયા હતા, પરંતુ બાદમાં ફોર્મ રદ થયાનો સંદેશ આવ્યો. સમયસર યોગ્ય માર્ગદર્શન અને જાણ ન મળતાં વાલી દસ્તાવેજોમાં સુધારો કરી શક્યા નહોતા અને અંતે વિદ્યાર્થીનું ફોર્મ પણ રદ થઈ ગયું હતું.

## કોમોડિટી આયાત ખર્ચ વધારો દેશ માટે ચિંતાજનક

# ભારતનું આયાત બિલ પાંચ વર્ષમાં બમણું થતા ચિંતા

## આર્થિક બોજ ઘટાડવા અપીલ સાથે વડાપ્રધાનનો અનુરોધ

(એજન્સી) મુંબઈ | તા 12

પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૌગોલિક તણાવ અને વૈશ્વિક બજારમાં ચીજવસ્તુઓના ભાવમાં ઉછાળાને કારણે ભારતની તિજોરી પર ભારે દબાણ સર્જાયું છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન દેશનું કુલ આયાત બિલ 775 અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જેમાં માત્ર ચાર મુખ્ય વસ્તુઓનો હિસ્સો 240 અબજ ડોલર રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં આ મુખ્ય કોમોડિટીઝના આયાત ખર્ચમાં બમણાથી વધુનો વધારો થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને ખર્ચ ઘટાડવા અને સ્વદેશી સંસાધનો તરફ વળવા આહવાન કર્યું છે. રૂપિયાના મૂલ્ય પર વધતા દબાણને ખાળવા માટે સરકાર હવે આયાત પરની નિર્ભરતા ઘટાડવા ગંભીર બની છે.દેશના આર્થિક સરવૈયા પર નજર કરીએ તો, ભારતનું આયાત બિલ જે પાંચ વર્ષ પહેલાં 112 અબજ ડોલર હતું, તે નાણાકીય વર્ષ 2026માં વધીને 240.75 અબજ ડોલર પર પહોંચી ગયું છે. આ આંકડો દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે મોંઘવારી અને વધતી માંગને કારણે ભારતની વિદેશી મુદ્રા ભંડાર પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. કુલ આયાતમાં આ ચાર વસ્તુઓનો હિસ્સો જ 31 ટકા જેટલો છે, જે ચિંતાજનક બાબત કહી શકાય.

ભારત માટે સૌથી મોટું આર્થિક સંકટ ક્રુડ ઓઈલ અને સોનાની આયાત બની રહી છે. ક્રુડ તેલનું આયાત બિલ 134.70 અબજ ડોલર સાથે પ્રથમ ક્રમે રહ્યું છે. નોંધનીય છે કે ગત વર્ષે ક્રુડનો સરેરાશ ભાવ 71 ડોલર પ્રતિ બેરલ હતો, જે ચાલુ વર્ષના એપ્રિલમાં ઉછળીને 114.50 ડોલરે પહોંચી ગયો છે. બીજી તરફ, સોનાની આયાત પણ 58 અબજ ડોલરથી વધીને 72 અબજ ડોલરે પહોંચી છે. ભારતીયોની સોના પ્રત્યેની આસક્તિ દેશના અર્થતંત્ર માટે વિદેશી ભંડોળના નિકાલનું કારણ બની રહી છે.વધતા આર્થિક બોજને જોતા વડાપ્રધાને રવિવારે દેશના નાગરિકોને ચાર



મુખ્ય ક્ષેત્રોમાં વપરાશ ઘટાડવા વિનંતી કરી છે. તેમણે સોનાની ખરીદીમાં સંયમ રાખવા, ખાદ્ય તેલનો જરૂર પૂરતો જ ઉપયોગ કરવા અને બિનજરૂરી વિદેશી પ્રવાસ ટાળવા જણાવ્યું છે. આ ઉપરાંત, પેટ્રોલ-ડીઝલના વપરાશને નિયંત્રિત કરવા માટે જાહેર પરિવહન સેવાઓ અને ઈલેક્ટ્રિક વાહનો (EV) નો મહત્તમ ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો નાગરિકો આ અપીલને ગંભીરતાથી લેશે તો જ દેશના વ્યાપાર ખાધમાં ઘટાડો શક્ય બનશે.

ખેડૂતોને સંબોધતા વડાપ્રધાને ડીઝલ પંપને બદલે સોલાર પંપ અપનાવવાની સલાહ આપી છે. આ ઉપરાંત, રાસાયણિક ખાતરોના આયાત પાછળ થતા 14.50 અબજ ડોલરના ખર્ચને ઘટાડવા માટે કેમિકલ ફર્ટિલાઈઝરના વપરાશમાં 50 ટકાનો ઘટાડો કરવા આહવાન કર્યું છે. ખાદ્ય તેલ માટે પણ 19.50 અબજ ડોલર ચૂકવવા પડી રહ્યા છે, જે ઘટાડવા માટે સ્થાનિક તેલીબિયાંના ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો છે.અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવને જોતા આગામી દિવસોમાં ક્રુડ ઓઈલનો પુરવઠો ખોરવાય તેવી પૂરેપૂરી શક્યતા છે. જો સ્થિતિ વધુ વણસશે તો આયાત બિલ હજુ પણ વધી શકે છે. આ જ કારણ છે કે સરકાર અત્યારથી જ જનતાને સહયોગ આપવા અને આત્મનિર્ભર બનવા તરફ પ્રેરિત કરી રહી છે. ભારતે જો પોતાની આર્થિક મજબૂતી ટકાવી રાખવી હશે, તો આ ચાર મુખ્ય વસ્તુઓના આયાત આંકને અંકુશમાં લેવો અનિવાર્ય છે.

### કોરોનો રેમિડિઝનો ચોથો ત્રિમાસિકગાળામાં નફો 44 ટકા વધ્યો, રૂ. 10 ડિવિડન્ડ જાહેર કર્યું

અમદાવાદ : કોરોના રેમિડિઝ લિમિટેડનો નાણાકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિકગાળા માટે કોન્સોલિડેટેડ પ્રોફિટ આફ્ટર ટેક્સ (પીએટી) 44 ટકાના વધીને રૂ. 45.3 કરોડ થયો છે, જે અગાઉના વર્ષે સમાન સમયગાળામાં રૂ. 31.5 કરોડ હતો. આ સમયગાળામાં કામગીરીમાંથી આવક રૂ. 353.1 કરોડ થઇ છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. 293.7 કરોડ હતી. સંપૂર્ણ નાણાકીય વર્ષ 2026 માટે કંપનીનો પ્રોફિટ આફ્ટર ટેક્સ (પીએટી) 33.4 ટકા વધીને રૂ. 199.4 કરોડ થયો છે, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. 149.4 કરોડ હતો. સમીક્ષા હેઠળના સમયગાળામાં વેચાણ 17.28 ટકા વધીને રૂ. 1,403.2 ક રોડ થયું છે, જે માર્ચ 2025માં રૂ. 1,196.4 કરોડ હતું. કંપનીએ રૂ. 10ની મૂળ કિંમત ધરાવતા શેરદીઠ રૂ. 10 ફાઈનલ ડિવિડન્ડની જાહેરાત કરી છે.કોરોના રેમેડીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી નીરવ કે. મહેતાએ જણાવ્યું હતું કે: "નાણાકીય વર્ષ 2026 કોરોના રેમેડીઝ માટે એક મજબૂત વર્ષ રહ્યું છે, જેમાં સતત આવક વૃદ્ધિ સાથે કામગીરીની કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. બ્રાન્ડ બિલ્ડિંગ, બાયોસિમિલર્સ અને ઈન્ફર્ટિલિટી જેવા સ્પેશિયાલિટી સેગમેન્ટ્સ પરનું વ્યૂહાત્મક ધ્યાન અને એક્વિઝિશન દ્વારા પોર્ટફોલિયો વિસ્તરણથી બજારમાં અમારી સ્પર્ધાત્મક સ્થિતિ વધુ મજબૂત બની છે.

## News Brief

### ભારત અને પોર્ટુગલ વચ્ચે આર્થિક ભાગીદારીના નવા દ્વાર ખુલશે

નવી દિલ્હી: ભારત અને પોર્ટુગલ વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવી ઊંચાઈએ પહોંચવા જઈ રહ્યા છે. પોર્ટુગલના અર્થતંત્રના રાજ્ય મંત્રી જોઆઓ રુઇ ફરેરાએ ભારતની મુલાકાત દરમિયાન જણાવ્યું છે કે, પોર્ટુગલ રિન્યુએબલ એનર્જી, ઔદ્યોગિક સાધનો અને ડિજિટલ ટેકનોલોજી ક્ષેત્રે પોતાની નિપુણતાનો ઉપયોગ ભારતની માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિકીકરણને વેગ આપવા માટે કરવા માંગે છે. નવી દિલ્હીમાં આયોજિત વાર્ષિક બિઝનેસ સમિટ 2026 દરમિયાન તેમણે ભારત અને પોર્ટુગલ વચ્ચેના સંબંધોને 'પૂરક' (Complementarity) ગણાવ્યા હતા.મીડિયા અહેવાલ મુજબ, ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (FTA) અંગેની વાટાઘાટો હવે તેના અંતિમ તબક્કામાં છે. ફરેરાએ આશા વ્યક્ત કરી છે કે આગામી વર્ષની શરૂઆતમાં આ કરારની તમામ વિગતો પૂર્ણ થઈ જશે. પોર્ટુગલ આ કરાર માટે શરૂઆતથી જ આગ્રહી રહ્યું છે, કારણ કે તે બંને પક્ષો માટે એક સ્થિર અને અનુમાનિત નિયમનકારી માળખું પૂરું પાડશે. આ કરારથી કંપનીઓને સ્પષ્ટ નિયમો અને ધોરણો સમજવામાં મદદ મળશે, જેનાથી દ્વિપક્ષીય વેપારમાં મોટો ઉછાળો આવશે.પોર્ટુગલની ઉર્જા વપરાશના 80 ટકા હિસ્સો રિન્યુએબલ સ્ત્રોતોમાંથી આવે છે. આ આંકડો દર્શાવે છે કે પોર્ટુગલ પાસે સ્વચ્છ ઉર્જા ક્ષેત્રે બહોળો અનુભવ છે. ફરેરાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પોર્ટુગલ આ જ્ઞાન અને તકનીકી કૌશલ્ય ભારત સાથે વહેંચવા તૈયાર છે, જેથી ભારતની ક્લીન એનર્જી ટ્રાન્ઝિશનની પ્રક્રિયા ઝડપી બની શકે. આ ઉપરાંત, મશીનરી અને ઔદ્યોગિક સાધનો બનાવતી પોર્ટુગીઝ કંપનીઓ ભારતના 'મેક ઇન ઇન્ડિયા' અભિયાનમાં ભાગીદાર બનવા માટે આતુર છે.

### ભારતીય વ્યવસાયો નીડરતાથી નવીનતા અને વ્યૂહાત્મક રોકાણ કરે દાસ

નવી દિલ્હી: વડાપ્રધાનના મુખ્ય સચિવ અને પૂર્વ આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ભારતીય વ્યવસાયોને વર્તમાન વૈશ્વિક પડકારોને એક સુવર્ણ તક તરીકે જોવા આગ્રહ કર્યો છે. સોમવારે કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એન્યુઅલ બિઝનેસ સમિટ 2026 ને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને આર્થિક અસ્થિરતા વચ્ચે ભારતીય ઉદ્યોગોએ નીડરતાથી નવીનતા લાવવી જોઈએ અને લાંબા ગાળાના વિકાસ માટે વ્યૂહાત્મક રોકાણ કરવું જોઈએ. દાસે ભારતીય ઉદ્યોગોને વૈશ્વિક અનિશ્ચિતતામાં ટકી રહેવા અને પોતાની સ્પર્ધાત્મકતા વધારવા માટે સાત મુદ્દાની મહત્વની વ્યૂહરચના રજૂ કરી હતી. શક્તિકાંત દાસે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હવે સમય માત્ર ધીમી ગતિએ આગળ વધવાનો નથી, પરંતુ મોટા અને પરિવર્તનકારી નિર્ણયો લેવાનો છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને ઉભરતી તકોમાં રોકાણ કરવા અને નવીનતમ ટેકનોલોજી અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમના મતે, જે કંપનીઓ અત્યારે જોખમ ખેડીને સંશોધન કરશે, તે ભવિષ્યમાં વૈશ્વિક બજારનું નેતૃત્વ કરશે. "ભારત તૈયાર છે" - તેવો મજબૂત સંદેશ આંતરરાષ્ટ્રીય સમુદાયને આપવો અત્યંત આવશ્યક છે.પ્રથમ અને બીજા વ્યૂહરચનાના ભાગરૂપે, દાસે કંપનીઓને તેમની જોખમ વ્યવસ્થાપન પ્રણાલી મજબૂત કરવા અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ચપળતા લાવવા સૂચવ્યું હતું. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે વૈશ્વિક તણાવના સમયમાં કંપનીઓએ પોતાની બેલેન્સ શીટ મજબૂત રાખવી જોઈએ. મજબૂત નાણાકીય સ્થિતિ બાહ્ય આંચકાઓ સામે રક્ષણ આપે છે અને જ્યારે યોગ્ય તક મળે ત્યારે તરત જ રોકાણ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે.

### ટોનિક ફિલિપાઈન્સની પ્રથમ નફાકારક સ્ટેન્ડઅલોન ડિજિટલ બેંક બની

મનિલા: ફિલિપાઈન્સના બેંકિંગ ક્ષેત્રમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતા 'ટોનિક' (Tonik) દેશની પ્રથમ સ્ટેન્ડઅલોન ડિજિટલ બેંક બની છે જેણે સાતત્યપૂર્ણ નફાકારકતા હાંસલ કરી છે. વર્ષ 2026 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીએ તમામ ખર્ચ અને જોખમો બાદ કર્યા પછી સકારાત્મક ચોખ્ખી આવક મેળવી છે. મીડિયા અહેવાલ મુજબ, ટોનિક વિશ્વની એવી જૂજ નિયોબેંકોમાં સામેલ થઈ છે જે કોઈપણ મોટા બિઝનેસ ગ્રુપ કે ઈકોસિસ્ટમના ટેકા વગર આટલી ઝડપથી નફાકારક બની હોય. ટોનિકની આ સફળતા પાછળ તેની સ્થાપના સમયની વ્યૂહરચના જવાબદાર છે. અન્ય ડિજિટલ બેંકો જ્યારે માત્ર ગ્રાહકોની સંખ્યા અને પેમેન્ટ વોલ્યુમ વધારવામાં વ્યસ્ત હતી, ત્યારે ટોનિકે પોતાને એક ધિરાણ સંસ્થા (Credit-led institution) તરીકે સ્થાપિત કરી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કંપનીનું માનવું છે કે પેમેન્ટ ગ્રાહકની સરખામણીએ લોન લેનારા ગ્રાહક પાસેથી મળતી આવક 20 ગણી વધારે હોય છે. ફિલિપાઈન્સના 90 ટકા લોકો હજુ પણ ઔપચારિક બેંકિંગ ધિરાણથી વંચિત છે, જેનો લાભ ટોનિકે ઉઠાવ્યો છે.એપ્રિલ 2026 સુધીના ડેટા મુજબ, ટોનિકનો લોન પોર્ટફોલિયો વાર્ષિક ધોરણે 2.3 ગણો વધીને 110 મિલિયન ડોલર પર પહોંચ્યો છે. કંપનીની વાર્ષિક આવકનો દર 60 મિલિયન ડોલરથી વધુ છે, જેમાંથી 99 ટકા આવક ધિરાણ દ્વારા પ્રાપ્ત થાય છે. બેંકનો લોન-ટુ-ડિપોઝિટ રેશિયો 82 ટકા છે, જે ફિલિપાઈન્સની તમામ ડિજિટલ બેંકોમાં સૌથી વધુ છે. આ આંકડા દર્શાવે છે કે બેંક માત્ર થાપણો ભેગી કરવાને બદલે તેનો કાર્યક્ષમ ઉપયોગ ધિરાણ આપવામાં કરી રહી છે. નફાકારકતાના મુખ્ય ત્રણ કારણોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત જોખમ વ્યવસ્થાપન મોખરે છે.

### યુદ્ધને કારણે ધિરાણદારો દ્વારા અપનાવાતું સાવચેતીનું વલણ

## અખાતી દેશોમાં ઉદ્યોગોને નવી લોન છૂટી કરવામાં બેન્કો ઉદાસીન

(એજન્સી) મુંબઈ | તા 12

પશ્ચિમ એશિયાનો સંઘર્ષ મેમાં ત્રીજા મહિને પણ હજુ સમાપ્ત થવાના સંકેત નથી જણાતા ત્યારે યુનાઈટેડ આરબ અમીરાતસની બેન્કો તેમના ઉદ્યોગોને ધિરાણ કરવામાં સાવચેતી ધરાવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. અખાતી દેશોમાં કાર્યરત ભારતની બેન્કો પણ ત્યાંના વેપારગૃહોને લોન્સ પૂરી પાડવામાં ઉદાસીનતા ધરાવે છે. લોન છૂટી કરવામાં બેન્કો દ્વારા ઢીલ કરવામાં આવી રહી છે એટલું જ નહીં પણ વધી રહેલી અનિશ્ચિતતા વચ્ચે લોન મંજુર કરવાના ધોરણોને પણ સખત બનાવી દેવાયા છે એવો ઉદ્યોગના આગેવાનો દ્વારા દાવો કરાઈ રહ્યો હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું. યુએઈમાં ઉત્પાદન, હોસ્પિટાલિટી, રિઅલ એસ્ટેટ જેવા ક્ષેત્રોને નવી લોન મેળવવામાં મુશકેલી પડી રહી હોવાનું સ્થાનિક ઉદ્યોગ આગેવાનોને ટાંકીને અહેવાલમાં જણાવાયું હતું.યુએઈની બેન્કો નાણાંકીય રીતે સદ્ધર હોવા છતાં, વર્તમાન ભૌગોલિક રાજકીય સ્થિતિને ધ્યાનમાં રાખી તે સાવચેતીભર્યુ વલણ ધરાવી રહી છે. અગાઉ છૂટી કરાયેલી લોન્સ પર શકય તાણને ધ્યાનમાં રાખી માર્ચ ત્રિમાસિકમાં બેન્કો દ્વારા જોગવાઈમાં પણ વધારો કરાયો છે. કેટલીક મોટી બેન્કો દ્વારા ધિરાણમાં ૮૦થી ૮૫ ટકા જેટલો ઘટાડો થયો છે. દરમિયાન અન્ય એક અહેવાલ પ્રમાણે અખાતી વિસ્તારોમાં શાખાઓ ધરાવતી ભારતની બેન્કોએ પણ નવી લોનો આપવાનું લગભગ અટકાવી દીધું છે. એસબીઆઈ ઉપરાંત પીએનબીએ પણ અખાતી વિસ્તારમાં નવી લોન પૂરી નહીં પાડવા નિર્ણય કર્યો હોવાનું અહેવાલમાં જણાવાયું હતું.

## સેમસંગ ગેલેક્સી M અને F સિરીઝ પર સ્પેશિયલ ઓફર

(એજન્સી) ગુરુગ્રામ | તા 12

સેમસંગ ઈન્ડિયાએ આજે ગેલેક્સી M17 સિરીઝ (M17 5G અને M17e 5G), ગેલેક્સી M36 5G, ગેલેક્સી M56 5G, ગેલેક્સી F70e 5G અને ગેલેક્સી F36 5G સ્માર્ટફોન પર ખાસ કિંમતની જાહેરાત કરી છે, જે 8 મેથી શરૂ થઈ ચૂકી છે. ગ્રાહકો આ ઉપકરણો ખરીદવા માટે શ્રેષ્ઠ કિંમતોનો લાભ લઈ શકે છે અને ઉન્નત સુલભતા, સર્જનાત્મકતા અને ઉત્પાદકતાનો આનંદ માણી શકે છે. દરેક ઉપકરણમાં હાઈ-રિઝોલ્યુશન કેમેરા સિસ્ટમ્સ, ટકાઉ ડિઝાઈન, AI-સંચાલિત સાધનો અને લાંબા ગાળાના સોફ્ટવેર સપોર્ટ જેવી અદ્યતન તકનિકો છે.ગેલેક્સી M સિરીઝ : ગેલેક્સી M17 સિરીઝે - તેના કિંમતના સેગમેન્ટમાં એમેઝોન પર નંબર 1- વેચાતા સ્માર્ટફોનનું સ્થાન મેળવ્યું છે* - જેમાં ગેલેક્સી M17 5G અને M17e 5G સ્માર્ટફોનનો સમાવેશ થાય છે. Galaxy M17 5Gમાં ક્રિસ્પ અને સ્ટેબલ ફોટોગ્રાફી માટે 50MP OIS ટ્રિપલ- કેમેરા સિસ્ટમ, આબેહૂબ વિઝ્યુઅલ્સ માટે તેજસ્વી અને ઈમર્સિવ સુપર AMOLED ડિસ્પ્લે અને વધારાના ટકાઉપણું માટે કોર્નિંગ ગોરિલા ગ્લાસ વિક્ટસ પ્રોટેક્શન છે. તેમાં ઝડપી માહિતી પુનઃપ્રાપ્તિ માટે ગૂગલ સાથે સર્કલ ટુ સર્ચ અને રિયલ- ટાઈમ વિઝ્યુઅલ વાતચીત માટે જેમિની લાઈવનો પણ સમાવેશ થાય છે.ગેલેક્સી M17e 5Gમાં 120Hz સુધીના રિફ્રેશ રેટ સાથે સ્મૂધ ડિસ્પ્લે, વિસ્તૃત ઉપયોગ માટે 6000mAh બેટરી, ગુણવત્તાવાળા ફોટો માટે 50MP ડ્યુઅલ કેમેરા સિસ્ટમ, ગૂગલ સર્કલ ટુ સર્ચ, ઉન્નત સુરક્ષા માટે સેમસંગ નોક્સ વોલ્ટ, સુધારિત ગોપનીયતા માટે ઓટો બ્લોકર અને લાંબા ગાળાની વિશ્વસનીયતા માટે છ વર્ષના સુરક્ષા અપડેટ્સ સાથે છ OS અપગ્રેડનો સમાવેશ થાય છે.ગેલેક્સી M36 5G, તેના કિંમતના સેગમેન્ટમાં એમેઝોન પર નંબર 1- વેચાતો સ્માર્ટફોન પણ છે*, તેમાં સ્માર્ટ ઈન્ટરેક્શન માટે AI સુવિધાઓ, ઉન્નત ટકાઉપણું માટે કોર્નિંગ ગોરિલા ગ્લાસ વિક્ટસ પ્રોટેક્શન, ગૂગલ સર્કલ ટુ સર્ચ અને રિયલ- ટાઈમ વિઝ્યુઅલ વાતચીત માટે જેમિની લાઈવનો સમાવેશ થાય છે. તે xynos 1380 દ્વારા સંચાલિત છે અને કાર્યક્ષમ ગરમીના વિસર્જન માટે વેપર કૂલિંગ ચેમ્બર સાથે આવે છે, જે સરળ મલ્ટીટાસ્કિંગ અને લાંબા સમય સુધી લેગ-ફ્રી ગેમિંગ સુનિશ્ચિત કરે છે.

### રિયર એડમિરલ જીકે ગર્ગે ગલગોટિયાસ યુનિવર્સિટીની સિદ્ધિઓને બિરદાવી

ગ્રેટર નોઈડા: વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને દરિયાઈ સુરક્ષાના વધતા પડકારો વચ્ચે, ઉત્તર પ્રદેશની પ્રતિષ્ઠિત ગલગોટિયાસ યુનિવર્સિટી દ્વારા એક વિશેષ 'લીડરશીપ ડાયલોગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય નૌકાદળના નિવૃત્ત રિયર એડમિરલ ગિરીશ કુમાર ગર્ગે મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે ભૂ-રાજનીતિ, દરિયાઈ વ્યૂહરચના અને વૈશ્વિક વેપારની ગતિશીલતા પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવિ પેઢીને બદલાતા વૈશ્વિક સમીકરણો અને તેની આર્થિક અસરોથી અવગત કરાવવાનો હતો. યુનિવર્સિટીના સ્કૂલ ઓફ એવિએશન, લોજિસ્ટિક્સ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ (SALTM) દ્વારા આયોજિત આ સત્રમાં પશ્ચિમ એશિયામાં ચાલતા તણાવ અને તેની આંતરરાષ્ટ્રીય શિપિંગ કોરિડોર પર થતી અસરો અંગે ચર્ચા કરવામાં આવી હતી. રિયર એડમિરલ ગર્ગે હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના દરિયાઈ માર્ગોની વ્યૂહાત્મક અગત્યતા સમજાવી હતી.

## ન્યુરોબાયોને "નર્વ પેઈન રિલીફ ક્રીમ" રજૂ કરી, જે નસોથી સંબંધિત દુઃખાવો, બળતરા અને ઝણઝણાટી જેવા લક્ષણોમાં રાહત આપે છે

(એજન્સી) મુંબઈ | તા 12

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ લિમિટેડની ન્યુરોબાયોન બ્રાન્ડે નવી 'ન્યુરોબિયન નર્વ પેઈન રિલીફ ક્રીમ' લોન્ચ કરી છે. આ એક વિશિષ્ટ ટોપિકલ સોલ્યુશન છે, જે ખાસ કરીને હાથ અને પગમાં થતા નસોથી સંબંધિત દુઃખાવા, ઝણઝણાટી અને બળતરા જેવા લક્ષણોમાં રાહત આપવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. તાજેતરના પ્રચલિત આંકડા મુજબ, ભારતમાં 10 કરોડથી વધુ વયસ્કો હાથ અને પગમાં નસોથી સંબંધિત અસ્વસ્થતા જેવા કે નસોનો દુઃખાવો, ઝણઝણાટી અથવા બળતરા જેવા લક્ષણોનો અનુભવ કરે છે, જે ચાલવા, વસ્તુઓ પકડવા અથવા રાત્રે આરામ કરવા જેવી રોજિંદી પ્રવૃત્તિઓને પણ અસર કરી શકે છે. તેમ છતાં, ઘણા લોકો હજુ પણ સામાન્ય પેઈન રિલીફ ક્રીમનો ઉપયોગ કરે છે, જે મુખ્યત્વે સ્નાયુઓના સામાન્ય દુઃખાવા માટે બનાવવામાં આવી હોય છે. તેઓ ઘણી વખત એ બાબતથી અજાણ હોય છે કે નસોથી સંબંધિત




અસ્વસ્થતા માટે વિશેષ ઉપચારાત્મક અભિગમની જરૂર પડે છે. ન્યુરોબાયોન નર્વ પેઈન રિલીફ ક્રીમ તેના શ્રેષ્ઠ ફોર્મ્યુલેશન દ્વારા આ અધૂરી જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે. તેમાં 0.075 ટકા કેપ્સેઈસિન સામેલ છે જે વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત ઘટક છે અને ત્વચામાં પ્રવેશીને નસોના દુઃખાવાના મૂળ કારણને ટાર્ગેટ બનાવે છે. આ ફોર્મ્યુલેશનમાં મેન્થોલ, કેમ્ફોર અને યુકેલિપ્ટસ ઓઈલ પણ સામેલ છે, જે શાંતિદાયક અનુભવ આપે છે અને લક્ષિત લક્ષણાત્મક રાહત પ્રદાન કરવામાં સહાયરૂપ બને છે.આ ક્રીમમાં અનુકૂળ રોલ-ઓન એપ્લિકેટર આપવામાં આવ્યું છે, જેનાથી તેને હાથ અને પગની બંને બાજુઓ પર સરળ, લક્ષિત અને કોઈપણ પ્રકારની ગંદકી વિના લગાવી શકાય છે. તેનો ઉપયોગ દિવસમાં ત્રણથી ચાર વખત કરો અને બીજી વખત લગાવવાના સમયે વચ્ચે ચારથી છ કલાકનું અંતર રાખો અથવા આરોગ્ય નિષ્ણાંતની સલાહ મુજબ તેનો ઉપયોગ કરો. આ પ્રોડક્ટ 18 વર્ષ અને તેથી વધુ વયના વયસ્કો માટે ભલામણ કરવામાં આવે છે.

### ઓઆરડી એક્ટમાં રોયલ્ટી સુધારો ઉર્જા ક્ષેત્રે નવા યુગની શરૂઆત

નવી દિલ્હી: ભારતના ઉર્જા ક્ષેત્રને વધુ ગતિશીલ અને રોકાણકાર-લક્ષી બનાવવાના હેતુથી કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઓઈલફિલ્ડ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ એટલે કે ઓઆરડી એક્ટ હેઠળ રોયલ્ટી દરોનું તાર્કિકીકરણ (Rationalization) કરવામાં આવ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ નિર્ણયને ભારતની તેલ અને ગેસ વ્યવસ્થા માટે એક "નવા યુગની શરૂઆત" ગણાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ લેવાયેલો આ સીમાચિહ્નરૂપ નિર્ણય ઉર્જા ક્ષેત્રમાં લાંબા સમયથી પ્રવર્તતી અસંગતતાઓને દૂર કરી ઉત્પાદન ક્ષેત્રે નવી વૃદ્ધિ લાવશે.કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ ફેરફાર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ નિર્ણય નિયામક સ્પષ્ટતા (Regulatory Clarity) લાવવા તરફનું એક ઐતિહાસિક પગલું છે. વર્ષ 2025 માં ઓઆરડી એક્ટ અને પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ (PNG) નિયમોમાં કરવામાં આવેલા સુધારા બાદ, સરકારે હવે ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ અને કેસિંગ હેડ કન્ડેન્સેટ પર રોયલ્ટી નક્કી કરવાની નવી પદ્ધતિઓ અમલમાં મૂકી છે.

## ભારત ફોર્જે લેન્ડિંગ ગિયર ફોર્જિંગ્સના ઉત્પાદન માટે Embraer સાથે લાંબા ગાળાનો કોન્ટ્રેક્ટ કર્યો

(એજન્સી) પુણે | તા 12

એડવાન્સ્ડ ફોર્જીંગ અને પ્રિસિઝન એન્જીનિયરિંગમાં વિશ્વની અગ્રણી કંપની ભારત ફોર્જ લિમિટેડ (BFL)એ આજે જાહેરાત કરી છે કે તેણે અત્યંત મહત્વના લેન્ડિંગ ગિયર ફોર્જીંગના ઉત્પાદન અને સપ્લાઈ માટે Embraerની વૈશ્વિક એરોસ્પેસ સપ્લાઈ ચેઈનમાં સામેલ થનાર ભારત સૌ પ્રથમ સપ્લાયર બની ગયો છે. આ એગ્રિમેન્ટ હેઠળ ભારત ફોર્જ એ એમ્બ્રેયર (Embraer) ના કોમર્શિયલ અને સંરક્ષણ એરક્રાફ્ટ પ્રોગ્રામ્સ માટે લેન્ડિંગ ગિયર સિસ્ટમ્સના ખૂબ જ મજબૂત અને ગુણવત્તાયુક્ત ફોર્જ્ડ કમ્પોનન્ટ્સનો સપ્લાય કરશે.આ જોડાણ વૈશ્વિક એરોસ્પેસ સપ્લાય ચેઈનમાં ભારત ફોર્જની વિસ્તાર પામી રહેલી ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે અને જટિલ તેમજ સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત મહત્વના ઘટકો માટે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે તેનું સ્થાન મજબૂત કરે છે.આ લાંબા ગાળાનો કરાર ગુણવત્તા, વિશ્વસનીયતા અને લાંબા ગાળાના સહયોગ પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, તે સાથે જ વૈશ્વિકસ્તરના સર્ટીફિકેશન સ્ટાન્ડર્ડ્સ પૂરા કરતા ફોર્જ્ડ પ્રોડક્ટ્સ પૂરા પાડવા ભારત




ફોર્જની ક્ષમતાને પણ રજૂ કરે છે. ભારત ફોર્જ લિમિટેડના વાઈસ ચેરમેન અને જોઈન્ટ MD શ્રી અમિત બી કલ્યાણીએ જણાવ્યું હતું કે "Embraer માટે ફોર્જ્ડ કમ્પોનન્ટ્સ સપ્લાય કરનાર ભારત ફોર્જ સૌ પ્રથમ ભારતીય કંપની છે કે જે અમારા માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે તથા એરોસ્પેસ વ્યવસાયમાં અમે જે ક્ષમતાનું નિર્માણ કર્યું છે તેનું આ પ્રમાણ છે. અમારા પર ફરીથી વિશ્વાસ મૂકવા બદલ અમે એમ્બ્રેયરનો આભાર માની છીએ.અમે આગામી વર્ષોમાં એમ્બ્રેયર સાથે અમારા જોડાણને વધુ વિસ્તરીત કરવા અને તેમાં મૂલ્યવૃદ્ધિ કરવા માટે ઉત્સુક છીએ. આ એગ્રિમેન્ટ અમને એરો એન્જિન કમ્પોનન્ટ્સના સેક્ટરમાં હાંસલ કરેલી સફળતાની સાથે હવે અત્યંત મહત્વના સ્ટ્રક્ચરલ કમ્પોનન્ટ્સ માટે પણ મોટાપાયે કામગીરી કરવાની તક આપશે." ભારતીય કંપની સાથે થયેલો આ પ્રથમ કોન્ટ્રેક્ટ ભારતની એરોસ્પેસ ઈકોસિસ્ટમને આગળ વધારવા માટેની Embraer કટિબદ્ધતા દર્શાવે છે,જે સમગ્ર સપ્લાય ચેઈનમાં લાંબા ગાળાના મૂલ્યનું નિર્માણ કરશે.આ કોન્ટ્રેક્ટ એવા સમયે થયો છે જ્યારે એમ્બ્રેયર ભારતમાં તેની ઉપસ્થિતિ સતત વિસ્તાર કરી રહી છે અને સ્થાનિક ઉદ્યોગ સાહસિકો તેમજ સરકારી હિતધારકો સાથે સક્રિય સંવાદ જાળવી રહી છે.

## એમેઝોન દ્વારા ભારતભરના 90,000 ડિલિવરી એસોસિએટ્સ માટે હેલ્થ કવરેજનો વિસ્તાર

(એજન્સી) નવી દિલ્હી | તા 12

એમેઝોન ઈન્ડિયાએ આજે તેના ભારતના ઓપરેશન્સ નેટવર્કમાં કાર્યરત લગભગ 90,000 ડિલિવરી એસોસિએટ્સ માટે આરોગ્ય અને વીમા લાભોના વિસ્તરણની જાહેરાત કરી છે. આ લાભો દૈનિક તબીબી ખર્ચ માટે OPD કવરેજ, ઈનપેશન્ટ કેર (હોસ્પિટલમાં દાખલ થવા) માટે સપોર્ટ અને અસ્થાયી અથવા કાયમી વિકલાંગતા માટે વળતર પૂરું પાડે છે, જે તાત્કાલિક તબીબી જરૂરિયાતો અને ઈજાને કારણે થતા આવકના નુકસાન બંનેને આવરી લે છે. આ લાભો સહયોગીઓને તમામ લાસ્ટ-માઈલ પ્રોગ્રામ્સમાં લાગુ કરવામાં આવશે. મેડિક્લેમ કવરેજ વધારીને 1.5 લાખ કરવામાં આવશે, જ્યારે 10,000 સુધીના OPD ખર્ચને આવરી લેવામાં આવશે. ગ્રુપ પર્સનલ એક્સિડન્ટ કવરેજ વધારીને 10 લાખ કરવામાં આવ્યું છે. મેડિક્લેમ વધારીને રૂ.1.5 લાખ, OPD લાભો રૂ.10,000 સુધી અને અકસ્માત વીમો 10 લાખ સુધી વધારીને વીમા કવચને વધુ મજબૂત બનાવ્યું. ડિલિવરી એસોસિએટ્સ અને પરિવારના ત્રણ સભ્યો સુધી વેલનેસ લાભોનો વિસ્તાર, જેમાં ટેલી-કન્સલ્ટેશન, મફત OPD મુલાકાત અને આંતરરાષ્ટ્રીય સેકન્ડ ઓપિનિયનનો સમાવેશ. આંખ, દાંત અને સામાન્ય સ્વાસ્થ્ય તપાસ સહિત મફત ચેક-અપ ઓફર કરતા દેશવ્યાપી હેલ્થ કેમ્પનું આયોજન.સલીમ મેમણ, ડાયરેક્ટર - ઓપરેશન્સ, એમેઝોન ઈન્ડિયાએ જણાવ્યું



હતું કે: 'જેમ અમે ભારતભરમાં અમારા ઓપરેશન્સ નેટવર્ક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફ્રન્ટલાઈન વર્કફોર્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખીએ છીએ, તેમ અમારા ડિલિવરી એસોસિએટ્સની સુરક્ષા અને સુખાકારી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહે છે. અમે વધુ વ્યાપક સપોર્ટ પૂરો પાડવા માટે OPD, હોસ્પિટલમાં દાખલ થવા અને અકસ્માત લાભોમાં વીમા કવચનો વિસ્તાર કરી રહ્યા છીએ, અને મફત ચેક-અપ અને નિવારક સંભાળ ઓફર કરતા દેશવ્યાપી હેલ્થ કેમ્પ પણ શરૂ કરી રહ્યા છીએ. આ પહેલો એસોસિએટ્સની સુખાકારીને વધુ મજબૂત કરવા અને દેશભરમાં અમારા ઓપરેશન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્કેલ કરવા માટેના અમારા તાજેતરના રોકાણ રૂ.2,800 કરોડના રોકાણનો એક ભાગ છે.'આરોગ્ય અને સુરક્ષા પરના તેના વ્યાપક ફોકસના ભાગરૂપે, એમેઝોન તેના ઓપરેશન્સ વર્કફોર્સ માટે લક્ષિત પહેલોમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. મેડિકલ હેલ્થ કેમ્પ, જે આ વર્ષ માટે માર્ચમાં શરૂ થયા હતા, તે છ શહેરોમાં ડિલિવરી સ્ટેશનો પર ચલાવવામાં આવ્યા છે અને મેટ્રો અને ટાયર-II બંને શહેરોમાં ચાલુ રહેશે. આ કેમ્પ ડિલિવરી એસોસિએટ્સ માટે સક્રિય હેલ્થ સ્ક્રીનિંગ અને હીટ-રિસ્ક (ગરમીના જોખમ) ની ઓળખ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ખાસ કરીને ઉનાળાના મહિનાઓ દરમિયાન સ્વસ્થ કાર્યબળ સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે. વધુમાં, આરોગ્ય અને વીમા લાભો ડિલિવરી એસોસિએટ્સ માટે આરોગ્ય સંભાળ અને નાણાકીય સુરક્ષા બંનેને ટેકો આપવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. સુખાકારી લાભો વાર્ષિક સહયોગીઓ અને પરિવારના ત્રણ સભ્યોને આવરી લે છે, જેમાં અમર્યાદિત બહુભાષી વર્ચ્યુઅલ ડૉક્ટર પરામર્શ અને દર વર્ષે પરિવાર દીઠ બે મફત OPD મુલાકાતોનો સમાવેશ થાય છે. વધારાના સમર્થનમાં ડાયગ્નોસ્ટિક્સ, ફાર્મસી, ડેન્ટલ અને આંખની સંભાળ પર ડિસ્કાઉન્ટ, તેમજ નિવારક સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપતા સાધનોનો સમાવેશ થાય છે.એમેઝોને તૃતીય-પક્ષ વીમાકર્તાના સહયોગથી હજારો ડિલિવરી એસોસિએટ્સને મફત આરોગ્ય તપાસ પૂરી પાડવા માટે દેશવ્યાપી હેલ્થ કેમ્પનું પણ આયોજન કર્યું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-12

# ક્રૂઝ શિપમાં મહામારી : કોરોનાથી શરૂ કરીને હંતા અને નોરો વાઈરસ સુધી

દુનિયાભરના ઘણા દેશોમાં અત્યારે વેકેશનનો માહોલ ચાલે છે. ભારત અને એશિયાના કેટલાક દેશોમાં જ્યાં અતિશય ગરમીના કારણે રજાઓનો માહોલ છે ત્યાં કેટલાક સ્થળોએ અતિશય ઠંડીના કારણે રજાઓ છે. આ બધા વચ્ચે લાખો લોકો પ્રવાસ માટે નીકળી પડયા છે. આ પ્રવાસ વચ્ચે એક ભયાનક સમાચાર સામે આવ્યા છે. લોકો છેલ્લાં કેટલાક સમયથી ક્રૂઝ વેકેશન ઉપર જવાનું વધારે પસંદ કરતા હોય છે. તેમાંય ભારતમાં પણ આ ચલણ વધવા લાગ્યું છે. ક્રૂઝ વેકેશનના આ ક્રેઝ વચ્ચે એક એવા સમાચાર આવ્યા છે જેણે ફરી દુનિયાને ચિંતામાં મુકી દીધી છે. સ્વચ્છ, સલામત, સમયબદ્ધ અને શાનદાર દેખાતા આ ક્રૂઝ શીપ ધીમે ધીમે બિમારીઓના ઘર બનતા જાય છે. દુનિયાભરમાં મહામારીઓ ફેલાવાના કેન્દ્ર બની રહ્યા છે. જાણકારોના મતે મહામારીની કેટેગરીમાં મુકી શકાય તેવી બિમારીઓના ફેલાવા માટે આ ક્રૂઝશિપ અત્યંત સંવેદનશીલ સ્થાન બનવા લાગ્યા છે. ગત અઠવાડિયે જ બે મોટા ક્રૂઝ ઉપર બે અલગ અલગ વાઈરસનો હુમલો થયો અને અનેક લોકો તેનો ભોગ બન્યા હતા. એક કેસમાં એમવી હોંડિયસ જહાજમાં ઘાતક હંતાવાઈરસ ફેલાયો હતો જ્યારે બીજી તરફ કેરેબિયન પ્રિંસેસ નામના ક્રૂઝ ઉપર નોરોવાઈરસનો હુમલો થયો હતો. જાણકારો માને છે કે, કોરોના મહામારી બાદ લોકોમાં ક્રૂઝ ટ્રાવેલનો ક્રેઝ વધ્યો છે પણ તેઓ ભુલી જાય છે કે, કોરોના મહામારી વખતે પણ કેટલાક ક્રૂઝમાં વાઈરસ ફેલાયો હતો અને હજારો લોકોનાં મોત થયા હતા જેની વિગતો આજે પણ કદાચ દુનિયા પાસે નથી. કોઈપણ દેશ કોરોનાગ્રસ્ત ક્રૂઝને પોતાના કિનારે આવવા દેતા નહોતા અને સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. તેવી જ રીતે અત્યારે સ્થિતિ ફરી ઊભી થઈ છે. ખાસ વાત એવી છે કે લોકો ક્રૂઝમાં બેસીને એન્ટાર્કટિકા અને અન્ય દૂરના ધ્રુવીય પ્રદેશોની સફર કરવાનું પસંદ કરે છે. આ મોંઘીદાટ યાત્રા કરનારા લોકોની સંખ્યા વધી રહી છે અને સાથે સાથે તેમના ઉપર સ્વાસ્થ્યનું જોખમ પણ વધી રહ્યું છે. ચિંતાજનક બાબત એ છે કે, અત્યાર સુધી ક્રૂઝ ઉપર કોલાઈ રોગ, લિઝિયોનેયર્સ રોગ જેવા સંક્રમણો જોવા મળતા હતા. ત્યારબાદ થોડા વર્ષ પહેલાં કોરોના મહામારી ફેલાઈ હતી. તેમ છતાં લોકો આ તરફ વધારે આગળ વધવા લાગ્યા. હવે સ્થિતિ એવી આવી છે કે, નોરોવાઈરસ ફેલાયો છે અને તેની સાથે સાથે હંતા વાઈરસની એન્ટ્રી થઈ છે. કરોડો રૂપિયા ખર્ચીને જતા લોકો ગંભીર બિમારીઓનો ભોગ બની રહ્યા છે અને તેમને પોતાને તેની ગંભીરતાનો ખ્યાલ નથી. કોરોનામાં પણ અનેક લોકોનાં ચેપ ફેલાવાના કારણે મોત થયા હતા અને હાલમાં હંતા વાઈરસને કારણે પણ કેટલાક મોત થયા છે અને ઘણા લોકોની સ્થિતિ ગંભીર થયેલી છે. આ સંજોગોમાં જો તેના ઉપર કાબુ નહીં મેળવવામાં આવે તો આગામી સમયમાં સ્થિતિ વધારે પડકારજનક બની શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ડચ ઓપરેશન ધરાવતા એમવી હોંડિયસ ક્રૂઝ ઉપર હંતાવાઈરસની સૌથી મોટી અસર જોવા મળી છે. તેના કારણે ઘણા પ્રવાસીઓ ગંભીર રીતે બિમાર થઈ ગયા છે અને કેટલાકનાં તો મોત થયા છે. જાણકારોના મતે આ વાઈરસની ઘટના એટલા માટે પણ ગંભીર છે કારણ કે તેમાં એન્ડિઝ વાઈરસના સ્ટ્રેન પણ જોવા મળ્યા છે. જાણકારોના મતે આ હંતાવાઈરસનું એક દુર્લભ કહી શકાય તેવું સ્વરૂપ છે. તે પહેલાં પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાયો અને ત્યારબાદ માણસો થકી જ માણસોમાં ફેલાયો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું કે, આ વાઈરસ ક્લસ્ટરમાં ફેલાયો છે અને તે તમામની તપાસ કરવાની કામગીરી ચાલે છે. બીજી મેના રોજ પહેલી વખત આ વાઈરસને ફેલાવા અંગે સમાચાર આવ્યા હતા. તે સમયે જહાજ ઉપર ૧૪૭ પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સ હતા. બીજી તરફ તેમાંથી ૩૪ પ્રવાસીઓ તો ઉતરી ગયા હતા. હાલમાં તમામ સંક્રમીત લોકો સાઉથ આફ્રિકા, નેધરલેન્ડ અને સ્વિટ્ઝર્લેન્ડમાં સારવાર લઈ રહ્યા છે. કેટલાક લોકો માને છે કે, આ પ્રવાસીઓ જહાજ ઉપર આવ્યા તે પહેલા જ આ વાઈરસથી સંક્રમિત થઈ ગયા હતા. ખાસ વાત એ છે કે, એમવી હોંડિયસની જે ઘટના બની છે તેણે ફરી એક વખત એન્ટાર્કટિકા ટૂરિઝમ સામે મોટા સવાલ ઊભા કર્યા છે. એક્સપીડિશન અને ટૂરિંગ માટે લઈ જવાતી ટૂરમાં કેટલા જોખમ રહેલા છે તે આ ઘટનાએ સાબિત કર્યું છે. હાલમાં ક્રૂઝ ટૂરિઝમનો ક્રેઝ વધી રહ્યો છે. તેમાંય હવે એન્ટાર્કટિકાની ટૂર કરાવનારા ઓપરેટર્સ વધી રહ્યા છે અને ત્યાં જનારા લોકોની સંખ્યા પણ વધી છે. ઉલ્લેખનીય છે કે, કોરોના પહેલાં જોઈએ તો એક દાયકા પહેલાં ૨૦૧૫માં એન્ટાર્કટિકા જનારા પ્રવાસીઓની સંખ્યા માત્ર ૩૭,૦૦૦ હતી.

### નવગામ-નાયકા માર્ગ પર અકસ્માતમાં સદનસીબે મોટી દુર્ઘટના ટળી

# બાઈક સવારને બચાવવા જતાં ટ્રક ગટરમાં ખાબકી



(એજન્સી) ખેડા । તા. 12

ખેડા તાલુકાના નવગામથી નાયકા જતા મુખ્ય માર્ગ પર એક અકસ્માત સર્જાયો હતો. બાઈક સવારને બચાવવાના પ્રયાસમાં ઈંટો ભરેલી ટ્રક ગટરમાં પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, બાઈક સવાર રસ્તાની બાજુમાં આવેલા પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરાવીને મુખ્ય માર્ગ પર આવી રહ્યો હતો. તે જ સમયે સામેથી ઈંટો ભરેલી એક ટ્રક આવી રહી હતી. ટ્રક ચાલકે બાઈક સવારને ટક્કરથી બચાવવા માટે તાત્કાલિક ટ્રકને ગટર તરફ વાળી દીધી હતી. આ પ્રયાસમાં ટ્રક ગટરમાં ઉતરીને પલટી ખાઈ ગઈ હતી. ટ્રકમાં ભરેલી તમામ ઈંટો પણ રસ્તા પર વેરવિખેર થઈ ગઈ હતી. ટ્રક ચાલકની સમયસૂચકતાને કારણે બાઈક સવારનો જીવ બચી ગયો હતો. અકસ્માતને પગલે માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો, જોકે બાદમાં સ્થિતિ સામાન્ય બની હતી. ખેડા તાલુકાના નવગામથી નાયકા જતા મુખ્ય માર્ગ પર એક અકસ્માત સર્જાયો હતો. બાઈક સવારને બચાવવાના પ્રયાસમાં ઈંટો ભરેલી ટ્રક ગટરમાં પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, બાઈક સવાર રસ્તાની બાજુમાં આવેલા પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરાવીને મુખ્ય માર્ગ પર આવી રહ્યો હતો. તે જ સમયે સામેથી ઈંટો ભરેલી એક ટ્રક આવી રહી હતી. ટ્રક ચાલકે બાઈક સવારને ટક્કરથી બચાવવા માટે તાત્કાલિક ટ્રકને ગટર તરફ વાળી દીધી હતી. આ પ્રયાસમાં ટ્રક ગટરમાં ઉતરીને પલટી ખાઈ ગઈ હતી. ટ્રકમાં ભરેલી તમામ ઈંટો પણ રસ્તા પર વેરવિખેર થઈ ગઈ હતી.

# નેશનલ હાઈવે પર કેમિકલ ટેન્કર પલટ્યું

### 20 ફૂટ નીચે ખાબકતાં 30,000 લીટર જ્વલનશીલ પ્રવાહી લીક

(એજન્સી) ખેડા । તા. 12

ખેડા જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે 48 પર ગત રાત્રિના સમયે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલું કેમિકલ ભરેલું એક ટેન્કર દાવડા બ્રિજ પાસે ચાલકે કાબૂ ગુમાવતા હાઈવેની બાજુમાં આવેલા 20 ફૂટ ઊંડા ખાડામાં પલટી ખાઈ ગયું હતું.

આ ટેન્કરમાં આશરે 30,000 લીટર MMA નામનું અત્યંત જ્વલનશીલ કેમિકલ ભરેલું હતું. ટેન્કર પલટી જતાં તેમાંથી



કેમિકલનું લીકેજ શરૂ થયું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. કેમિકલની જોખમી પ્રકૃતિને કારણે આગ લાગવાની ભીતિ સેવાઈ રહી હતી, જેથી તાત્કાલિક સ્થાનિક તંત્રને જાણ કરવામાં આવી.

ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ બે વોટર બ્રાઉઝર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કેમિકલ લીકેજથી કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે ફાયર ફાઈટરો દ્વારા ટેન્કર પર સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો. હાઈવે પેટ્રોલિંગ ટીમ, એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસનો કાફલો પણ સ્થળ પર તહેનાત કરવામાં આવ્યો હતો.

અકસ્માતની ગંભીરતાને જોતા ગ્રામ્ય મામલતદાર પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને રાહત કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. કેમિકલ લીકેજને અટકાવવા અને સુરક્ષાના ભાગરૂપે આસપાસના વિસ્તારને સુરક્ષિત કરવામાં આવ્યો.

## પોરબંદરના અધિકારી ગુજરાત કેડર DAO, ડીએ એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા

પોરબંદર : પોરબંદર આર એન્ડ બી ડિવિઝનમાં સિનિયર ડિવિઝનલ એકાઉન્ટ્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા હિતેન્દ્રકુમાર પરમાર અમદાવાદ ખાતે યોજાયેલી ડિવિઝનલ એકાઉન્ટ્સ ઓફિસર્સ / ડિવિઝનલ એકાઉન્ટન્ટ એસો., ગુજરાત કેડરની ચૂંટણીમાં બહુમતીથી વિજય મેળવી પ્રમુખ તરીકે ચૂંટાયા છે.

તેમની આ સિદ્ધિથી પોરબંદર જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

લાંબા અનુભવ, કાર્યકુશળતા અને નેતૃત્વ ક્ષમતાના આધારે તેઓ સમગ્ર ગુજરાત કેડરના અધિકારીઓના પ્રશ્નોને અસરકારક રીતે વાચા આપશે અને સંગઠનને વધુ મજબૂત બનાવશે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

### 7 લાખ રોકડા, 1 કરોડના મકાનની માંગ કરી, સ્ત્રીધન પડાવ્યું

# નડિયાદમાં 15 સાસરિયાઓ સામે દહેજની ફરિયાદ

(એજન્સી) નડિયાદ । તા. 12

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ તેના સાસરિયાઓ વિરુદ્ધ દહેજ માટે શારીરિક અને માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે.

નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ-સસરા, નણંદ-નણંદોઈ સહિત કુલ 15 શખ્સો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શોભાબેન (નામ બદલેલ છે)ના લગ્ન જયદીપકુમાર પરમાર સાથે થયા હતા. લગ્નના ત્રણ માસ બાદથી જ સાસરી પક્ષ દ્વારા દહેજ માટે દબાણ શરૂ કરવામાં આવ્યું હતું. પરિણીતાના પિયરમાંથી સોના-ચાંદીના દાગીના, ઘરવખરી અને આશરે 7 લાખ રોકડા તેમજ ઓનલાઈન 8,95,047 રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. તેમ છતાં, સાસરિયાઓ દ્વારા વધુ દસ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી.

ફરિયાદ મુજબ, સાસરિયાઓ પરિણીતાના પિયર પક્ષ પાસે એક કરોડ રૂપિયાનું મકાન લઈ આપવા માટે સતત દબાણ કરતા હતા.

આ ઉપરાંત, પરિણીતાનું સ્ત્રીધન, જેમાં તેના સોનાના દાગીના અને કપડાંનો સમાવેશ થાય છે, તે પણ સાસરિયાઓએ પોતાની પાસે રાખી લીધું હતું. જ્યારે પરિણીતાએ આનો વિરોધ કર્યો, ત્યારે તેને ગાળો આપીને શારીરિક મારઝૂડ કરવામાં આવી હતી.

વધુમાં, ગત 15 માર્ચ, 2024 ના રોજ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને પરિણીતાને એક ઓફિસમાં બોલાવી હતી.

ત્યાં હાજર તમામ શખ્સોએ ભેગા મળીને પરિણીતાને ગાળો આપી હતી અને તેના પતિએ ગળું દબાવીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં છે.

આ સમયે અન્ય સાસરિયાઓએ પણ તેને ઉશ્કેરીને છૂટાછેડા આપી દેવા અથવા જીવતી સળગાવી દેવાની ધમકી આપી હતી.

# પાટણ-સિદ્ધપુર નગરપાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટણી 19 મેના રોજ

### કલેક્ટરે અધ્યાસી અધિકારી નિમ્યા; પાટણમાં મહિલા, સિદ્ધપુરમાં પછાતવર્ગ માટે પદ અનામત

(એજન્સી) પાટણ । તા. 12

પાટણ અને સિદ્ધપુર નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે 19 મે, 2026 ના રોજ ચૂંટણી યોજાશે. કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ અંગેનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે. બંને નગરપાલિકાના સભાખંડમાં બેઠક યોજીને નવી વરણી પ્રક્રિયા હાથ ધરાશે. પાટણ જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 28 એપ્રિલ, 2026 ના રોજ ચૂંટાયેલા સદસ્યોના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ગુજરાત નગરપાલિકા અધિનિયમ 1963 ની કલમ 32(1) અને (2) હેઠળ કલેક્ટરે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે અધ્યાસી અધિકારીઓની નિમણૂક કરી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા મુજબ રોસ્ટર પોઈન્ટ પણ નક્કી કરાયા છે.

પાટણ નગરપાલિકામાં પ્રમુખ પદ પ્રથમ રોસ્ટર પોઈન્ટ મુજબ બક્ષીપંચ વર્ગની સ્ત્રી ઉમેદવાર માટે અનામત રાખવામાં આવ્યું છે. આ ચૂંટણી માટે નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, પાટણની અધ્યાસી અધિકારી તરીકે નિમણૂક કરાઈ છે. જ્યારે સિદ્ધપુર નગરપાલિકામાં પ્રમુખ પદ પછાત વર્ગ (સ્ત્રી કે પુરુષ) ઉમેદવાર માટે નક્કી કરવામાં આવ્યું છે. સિદ્ધપુર નગરપાલિકાની ચૂંટણી માટે નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, સિદ્ધપુર અધ્યાસી અધિકારી તરીકે ફરજ બજાવશે. બંને નગરપાલિકામાં ચૂંટણી પ્રક્રિયા 19 મે, 2026 ના રોજ સવારે 11:00 કલાકે યોજાશે.

# રાધનપુર હાઈવે પર ટ્રકની ટક્કર, વૃદ્ધનું મોત

### પોલીસે ટ્રક ચાલકને ઝડપી ગુનો નોંધ્યો

(એજન્સી) રાધનપુર । તા. 12

રાધનપુર હાઈવે પર સોમવારે સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે 65 વર્ષીય વૃદ્ધને ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના પાટણ જિલ્લાના રાધનપુર હાઈવે પર આવેલા ઈસ્કોન શોપિંગ સેન્ટર નજીક સોમવારે સાંજે આશરે 6:00 વાગ્યાના સુમારે બની હતી. નવા ઈન્દ્રવા, તા. ભાભરના રહેવાસી દેવાજી મોતીજી રાઠોડ (ઉં.વ. 65) ચાલતા જઈ રહ્યા હતા ત્યારે



પાછળથી આવતી ટ્રક નંબર GJ 02 Z 0840 ના ચાલકે તેમને અડફેટે લીધા હતા.

ટ્રકની ટક્કર એટલી ભયાવહ હતી કે વૃદ્ધનું માથું ટ્રકના ટાયર નીચે આવી ગયું હતું, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતકના પૌત્ર સંજયભાઈ અરજણભાઈ ઠાકોરે રાધનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર ટ્રક ચાલકનું નામ કાનજીભાઈ ડાયાભાઈ ગોહિલ (રહે. ભીમસર, તા. રાપર, જી. કચ્છ) હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અકસ્માત સર્જનાર ટ્રક અને તેના ચાલકને ઝડપી પાડ્યા હતા. રાધનપુર પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ B.N.S.S ની કલમ 281, 106(1), 125(b) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ 177 અને 184 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દિનેશભાઈ માનજીભાઈ જોષી કરી રહ્યા છે.

### કલેક્ટરના આદેશ બાદ 4 શખ્સો સામે ગુનો દાખલ

# રાધનપુરમાં શિક્ષકે જમીન પચાવી પાડવા બદલ ફરિયાદ કરી

(એજન્સી) રાધનપુર । તા. 12

રાધનપુર તાલુકાના નાનાપુરા ગામની સીમમાં ખેતીની જમીન પચાવી પાડવા બદલ ચાર શખ્સો વિરુદ્ધ રાધનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. રાધનપુર પ્રાથમિક શાળાના શિક્ષક હેંગાભાઈ જાગાભાઈ ભરવાડે સગરામભાઈ રાયાભાઈ રાવળ, કનુભાઈ સગરામભાઈ રાવળ, ચતુરભાઈ સગરામભાઈ રાવળ અને પિન્ટુભાઈ સગરામભાઈ રાવળ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરી છે. કલેક્ટરના આદેશ બાદ પોલીસે આ કાર્યવાહી કરી છે. ફરિયાદ મુજબ, ફરિયાદી હેંગાભાઈ ભરવાડે વર્ષ 2020માં નાનાપુરા ગામના સર્વે નંબર 309 પૈકી 2 વાળી 1-94-62 હેક્ટર જમીન ઉકાભાઈ માવજીભાઈ ચમાર પાસેથી રૂ. 2,00,000માં ખરીદી હતી. આ જમીન અગાઉ મૂળ માલિકે રાવળ પરિવારના સભ્યોને ભાગે વાવેતર કરવા આપી હતી. જમીન વેચાઈ ગયા બાદ પણ આરોપીઓએ તેનો કબજો ખાલી કર્યો ન હતો. આ મામલે સેશન્સ કોર્ટે ફરિયાદીની તરફેણમાં હુકમ કર્યો હોવા છતાં, આરોપીઓએ જમીનનો કબજો છોડવાનો ઈનકાર કર્યો હતો. જમીનનો કબજો મેળવવા માટે ફરિયાદીએ પાટણ કલેક્ટર કચેરીમાં ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ હેઠળ ઓનલાઈન અરજી કરી હતી. કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી લેન્ડ ગ્રેબિંગ સમિતિની તપાસમાં આરોપીઓનો કબજો અનઅધિકૃત હોવાનું સાબિત થયું હતું. સમિતિ દ્વારા જમીન ખાલી કરવાની સૂચના આપવા છતાં, આરોપીઓએ અડધા ભાગની એટલે કે 0-97-31 હેક્ટર જમીન પર ગેરકાયદેસર કબજો ચાલુ રાખ્યો હતો અને ત્યાં વિવિધ પાકોનું વાવેતર કરી આર્થિક લાભ મેળવતા હતા. કલેક્ટરના હુકમ બાદ રાધનપુર પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમની કલમ 4(3), 5 તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ 329(3), 54 અને જી.પી. એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક પ્રણાલસિંહ લક્ષ્મણસિંહ પરમારને સોંપી છે.

# વાપી મનપાના 3 ગામના વીજ ગ્રાહકોને રાહત

(એજન્સી) વાપી । તા. 12

વાપી મનપા બન્યા બાદ ધીમે-ધીમે મહત્વના નિર્ણયો લેવામાં આવી રહ્યાં છે.જેમા વટાર, મોરાઇ, કુંતાના વીજ ગ્રાહકોએ વીજ પ્રશ્નો માટે ઉદવાડા વીજ કચેરી સુધી જવું પડતુ હતું. પરંતુ હવે નાણામંત્રી કનુભાઇ દેસાઇ, ડીજીવીએસલના એમડી યોગેશ ચૌધરીના પ્રયાસોથી હવે ત્રણ ગામોનો દક્ષિણ ગુજરાત વીજ કંપનીના વાપી પશ્ચિમ સબ ડિવિઝનમાં સમાવેશ કરાયો છે. જેથી 3 ગામના ગ્રાહકોએ હવે ઉદવાડા સુધી જવું પડશે નહિ. વાપીના મોરાઇ, કુંતા અને વટાર ગામના વીજ ગ્રાહકોને વર્ષોથી વીજ કચેરી માટે ઉદવાડા બ્રિજ પાસે જવું પડે છે. પરંતુ વાપી મહાનગરપાલિકામાં આ ત્રણેય ગામોનો સમાવેશ કરાયો છે. જેથી હવે આ ત્રણ ગામના વીજ ગ્રાહકોએ હેરાન ન થવું પડે તે માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. દક્ષિણ ગુજરાત વીજ કંપનીના એમડી અને કમિશનર યોગેશ ચૌધરીના માર્ગદર્શન વાપી વેસ્ટ ડિવિઝનના નાયબ કાર્યપાલક વી વી પટેલ અને તેમની ટીમે વાપી મહાનગર પાલિકામાં સમાવિષ્ઠ મોરાઇ, કુંતા અને વટાર વિસ્તારના હજારો જોડાણ ધરાવતા ગ્રાહકોને સુવિધા મળી રહે તે માટે આ ત્રણેય વિસ્તારને વાપી પશ્ચિમ સબ ડિવિઝનમાં સમાવેશ કરાયો છે. હવે ત્રણેય વિસ્તારના ગ્રાહકોને વીજ સંબંધિત પ્રશ્નો કે કામોના નિકાલ માટે ઉદવાડા સુધી લંબાવવું પડશે નહિં. વાપી વેસ્ટની ચલા ઓફિસથી ત્રણ ગામના વીજ ગ્રાહકોના પ્રશ્ન ઉકેલાશે.

### RTEમાં મંજૂરી, શાળાએ એડમિશન નહીં આપ્યું

# શાળાઓને પરિપત્ર મોકલી પ્રવેશનો આદેશ કર્યો

(એજન્સી) વાપી । તા. 12

વાપી-વલસાડ સહિતની ખાનગી શાળાઓને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ પાઠવેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે નિયામકના સંદર્ભ-1ના પત્રથી શૈક્ષણિક વર્ષ 2026-27માં આરટીઈ એક્ટ હેઠળ 25 ટકા અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-1માં વિના મુલ્યે અભ્યાસ કરવા અર્થે બાળકને પ્રવેશ ફાળવવામાં આવેલો હતો. જેની યાદી સંબંધિત તમામ શાળાઓ પાસે ઉપલબ્ધ છે. શિક્ષણ કચેરી સંદર્ભના પત્રથી RTE ACT હેઠળ પ્રથમ રાઉન્ડમાં ફાળવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી 5થી 12 મેના દરમ્યાન પૂર્ણ કરવા જણાવ્યું હતું. તેમ છતાં હજી કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ નથી તેમજ યેનકેન પ્રકારે હેરાન કરી પ્રવેશથી વંચિત રાખવાનો પ્રયત્ન કરેલ છે. જે આરટીઈ એકટના જોગવાઈનું ઉલ્લંઘન થયેલ છે. સંબંધિત શાળાને ફરીથી જણાવવામાં આવે છે કે આરટીઈ એકટની પ્રથમ રાઉન્ડના પ્રવેશની કાર્યવાહી 12 મેના રોજ પૂર્ણ કરવાની હોય આ સાથેની યાદી મુજબની શાળાએ તાત્કાલિક પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવી. પ્રવેશ બાબતે કોઇ પણ પ્રકારની મુશ્કેલી હોય તો કચેરીનો સંપર્ક કરવો અને વાલીઓને બિનજરૂરી કચેરી ખાતે મોકલવા નહીં. સમય મર્યાદામાં શાળાએ પ્રવેશ આપવો. પ્રાથમિક શિક્ષણ વિભાગે આરટીઇ હેઠળ અરજીને મંજુર કરી વાલીઓને ખાનગી શાળામાં પ્રવેશ લેવા જણાવવામાં આવે છે, પરંતુ વાપી-વલસાડની કેટલીક ખાનગી શાળાઓ દર વર્ષે વાલીઓને ધો.1ના પ્રવેશ માટે રઝળાવે છે. આરટીઈમાં તમારા બાળકને નાસ્તો મળશે નહિ, સ્પોટર્સ એકટિવિટીમાં ભાગ લઈ શકશે નહિ સહિતના સવાલો રજુ કરે છે. શિક્ષણ વિભાગના આદેશનું પણ કેટલીક શાળાઓ પાલન કરતી નથી. 12 મે પછી જિલ્લા શિક્ષણ વિભાગ આ શાળાઓ સામે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની મીટ છે.

# દાહોદ કલેક્ટરે જિલ્લા સેવા સદનમાં ઓચિંતી તપાસ કરી

(એજન્સી) દાહોદ । તા. 12

દાહોદ જિલ્લા કલેક્ટરે આજે વહેલી સવારે જિલ્લા સેવા સદન કચેરીની વિવિધ શાખાઓમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. કલેક્ટરે પૂર્વ સૂચના વગર કચેરીમાં પ્રવેશ કરી જુદી જુદી શાખાઓની મુલાકાત લીધી હતી. આ તપાસનો મુખ્ય હેતુ વહીવટી પારદર્શિતા અને કર્મચારીઓની કાર્યક્ષમતા ચકાસવાનો હતો.

મુલાકાત દરમિયાન કલેક્ટરે કચેરીની રોજબરોજની કામગીરી અને જનતાની અરજીઓના નિકાલની સ્થિતિનું નિરીક્ષણ કર્યું. કેટલીક શાખાઓમાં દસ્તાવેજોના વ્યવસ્થાપનમાં ક્ષતિઓ જોવા મળી હતી. કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી કે સરકારી રેકોર્ડનું વર્ગીકરણ વૈજ્ઞાનિક અને સુવ્યવસ્થિત રીતે થવું જોઈએ, જેથી જરૂર પડ્યે ફાઈલો ત્વરિત મળી શકે. વહીવટી તપાસ ઉપરાંત, કલેક્ટરે કચેરીમાં સ્વચ્છતાનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે પરિસરમાં અને ટેબલો પર જમા થયેલી ધૂળ તથા બિનજરૂરી કાગળોના ઢગલા જોઈને તાત્કાલિક સફાઈ અભિયાન હાથ ધરવાનો આદેશ આપ્યો. કર્મચારીઓને શિસ્તબદ્ધ રીતે બેસવા અને કચેરીનું વાતાવરણ અરજદારો માટે અનુકૂળ રાખવા પણ તાકીદ કરવામાં આવી.

### માથાના ભાગે ગંભીર ઈજા અને પગમાં ફ્રેક્ચર થતા અમદાવાદ ખસેડાયો

# લીમખેડા રેલવે સ્ટેશન પર ચાલું ટ્રેનમાં ચઢતા યુવાન પટકાયો

(એજન્સી) લીમખેડા । તા. 12

લીમખેડા રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરતા એક 35 વર્ષીય યુવાન પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે પટકાયો હતો. આ અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પગલે તેમને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મૂળ અમદાવાદનો રહેવાસી જાવેદ એજાજ શેખ પોતાના પરિવાર સાથે બામણિયાથી છોટા ઉદેપુર જઈ રહ્યો હતો. લીમખેડા રેલવે સ્ટેશન પર મેમુ ટ્રેન ઊભી રહેતા જાવેદ પાણી લેવા પ્લેટફોર્મ પર




ઉતર્યો હતો. પાણી લઈને પરત ફરતી વખતે ટ્રેને ગતિ પકડી લીધી હતી. ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરતી વખતે જાવેદનું સંતુલન બગડ્યું અને તે પ્લેટફોર્મ પર નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં જાવેદને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને પગમાં ફ્રેક્ચર થયું હતું. સ્થાનિક લોકો અને રેલવે પોલીસની મદદથી તેને ગોધરા સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. ગોધરાના તબીબોએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કર્યો છે. રેલવે પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ફતેપુરાના VCE વિજય પરમારને ફરજમુક્ત કરાયા

(એજન્સી) દાહોદ । તા. 12

દાહોદ જિલ્લાના ફતેપુરા ગ્રામ પંચાયતમાં જન્મ પ્રમાણપત્ર આપવા માટે નિયત ફી કરતાં વધુ રૂપિયા લેતા વિલેજ કોમ્પ્યુટર આંત્રપ્રિન્યોર (VCE) વિજયભાઈ નારણભાઈ પરમારને ફરજમુક્ત કરવામાં આવ્યા છે. તેમનો વીડિયો સામે આવ્યા બાદ તાલુકા વિકાસ અધિકારી (TDO) એ આદેશ આપ્યો હતો.

વિજય પરમાર ફતેપુરા ગ્રામ પંચાયતમાં VCE તરીકે ફરજ બજાવતા હતા. તેઓ અરજદારો પાસેથી જન્મનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે 200ની માંગણી કરતા હોવાનો વીડિયો સામે આવ્યો હતો.

તાલુકા વિકાસ અધિકારીના આદેશ બાદ,11 મેના રોજ ફતેપુરા ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી અને સરપંચે VCE વિજય પરમારને ફરજમુક્ત કરતો લેખિત હુકમ સોંપ્યો. હુકમમાં નિયત ફી કરતાં વધુ નાણાં વસૂલવાના કૃત્યને ગંભીર ગણી તાત્કાલિક છૂટા કરવાનો ઉલ્લેખ છે. તંત્રએ VCEને તમામ સરકારી આઈ.ડી. અને પાસવર્ડ તલાટીને સુપ્રત કરવા પણ જણાવ્યું છે. આ પ્રક્રિયામાં કોઈ ક્ષતિ કે આનાકાની થશે તો ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

### ધીમી કામગીરીથી લોકો પરેશાન

# એસટી ડેપો પાસે પેવરબ્લોકની કામગીરી ગોકળગાયની ગતિએ

(એજન્સી) પોરબંદર । તા. 12

શહેરના મુખ્ય એસ.ટી. ડેપો પાસે ફૂટપાથ પર પેવરબ્લોક નાખવાની કામગીરી છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે, પરંતુ આ કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતી હોવાથી સ્થાનિકો અને ખાસ કરીને રિક્ષાચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્રની નિષ્ક્રિયતાને કારણે 'ગોકળ ગાયની ગતિ'એ ચાલતું આ કામ હવે લોકો માટે માથાનો દુખાવો બની ગયું છે.



પોરબંદર શહેરના એસ.ટી. ડેપો જેવો વ્યસ્ત વિસ્તાર હોવા છતાં ફૂટપાથના નવીનીકરણનું કામ કાચબા ગતિએ ચાલી રહ્યું છે. રસ્તા પર ઠેર-ઠેર ખોદકામ અને પેવરબ્લોકના ઢગલા પડ્યા હોવાથી ટ્રાફિકની સમસ્યા વકરી છે. સૌથી વધુ હાલાકી અહીં વર્ષોથી વ્યવસાય કરતા રિક્ષાચાલકોને ભોગવવી પડી રહી છે.

રિક્ષા પાર્ક કરવાની જગ્યા ન મળતા અને રસ્તો સાંકડો થઈ જવાથી મુસાફરોને બેસાડવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિક રિક્ષાચાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'કામ શરૂ કર્યાને લાંબો સમય વીતી ગયો છે, છતાં હજુ સુધી કોઈ અંત દેખાતો નથી. અડધું પડધું કામ છોડી દેવાતા અકસ્માતનો ભય પણ રહે છે. ત્યારે આ કામ તાત્કાલિક પૂર્ણ કરવા માંગ કરી હતી.

તો ડેપોની મુલાકાતે આવતા મુસાફરોને પણ ધૂળ અને ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે તંત્ર ઊંઘમાંથી જાગીને આ કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરાવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# એક જ નંબર પર બે ટ્રાવેલ્સો દોડાવીને ટેક્સચોરીનું કૌભાંડ

(એજન્સી) સુરત । તા. 12

સુરત ગ્રામ્ય એલ.સી.બીએ કડોદરા ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને મોટા છેતરપિંડીના રેકેટને ઝડપી પાડ્યું છે.

સદગુરૂ શિવમ ટ્રાવેલ્સના માલિક અને ડ્રાઈવર દ્વારા આર.ટી.ઓ. ટેક્સની ચોરી કરવાના ઈરાદે એક જ રજીસ્ટ્રેશન નંબર પર બે અલગ-અલગ બસો ચલાવવાનું કારસ્તાન પ્રકાશમાં આવ્યું છે. કડોદરા ચાર રસ્તા ખાતેથી સદગુરૂ શિવમ ટ્રાવેલ્સની એક બસ ઝડપાઈ હતી. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી હતી કે આ બસ પર જે રજીસ્ટ્રેશન નંબર 'AR-06-C-0444' લગાવેલો હતો, તે જ નંબર અન્ય એક બસ પર પણ ઉપયોગમાં લેવાતો હતો. સરકારી ટેક્સ ભરવો ન પડે તે હેતુથી એન્જિન અને ચેસિસ નંબર સાથે છેડા કરી, બનાવટી દસ્તાવેજોના આધારે નાસિક-સુરત અને અમરેલી-સુરત જેવા લાંબા રૂટ પર આ બસો દોડાવવામાં આવતી હતી.

પોલીસે બસ ચાલક બિજલ ભાઈ ભુરખીયા (ભાવનગર)ની ધરપકડ કરી છે. જ્યારે ટ્રાવેલ્સના માલિક અજયભાઈ રમેશભાઈ વામજા (રહે. સુરત) હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે કુલ બે લક્ઝરી બસ સહિત કુલ રૂપિયા 30,10,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કડોદરા GIDC પોલીસ મથકે આ મામલે આર.ટી.ઓ અને સરકાર સાથે છેતરપિંડી કરવાના ગંભીર ગુનાની વધુ તપાસ પી.એસ.આઈ. એ.એન. ચૌહાણ ચલાવી રહ્યા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ પ્રકારે અન્ય કેટલી બસો રસ્તા પર દોડી રહી છે અને આ કૌભાંડમાં અન્ય કોણ સંડોવાયેલું છે. આરોપીઓએ બેમાંથી એક બસના એન્જિન નંબર અને ચેચિસ નંબર સાથે ચેડા કરી ડુપ્લીકેટ એન્જિન નંબર અને ચેચિસ નંબર તૈયાર કર્યા હતાં.

### માંડવીના કાકરાપાર ડેમમાં 4 યુવક ડૂબ્યા

# એકને બચાવવા અન્ય ત્રણ પણ પાણીમાં કુદ્યા; પાણીનો પ્રવાહ વધુ હોવાને કારણે મોતને ભેટ્યા

(એજન્સી) માંડવી । તા. 12

સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. જાણીતા પ્રવાસન સ્થળ અને સિંચાઈના મુખ્ય સ્ત્રોત ગણાતા કાકરાપાર ડેમમાં નહાવા પડેલા ચાર મિત્રના પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યાં છે. 11 મેની સાંજે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતક યુવાનોના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે સાંજના સમયે ચાર યુવાન કાકરાપાર ડેમની નહેરમાં નહાવા માટે ગયા હતા. નહાતી વખતે અચાનક એક યુવાન ઉંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો અને ડૂબવા માંડ્યો હતો. તેને ડૂબતો જોઈ બાકીના ત્રણ મિત્ર તેને બચાવવા માટે પાણીમાં કૂદી પડ્યા હતા. પરંતુ કમનસીબે, પાણીનો પ્રવાહ અને ઉંડાઈ વધુ હોવાને કારણે ચારેય મિત્ર એકબીજાને બચાવવાની મથામણમાં પોતે જ મોતને ભેટ્યા હતા.

માંડવી પોલીસ પીઆઈ જયેશ વળવી સાથે થયેલી વાતચીત મુજબ મૃતક કાલે બપોરે ઢોર ચારવા, તેમને નવરાવવા માટે કાકરાપાર ડેમના હેઠવાસના ભાગમાં ગયો હતો, તે પરત ન ફરતાં તેમને શોધવા માટે તેમના ત્રણ ભાઈ ગયા હતા, તેઓ શોધવા માટે અંદર પડ્યા પરંતુ તે પણ ડૂબી ગયા..તેઓ સંબંધમાં મૃતકના ભાઈઓ થતાં હતા જેમના નામ સાહિલ જિતેન્દ્ર ચૌધરી (મોટોભાઈ સગો), કોશિક જિતેન્દ્ર ચૌધરી, ગણેશ નાનસિંગ ચૌધરી, પ્રવીણ બાલુ ચૌધરી.

# રોગચાળાને નાથવા એક્શન પ્લાન તૈયાર, કર્મચારીઓને તાલીમ અપાઈ

વલસાડ : વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગે આગામી ચોમાસાની ઋતુ માટે રોગચાળાને પહોંચી વળવા તૈયારીઓ તેજ કરી છે. ડેન્ગ્યુ, મેલેરિયા અને પાણીજન્ય રોગોને અટકાવવા માટે એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં કર્મચારીઓને તાલીમ પણ આપવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર, તમામ મેડિકલ ઓફિસરો અને સુપરવાઈઝરો સાથે તાલુકાવાર બેઠકો યોજી ચોમાસા દરમિયાન લેવાના થતા સાવચેતીના પગલાં અને કામગીરી અંગે માર્ગદર્શન અપાયું છે. પાયાની કામગીરી કરતી આશા વર્કરોને પણ ખાસ તાલીમ આપવાની શરૂઆત થઈ છે.

રોગચાળાના નિયંત્રણ માટે જરૂરી લોજિસ્ટિક્સ, જેમ કે ફોગિંગ મશીનનું રિપેરિંગ અને દવાઓનો પૂરતો જથ્થો, ગાંધીનગર અને જિલ્લા કક્ષાએથી તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) સુધી પહોંચાડી દેવાયો છે.

આરોગ્ય વિભાગે નાગરિકોને પણ સાવચેત રહેવા અપીલ કરી છે. ઉનાળામાં પક્ષીઓ માટે રખાયેલા કુંડા કે પાત્રો ચોમાસામાં ઊંધા વાળી દેવા જેથી તેમાં મચ્છરોનો પ્રજનન ન થાય. બાંધકામ સાઈટ્સ પર પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવા કોન્ટ્રાક્ટરોને સૂચના અપાઈ છે. જો પાણી નિકાલ શક્ય ન હોય તો ત્યાં બળેલું ઓઈલ નાખવા જણાવાયું છે.

# બારડોલી BAPS મંદિરના 31માં પાટોત્સવની ઉજવણી

### માત્ર ભગવા વસ્ત્ર ધારણ કરવાથી સત્પુરુષ ન બનાય

(એજન્સી) બારડોલી । તા. 12

BAPS સ્વામિનારાયણ મંદિર, બારડોલી ખાતે 9 મેના રોજ 31મા પાટોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત સભામાં સંતોએ 'સાચા સંતની ઓળખ' અને 'સ્થિરમતિ' વિષય પર માર્ગદર્શન આપતા હરિભક્તોને આધ્યાત્મિક ભાથું પૂરું પાડ્યું હતું.

મંદિરના પ્રાંગણમાં પવિત્ર મહાપૂજા વિધિ સાથે ઉત્સવનો પ્રારંભ થયો હતો. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને મહાનુભાવો જોડાયા હતા. પૂજાની પૂર્ણાહુતિ બાદ અમદાવાદથી પધારેલા પૂજ્ય ધર્મજ્ઞ સ્વામીએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સત્પુરુષો જંગમ તીર્થ સમાન છે.



યોગીજી મહારાજ કહેતા કે માત્ર બાહ્ય દેખાવ કે ભગવા વસ્ત્રોથી સંતની પરખ ન થાય, પણ વચનામૃત અને ગીતામાં બતાવેલા લક્ષણોથી સાચા ગુરુને ઓળખવા જોઈએ.

પૂજ્ય પુણ્યદર્શન સ્વામીએ ભાર મૂક્યો હતો કે જ્ઞાન અને સમજણ વગર આધ્યાત્મિક જીવનમાં સ્થિરતા આવતી નથી. નિયમ-ધર્મમાં ભૂલ થાય ત્યારે સત્પુરુષ પાસે નિષ્કપટ થવું જરૂરી છે. આ સમગ્ર મહોત્સવનું સંચાલન અને આયોજન પૂજ્ય ધ્યાનજીવન સ્વામી તથા પૂજ્ય મંગલભૂષણ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે મુખ્ય યજમાનોએ સંતોનું પુષ્પહારથી સન્માન કર્યું હતું અને ઉપસ્થિત ભાવિકોએ આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. સહનશીલતાનું ઉદાહરણ: મહંત સ્વામી મહારાજે આફ્રિકા વિચરણ દરમિયાન અસહ્ય શારીરિક પીડામાં પણ જે સ્થિરતા દાખવી, તે તેમના ગુણાતીત હોવાનો પુરાવો છે. નિર્મળ દાસત્વ:પૂજ્ય સ્વામીએ જણાવ્યું કે માન-વખાણ જીવને પ્રિય હોય છે, પરંતુ સત્પુરુષમાં ક્યારેય અહંકાર હોતો નથી. મહંત સ્વામી મહારાજમાં ભગવાનનો અખંડ નિવાસ છે.

# કબૂતરી ડેમ પાસે 23 લાખના ખર્ચે નવા પુલનું નિર્માણ કરાશે

નાની બાંડીબાર : રાજ્યમાં ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર દ્વારા લેવાયેલા કડક વલણને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તમામ જૂના અને ક્ષતિગ્રસ્ત પુલોનું સર્વે હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન સિંગવડ તાલુકાના ચૂંદડી ગામે કબૂતરી ડેમ પાસેથી પસાર થતા સિંગવડ-મોરવા રોડ પર આવેલું એક નાળું અત્યંત જર્જરિત અને જોખમી હોવાનું જણાયું હતું. જાનહાનિ ટાળવા માટે માર્ગ અને મકાન વિભાગ તેમજ સિંગવડ વહીવટી તંત્રની સંયુક્ત ટીમે આ પુલને તાત્કાલિક અસરથી બંધ કરી વાહનો માટે વૈકલ્પિક ડાયવર્ઝન આપી રસ્તો કાર્યરત રાખ્યો હતો. હાલમાં આ સ્થળે સરકાર દ્વારા અંદાજે 23 લાખના ખર્ચે નવીન પુલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવ્યું છે. આ નવા પુલની લંબાઈ આશરે 27 મીટર જેટલી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ટૂંક સમયમાં જ ચોમાસાનું આગમન થવાનું છે ત્યારે ડાયવર્ઝન નીચેથી પાણીના નિકાલની પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે આ મુખ્ય પુલ વહેલી તકે બને તે અનિવાર્ય છે. જો વરસાદ પૂર્વે પુલ તૈયાર ન થાય તો પાણીના ભારે પ્રવાહમાં ડાયવર્ઝન ધોવાઈ જવાની અને વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ્પ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આથી, ગ્રામજનો અને વેપારી વર્ગની સુવિધા માટે તંત્ર દ્વારા વરસાદી મોસમ જામ્યા પહેલા પુલનું કામ પૂર્ણ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# મહુધા ડેપો પર ઠંડી છાસનું વિતરણ : ઉનાળામાં મુસાફરો અને કર્મચારીઓને રાહત

(એજન્સી) મહુધા । તા. 12

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે મુસાફરો અને એસટી કર્મચારીઓને રાહત આપવા માટે મહુધા એસટી ડેપો ખાતે ઠંડી છાસ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ સેવાકીય કાર્ય ૧૬/૩ રામચંદ્રભાઈ ડાભી, ઈમરાનભાઈ મન્સૂરી, ભરતભાઈ ડાભી અને બીએમએસ પરિવારના સહયોગથી આયોજિત કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ડેપો પર આવતા-જતા મુસાફરો તેમજ ફરજ પર હાજર એસટી કર્મચારીઓને ઠંડી અને સ્વચ્છ છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગરમીના તાપમાન વચ્ચે ઠંડી છાસ મળતા મુસાફરોએ ખુશી વ્યક્ત કરી હતી અને આયોજકોના આ સેવાભાવી કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે મહુધા ડેપોના ડેપો મેનેજર એસ.બી. સંગાથ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આયોજકોના માનવતાભર્યા કાર્યની પ્રશંસા કરી હતી.



નડીઆદ વિભાગના બીએમએસ મહામંત્રી રાજુભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ ધર્મેશભાઈ રાવલ તેમજ એડી.જી.એસ. ફિરોઝભાઈ પઠાણે પણ હાજરી આપી કાર્યક્રમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુમાં મુસાફરો અને કર્મચારીઓને ઠંડક મળે તે હેતુસર આવા સેવાકીય કાર્યક્રમોનું આયોજન સમયાંતરે કરવામાં આવે છે. બીએમએસ પરિવાર સમાજમાં સેવા અને સહકારની ભાવના મજબૂત બને તે માટે સતત વિવિધ જનકલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતો રહે છે.

# વાપીમાં મહારાણા પ્રતાપ જયંતિ ઉજવાઈ, વિશાળ રેલીમાં માનવ મહેરામણ ઉમટ્યો

(એજન્સી) વાપી । તા. 12

અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા તથા કરણી સેના ભારતના તત્ત્વાધાન હેઠળ વીર શિરોમણી મહારાણા પ્રતાપ જયંતિનો ભવ્ય કાર્યક્રમ વાપીમાં ભારે ઉત્સાહ અને ધામધૂમ સાથે ઉજવાયો હતો. છેલ્લા 5 વર્ષથી સતત યોજાતા આ કાર્યક્રમના 6મા વર્ષે તેને ઐતિહાસિક સ્વરૂપ આપવા વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિશાળ રેલી, સામાજિક એકતા અને રાષ્ટ્રભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમની શરૂઆત જન સેવા મહારાણા ચોક, વાપી ખાતે સ્થિત વીર શિરોમણી મહારાણા પ્રતાપજીની પ્રતિમાને માલ્યાર્પણ અને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમાજના આગેવાનો, યુવાનો તથા ગણમાન્ય લોકોએ મહારાણા પ્રતિપના આદર્શોને યાદ કરીને તેમના માર્ગ પર ચાલવાનો સંકલ્પ લીધો હતો.

# નડિયાદમાં કલેક્ટર કચેરીનો પત્ર 4 કિમી દૂર ભાવસારવાડ ચાર મહિને પહોંચ્યો

(એજન્સી) મહુધા । તા. 12

નડિયાદમાં કલેક્ટર કચેરી તરફથી મોકલેલો પત્ર અરજદાર સુધી પહોંચવામાં ચાર મહિના જેટલો સમય લાગ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અરજદાર કલેક્ટર કચેરીથી માત્ર ચાર કિલોમીટર જ દૂર રહે છે. ત્યારે તંત્રની કામગીરી ઉપર સવાલો ઉઠ્યાં છે. નડિયાદના ભાવસારવાડમાં રહેતાં પરેશભાઈ કાપડીયાએ ગત તારીખ 25-11-2025 ના રોજ જમીન મહેસુલ અધિનિયમની કલમ 65 અન્વયે બિનખેતી પરવાનગી મેળવવા માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં અરજી આપી હતી. આ અરજીની તપાસના અંતે એએલટી અને ડીસીએલઆરના નકારાત્મક અભિપ્રાયને કારણે આ અરજી દફ્તરે કરી હોવા અંગેની જાણ કરતો જિલ્લા કલેક્ટરની સહી સાથેનો પત્ર 7-1-2026ના રોજ અરજદારને મોકલવામાં આવ્યો હતો. જોકે, આ પત્ર ચાર મહિના બાદ 6-5-2026ના રોજ અરજદારને ટપાલ મારફતે મળ્યો છે. કલેક્ટર કચેરીથી ભાવસારવાડ માત્ર ચાર કિલોમીટર જ દૂર છે. ત્યારે, 4 કિલોમીટર દૂર પત્ર પહોંચાડવામાં 4 મહિના લાગ્યા હોવાનું અરજદારે જણાવ્યું હતું.

# હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી બનશે ગુજરાતની પ્રથમ સોલાર યુનિવર્સિટી

પાટણ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ગુજરાતની પ્રથમ 'સોલાર યુનિવર્સિટી' બનવા જઈ રહી છે. કુલપતિ ડો. કે.સી. પોરીયાના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી કેમ્પસને સોલાર પેનલોથી સજ્જ કરવાની સક્રિય કામગીરી શરૂ થઈ છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીને 100 ટકા સોલાર ઊર્જા યુક્ત બનાવી વીજ બિલ શૂન્ય કરવાનો છે. યુનિવર્સિટી કેમ્પસમાં વહીવટી ભવન સહિત અંદાજે 19 જેટલા બિલ્ડીંગો આવેલા છે, જેમાંથી કેટલાક પર હાલમાં સોલાર સિસ્ટમ કાર્યરત છે. સમગ્ર કેમ્પસને ઝીરો વીજ બિલ તરફ લઈ જવા માટે કુલપતિ ડો. કે.સી. પોરીયાની અધ્યક્ષતામાં જેટકો, યુજીવીસીએલ, જેડા અને સોલાર નિષ્ણાતોની એક ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યુનિવર્સિટીને સંપૂર્ણપણે સોલારયુક્ત બનાવવા માટે જરૂરી ટેકનિકલ બાબતો, સરકારની સહાય યોજનાઓ અને સીએસઆર ફંડ મેળવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે 4 સભ્યોની નિષ્ણાત કમિટીની રચના કરવામાં આવી છે.

# ઉનાળામાં ઠેર ઠેર રસ્તાની સાઇડમાં છાશની પરબ જોવા મળશે

ઉનાળાની ગરમીની ઋતુમાં ઠેર ઠેર રસ્તા ની સાઇડ માં પાણી ના પરબ અને છાશ કેન્દ્રો જોવા મળશે.દર વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી માં ભારત ના મોટાભાગ ના રાજ્યો શેકાતા હોય છે.૪૫-૪૬ડિગ્રી ભયાનક ગરમી માં ધંધાર્થે નીકળતા ફેરિયા થી લઈને આમ નાગરિક અસહ્ય ગરમી ના શિકાર આસાનીથી બની જતા હોય છે.આ અસહ્ય ગરમીથી રાહત મેળવવાનું હાજર હથિયાર પાણી સાથે દહીં અને છાશનો ઉપયોગ ઉનાળા ની ઋતુ માં ભોજન કરતા પણ વધારે વધારવો જરૂરી છે.દૂધ માંથી દહીં અને દહીં માંથી છાશ બનવાની પ્રક્રિયા વિશે તો આપણે બધા જાણીએ જ છીએ. મોટાભાગના લોકો દહીં અને છાશ માં ઉપલબ્ધ પોષકતત્વો અને ફાયદાઓ વિશે જાણતા નથી.

દહીં છાશ વિશે જાણકારી.

બધા રોગ નું મૂળ પેટ આમ જ કહેવત થોડી બની છે પેટ તંદુરસ્ત તો શરીર અંદરથી અને બહાર થી ચુસ્ત તંદુરસ્ત સમજો.આ પેટ ને તંદુરસ્ત રાખવા નો ચમત્કાર માત્ર ને માત્ર "દહીં" જ કરી શકે,કેમ? આયુર્વેદ એ દહીં ને પ્રોટીન અને કેલ્શિયમ નું પાવર હાઉસ કીધું છે એટલે જ જમ્યા પછી એક વાટકો મોળું દહીં ખાવાથી ભોજન આસાની થી પચી જાય છે ને ભોજન માં ઉપલબ્ધ પોષક તત્વો શરીર ની અંદર સચવાય છે. આપણા ત્યાં પ્રાચીન સમય થી જ ભોજન માં દહીં લેવાનો રિવાજ હતો એના કારણે જ એ સમય માં લોકો તંદુરસ્ત અને ૧૦૦ વર્ષ થી વધારે લાંબુ આયુષ્ય બધાંનું હતું. આપણા શરીર ના બંધારણ ના પાયા માં વિટામિન બી ૧૨,પ્રોટીન અને કેલ્શિયમ મુખ્ય છે. આ ત્રણેય પોષક તત્વો દહીં માં ભરપૂર માત્રા મા ઉપલબ્ધ હોય છે. સામન્ય રીતે ભોજન શાકાહારી અને માંસાહારી એમ બે પ્રકારે આરોગવાની આદત કે પદ્ધતિ લોકોમાં જોવા મળે છે. માંસાહારી ભોજન માં વિટામિન ૧૨ ભરપૂર માત્રા માં હોય છે એટલે જે લોકો માંસાહારી છે એમના શરીર માં વિટામિન બી ૧૨ ની ખામી જોવા મળતી નથી.શાકાહારી ભોજન માં માત્ર દૂધ ની પ્રોડક્ટ માંથી જ વિટામિન બી ૧૨ મળી શકે છે. દૂધ ની પ્રોડક્ટ માં દહીં ને વિટામિન બી ૧૨ નું મુખ્ય સ્ત્રોત માનવામાં આવે છે.

દહીં ના ફાયદાઓ:

દહીં ને આયુર્વેદ માં દધી કહેવામાં આવ્યું છે દધી એટલે શરીર ને પોષણ આપે એવો અમૃત તુલ્ય પદાર્થ.

૧ આંતરડા ના સ્વાસ્થ્ય માટે દહીં ખૂબ ફાયદેમંદ સાબિત થાય છે દહીં માં ઉપલબ્ધ પ્રોબાઈટિક્સ ને લીધે કબજિયાત ની સમસ્યા માંથી રાહત થાય છે. ગેસ ની સમસ્યા નિર્મૂળ થાય છે.

૨ વિટામિન બી ૧૨,પ્રોટીન અને કેલ્શિયમથી ભરપૂર દહીં વજન ઘટાડવામાં મદદ રૂપ થાય છે.એબોસિટીની સમસ્યા માંથી રાહત મેળવવા માટે નિયમિત એક વાર દહીં નો ભોજન ના સ્થાને ઉપયોગ કરવાથી શરીર ને ભૂખ લાગતી નથી.

૩ ઉનાળા ની ગરમી માં દહીં નું નિયમિત સેવન કરવાથી ડી હાઈડ્રેશન ની સમસ્યા થતી નથી.

૪ દહીંમાં ઉપલબ્ધ પોષકતત્વો એ રોગપ્રતિકારક શક્તિ વધારવા સાથે પેટ ની અંદર ની થતી બળતરા થી રાહત આપે છે.

૫ દહીં માં ઉપલબ્ધ કેલ્શિયમ એ હાડકા અને દાંત ને મજબૂત બનાવે છે.નિયમિત દહીં ના સેવન ના લીધે ખરતા વાળની સમસ્યા ઘટાડો થાય છે એને ચહેરા ની ચમક વધારે છે.

દહીં ની રેસીપી :

દહીં ની તિખારી:

મોટાભાગે ગુજરાત ના ગામડાઓમાં દહીં ની તિખારી નિયમિત બનતી હોય છે. બાજરા ના રોટલા સાથે દહીં ની તિખારી ની મજા જ અલગ હોય છે. મોળા દહીં થી બનતી તિખારી આમ તો હાલ મોટાભાગ ના શહેર માં સ્થિત કાઠિયાવાડી રેસ્ટોરન્ટ માં મળતી થઈ ગઈ છે. વરસો પહેલા સૌરાષ્ટ્ર ના નાનકડા લીલીયા ગામ માં ચાખેલ દહીં ની તિખારી જેવો સ્વાદ મને ભાગનગર પંથક માં આવેલ બજરંગ દાસ બાપા રેસ્ટોરન્ટ માં પણ ન આવ્યો. ચાલો તમારા સાથે અમરેલી જિલ્લા માં આવેલ લીલીયા ગામ ના એક ઘરની દહીં ની તિખારી ની રેસીપી ની જાણકારી આપું:



દહીં,છાસના ફાયદાઓ

- રુપાલી દવે

સહેજ ખાટું મોળું દહીં તપેલી માં લઈને એમાં સ્વાદ અનુસાર નમક નાખીને સહેજ જેરણી થી વલોવી નાખો. વઘારિયા માં તેલ ગરમ થતા એમાં રાઈ,હિંગ અને મીઠા લીમડા નો વઘાર કરીને એમાં લસણની ચટણી,બારીક સમારેલ લીલા મરચા ઉમેરો. જેવું લસણ ની ચટણી અને ઝીણા સમારેલ મરચા તળાઈ જાય એ ભેગા એમાં એક ચમચી લાલ મરચું ઉમેરી ચમચા વડે બધું હલાવો. આ મિશ્રણ ને વલોવેલા દહીં માં નાખીને ચમચા વડે એને દહીં માં ભેળવી નાખો. તૈયાર દહીં ની તિખારી ઉપર ઝીણા સમારેલા ધાણા ઉમેરી ને એને રોટલા,રોટલી કે ભાખરી સાથે સર્વ કરો.

નોંધ : દહીં નો ઉપયોગ દિવસ દરમિયાન કરવો જ હિતાવહ મતલબ આરોગ્ય ની દૃષ્ટિ એ ફાયદેમંદ છે એટલે દહીંનો ઉપયોગ રાત્રે કરવાનું ટાળજો

છાશ પીવાના ફાયદાઓ :

આયુર્વેદ માં કહેવત છે કે "અમૃત ભગવાન માટે,છાશ મનુષ્યો માટે છે" છાશ ની પ્રકૃતિ ઠંડી હોય છે એટલે પિત્ત પ્રકૃતિ ધરાવતા લોકો માટે છાશ નો ઉપયોગ ઉતમ માનવામાં આવે છે. છાશ પચવા માં સરળ હોય છે કેમકે દહીં ના એક ભાગ માં ૯૦% પાણી ભેળવી ને છાશ બનાવવા માં આવે છે. મસાલા સાથે ભેળવી ને પીવો કે પછી ઠંડા ઠંડા ગુલાબ ના સરબત સાથે છાશ પીવાની મજા જ અલગ હોય છે.જે લોકો નિયમિત જમતી વખતે અને જમ્યા બાદ છાશ નો ઉપયોગ કરતા હોય છે એનું સ્વાસ્થ્ય કાયમ તંદુરસ્ત રહેતું હોય છે.ભારત માં પંજાબી અને હરિયાણા ના લોકો કદ,કાઠી,દેખાવ અને તાકાત માં અન્ય સ્ટેટ કરતા વધારે તંદુરસ્ત હોય છે એની પાછળ નું મુખ્ય કારણ "લસ્સી કે છાશ" નો વપરાશ વધારે છે.

વિચારો અચાનક ઉનાળા ની ૪૫ડિગ્રી ગરમીમાં "ઠંડી છાશ" મળી જાય છે ને ત્યારે આખા શરીર માં શક્તિ નો સંચાર થઈ જાય છે. પાણી બાદ છાશ જ એક એવું પીણું છે કે જે શરીર માટે આરોગ્ય પ્રદ અને ઠંડક અર્પે છે.

૧ ઉનાળા ની ઋતુ મા સતત પરસેવા વાટે વહેતું પાણી મુખ્ય સમસ્યા છે. જેટલું પાણી પીવો એનાથી બમણું પાણી તો પરસેવા વાટે નીકળી જતું હોય છે.આ કારણોસર શરીર માં પાણી નો શોષ પડતા પેટ માં ગરમી અને ડીહાઈડ્રેશનની સમસ્યા થાય છે.છાશ માં ઉપલબ્ધ પોષકતત્વો એ શરીર ને અંદર અને બહાર થી ઠંડુ રાખે છે ને શરીર ની અંદર પાણી સમસ્યા ને બેલેન્સ કરે છે.

૨ આયુર્વેદ અનુસાર ભોજન ના અંતે છાશ આવશ્યક પીવી જોઈએ.ભોજનના અંતે પાણી પીવું એ વિષ સમાન છે છાશ પીવાથી ભોજન સરળતાથી પચી જાય છે એટલે પિત્ત ની સમસ્યા થતી નથી.

૩ ભોજન સાથે પાણી ના બદલે છાશ પીવાની આદત જરૂરી છે ભોજન સાથે છાશ પીવાથી શક્તિ વધે છે ને વાળ નું સ્વાથ્ય પણ સારુ રહે છે.

છાશ ના ઉપયોગ થી કઢી,ખાંડવી,ખટાવડી વગેરે રેસીપીઓ બનાવી શકાય છે.

નોંધ : રાત્રે પાતળી છાશ પીવાથી સમસ્યા થતી નથી. ભારતમાં ઉનાળાનો પારો જ્યારે ૪૫-૪૬ ડિગ્રીએ પહોંચે છે, ત્યારે માનવ શરીર આ અસહ્ય ગરમીમાં શેકાવા લાગે છે. રસ્તા પર કામ કરતા ફેરિયાઓથી લઈને ઓફિસ જતા સામાન્ય નાગરિકો સુધી દરેક વ્યક્તિ ડીહાઈડ્રેશન અને લૂ નો શિકાર બને છે. આ ભયાનક ગરમી સામે લડવા માટેનું સૌથી કારગર અને કુદરતી હથિયાર એટલે દહીં અને છાશ. આયુર્વેદમાં દહીંને પ્રોટીન અને કેલ્શિયમનું 'પાવર હાઉસ' અને છાશને પૃથ્વી પરનું 'અમૃત' માનવામાં આવ્યું છે.શરીરના બંધારણ માટે વિટામિન B12, પ્રોટીન અને કેલ્શિયમ અત્યંત આવશ્યક છે. જે લોકો શાકાહારી છે, તેમના માટે દહીં વિટામિન B12 નો મુખ્ય સ્ત્રોત છે. દહીંમાં રહેલા પ્રોબાયોટિક્સ આંતરડાના સ્વાસ્થ્યને સુધારે છે, જેનાથી કબજિયાત અને ગેસ જેવી સમસ્યાઓ જળમૂળમાંથી દૂર થાય છે. નિયમિત દહીંના સેવનથી વજન ઘટાડવામાં મદદ મળે છે, હાડકા અને દાંત મજબૂત થાય છે, અને ચહેરા પર કુદરતી ચમક આવે છે. જોકે, સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે દહીંનો ઉપયોગ દિવસ દરમિયાન જ કરવો હિતાવહ છે, રાત્રે દહીં ખાવાનું ટાળવું જોઈએ.આયુર્વેદ મુજબ, દેવો માટે જે રીતે અમૃત છે, તેમ મનુષ્યો માટે છાશ છે. છાશની પ્રકૃતિ ઠંડી હોવાથી તે પિત્તનું શમન કરે છે. ઉનાળામાં પરસેવા વાટે શરીરનું પાણી નીકળી જતું હોવાથી છાશ શરીરને અંદરથી ઠંડક આપે છે અને પાણીનું સંતુલન જાળવે છે. જમ્યા પછી પાણી પીવું એ વિષ સમાન છે, પરંતુ છાશ પીવાથી ભોજનનું પાચન ઝડપથી થાય છે. પંજાબ અને હરિયાણાના લોકોની મજબૂત કાયા પાછળ લસ્સી અને છાશનો વધુ વપરાશ મુખ્ય કારણ છે.આ ઉનાળે, ગરમીથી બચવા અને તંદુરસ્ત રહેવા માટે તમારા રોજિંદા આહારમાં દહીં અને છાશને અચૂક સ્થાન આપો. યાદ રાખો, પેટ તંદુરસ્ત તો સમગ્ર શરીર ચુસ્ત!



## સેક્સ વર્કર્સ પર બનેલી ભારતીય ફિલ્મનું પણ સ્ક્રીનિંગ થશે; 2kmના રેડ કાર્પેટ આલિયા-ઐશ્વર્યા સામેલ, અહીં ચપ્પલ-પર્સ-સેલ્ફી પર પ્રતિબંધ...

# કાન 2026માં ગુજરાતી ફિલ્મ 'લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતે' પહોંચી



### 'લાલોઃ શ્રી કૃષ્ણ સદા સહાયતે'

**₹100 કરોડથી વધારેની કમાણી કરીને ગુજરાતી સિનેમામાં ઇતિહાસ રચનારી ફિલ્મ 'લાલોઃ શ્રી કૃષ્ણ સદા સહાયતે' હવે કાન ફિલ્મ ફેસ્ટિવલ સુધી પહોંચી ગઈ છે.**

**વાસ્તવમાં 'લાલો' ફિલ્મનું પ્રીમિયર 'કાન માર્કેટ સ્ક્રીનિંગ'માં કરવામાં આવશે. જેના માટે ફિલ્મની પ્રોડ્યુસર અને એક્ટ્રેસ માનસી પારેખ, પ્રોડ્યુસર પાર્થિવ ગોહિલ સાથે કાનમાં સામેલ થશે. માર્કેટ પ્રીમિયર એ સત્તાવાર સ્પર્ધાથી અલગ હોય છે. તેનો મુખ્ય હેતુ વિશ્વભરના ડિસ્ટ્રીબ્યુટર્સ, સેલ્સ એજન્ટ્સ અને ખરીદદારોને ફિલ્મ બતાવવાનો હોય છે, જેથી તેને અલગ અલગ દેશોમાં રિલીઝ કરી શકાય.**

(એજન્સી) મુંબઇ | તા 12

દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન (Cannes) 12 થી 23 મે દરમિયાન ફ્રાન્સમાં યોજાઈ રહ્યો છે. દેશ-દુનિયાની ઘણી મોટી હસ્તીઓ કાનના ભવ્ય રેડ કાર્પેટ પર પોતાના સ્ટાઈલની છાપ છોડવાનો પ્રયત્ન કરશે, જ્યારે અહીં ઘણી ફિલ્મોનું સ્ક્રીનિંગ પણ રાખવામાં આવશે.

79માં ફેસ્ટિવલની શરૂઆત સાથે જાણો, આ વર્ષે ભારતથી કયા સેલેબ્સ રેડ કાર્પેટ પર પહોંચશે, કઈ ફિલ્મો અહીં બતાવવામાં આવશે, કાનમાં ભારતની શું સિદ્ધિઓ છે અને શું છે કાનનો ભવ્ય ઈતિહાસ- આ ભારતીય સેલેબ્સ આ વર્ષે કાનમાં સામેલ થવાની શક્યતા

આ વર્ષે ભારતથી આલિયા ભટ્ટ, ઐશ્વર્યા રાય, મૌની રોય, અદિતિ રાવ હૈદરી અને એહસાસ ચન્ના કાનના રેડ કાર્પેટ પર પહોંચશે. એક્ટ્રેસ તારા સુતારિયા પણ કાન રેડ કાર્પેટ પર ડેબ્યૂ કરવાની છે. કાન 2026માં 'અમ્મા અરિયન' (1986)નું સ્ક્રીનિંગ થશે. આ ઉપરાંત ઈન્ડો-અમેરિકન ફિલ્મ 'બોમ્બે સ્ટોરીઝ'નું સ્ક્રીનિંગ પણ કાનમાં થશે. આ ફિલ્મ મન્ટોની નવલકથા પર આધારિત છે, જે 1930ના દાયકાના બોમ્બેમાં રહેતી સેક્સ વર્કર્સની વાર્તા દર્શાવે છે. ફિલ્મનું ડિરેક્શન રાહત શાહ કાઝમીએ કર્યું છે. આ ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન મૌની રોય હાજર રહેશે.

પંજાબી સિનેમા: લોકપ્રિય સિંગર અને એક્ટર એમી વિર્કની ફિલ્મ 'ચારદિકલા'નું સ્ક્રીનિંગ થવાનું છે. આ માટે એમી વિર્ક અને તેની કો-સ્ટાર રૂપી ગિલ કાનમાં ડેબ્યૂ કરશે.

મરાઠી સિનેમા: એક્ટર અશોક સરાફ, નિવેદિતા સરાફ, પ્રાજક્તા માળી અને પ્રોડ્યુસર કેદાર જોષી કાનનો હિસ્સો બનશે.

મલયાલી સિનેમા: ફિલ્મમેકર ચિદમ્બરમની ફિલ્મ 'બાલન: ધ બોય'નું સ્ક્રીનિંગ પણ થશે.

'લગાન' જેવી ફિલ્મ બનાવનાર આશુતોષ ગોવારિકર આ વર્ષે ભારતના ઓફિશિયલ ડેલિગેટ બનીને કાનનો હિસ્સો બનશે. 2021 અને 2024માં કાનમાં 'ગ્રાન્ડ પ્રિક્સ' અને 'ગોલ્ડન આઈ' એવોર્ડ જીતનાર પાયલ કપાડિયા આ વર્ષે 'ક્રિટિક્સ વીક' કેટેગરીની જ્યુરી તરીકે સામેલ થશે.

મૃણાલ સેન પ્રથમ ભારતીય હતાં, જેમને 1982માં જ્યુરીમાં સામેલ કરવામાં આવ્યાં હતાં. આ સિવાય જ્યુરી બનનાર પ્રથમ ભારતીય મહિલા ડિરેક્ટર મીરા નાયર (ન્યૂયોર્કના સૌથી યુવા અને પહેલા ભારતીય મૂળના મેયર બનનારા ઝોહરાન મામદાનીના માતા) હતાં. ઐશ્વર્યા રાય પ્રથમ ભારતીય એક્ટ્રેસ છે, જેને કાનમાં જ્યુરી બનાવવામાં આવી હતી. હવે આ યાદીમાં દીપિકા પાદુકોણ, વિદ્યા બાલન અને શર્મિલા ટેગોર પણ સામેલ છે.

'પામ ડિઓર' કાનનો સૌથી મોટો અને પ્રતિષ્ઠિત એવોર્ડ છે. આ પુરસ્કાર ફેસ્ટિવલની મુખ્ય સ્પર્ધામાં પસંદ કરાયેલી સર્વશ્રેષ્ઠ ફિલ્મને આપવામાં આવે છે. આ વર્ષે 12-23 મે સુધી ચાલવાના આ ફેસ્ટિવલમાં 23 મેના રોજ પામ ડિઓર એવોર્ડ આપવામાં આવશે.

કાન ફિલ્મ ફેસ્ટિવલમાં જનારી પ્રથમ ભારતીય ફિલ્મ 'નીચા નગર' હતી. ચેતન આનંદના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ ક્યારેય ભારતમાં રિલીઝ થઈ ન હતી. અમીર-ગરીબની જિંદગી દર્શાવતી આ ફિલ્મે 'પામ ડિઓર' જીત્યો હતો અને આ એવોર્ડ જીતનારી તે ભારતની એકમાત્ર ફિલ્મ છે. આ સિવાય 'દો બીઘા જમીન', 'બૂટ પોલિશ', 'પાથેર પાંચાલી', 'સલામ બોમ્બે' અને 'લંચ બોક્સ' જેવી અંદાજે 21 ફિલ્મોને કાનમાં અલગ-અલગ કેટેગરીમાં એવોર્ડ મળ્યા છે. જ્યારે ભારતને અત્યારસુધીમાં કુલ 38 નોમિનેશન મળી ચૂક્યા છે. નોમિનેશન હાંસલ કરનારી ફિલ્મોમાં રાજ કપૂરની બ્લોકબસ્ટર ફિલ્મ 'આવારા' પણ સામેલ છે.

### કાનના શાનદાર ઈતિહાસ પર એક નજર

- 1938માં વેનિસ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી, પરંતુ તે સમયે જર્મનીના સરમુખત્યાર એડૉલ્ફ હિટલર અને ઈટાલીના સરમુખત્યાર મુસોલિની પોતાના પસંદગીના લોકોને એવોર્ડ આપી દેતા હતા. તેમની સરમુખત્યારશાહીથી કંટાળીને કેટલાક જ્યુરી મેમ્બર્સ એ વેનિસ ફિલ્મ ફેસ્ટિવલને છોડી દીધો અને એક ફ્રી ફેસ્ટવલ શરૂ કરવાનો નિર્ણય કર્યો, જેનું સ્થળ પેરિસના કાનમાં નક્કી થયું.
- ફ્રેન્ચ સરકારે તેના દસ્તાવેજો પર સહી કરીને તેને સત્તાવાર કાન ફિલ્મ ફેસ્ટિવલ જાહેર કરી દીધું. પહેલો ફિલ્મ ફેસ્ટિવલ 1-20 સપ્ટેમ્બર 1939એ આયોજિત થવાનો હતો. એક દિવસ પહેલા ગાલા નાઈટ રાખવામાં આવી, પરંતુ 1 સપ્ટેમ્બરે ફેસ્ટિવલ શરૂ થયો, તો હિટલર દ્વારા પોલેન્ડ પર હુમલો કરવાથી સેરેમનીમાં અફરાતફરી મચી ગઈ અને સેરેમની 10 દિવસ સુધી ટાળવી પડી.
- તેવામાં ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે યુદ્ધનું એલાન થતાં સ્થિતિ સુધરવાને બદલે વધારે બગડી ગઈ. બીજા વિશ્વયુદ્ધથી કાન ફિલ્મ ફેસ્ટિવલ 6 વર્ષો સુધી ટળી ગયો.
- બીજા વિશ્વયુદ્ધ પછી 6 વર્ષના લાંબા ઈંતજાર બાદ, પ્રથમ સમારોહ 20 સપ્ટેમ્બરથી 5 ઓક્ટોબર 1946 દરમિયાન યોજાયો હતો, જેમાં 20 દેશોએ ભાગ લીધો હતો. 1947માં નબળા મેનેજમેન્ટના કારણે માત્ર 16 દેશોએ જ ભાગ લીધો હતો. તે પછીના વર્ષે એટલે કે 1948માં બજેટના અભાવે આ સમારોહ યોજાયો જ નહીં. 1949માં ફરી એકવાર લોકો ઈવેન્ટ મેનેજમેન્ટથી નિરાશ થયા. 1950માં ખર્ચ ન ઉઠાવી શકવાને કારણે ફરીથી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો ન હતો. 1951થી અત્યાર સુધીમાં માત્ર કોરોના મહામારીને કારણે 2020માં આ સમારોહ રદ કરવામાં આવ્યો હતો.
- 1955માં ફેસ્ટિવલ કમિટીએ પામ ડી'ઓર (Palme d'Or) એવોર્ડ લોન્ચ કર્યો હતો, જે આ સમારોહનો સર્વોચ્ચ પુરસ્કાર છે. 1964માં પામ ડી'ઓરને 'ગ્રાન્ડ પ્રિક્સ' દ્વારા રિપ્લેસ કરવામાં આવ્યો હતો, જોકે 1975થી ફરી પામ ડી'ઓર એવોર્ડ આપવાનું શરૂ કરાયું. આ એવોર્ડ સ્વિસ જ્વેલરી ફર્મ ચોપાર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેને 18 કેરેટ યલો ગોલ્ડ અને એમરાલ્ડ કટ ડાયમંડથી બનાવવામાં આવ્યો છે. આ એક એવોર્ડની કિંમત 27 હજાર ડોલર એટલે કે અંદાજે 18 લાખ રૂપિયા છે.
- કાન ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન, કાન શહેરની હોટલ બેરિયર લે મેજેસ્ટિક (Hotel Barrire Le Majestic) મહેમાનો માટે ઓપનિંગ અને ક્લોઝિંગ ઈવેન્ટના ભોજનની જવાબદારી સંભાળે છે. માત્ર મહેમાનોના ડિનર માટે જ 3 લાખ 47 હજાર ડોલર એટલે કે અંદાજે 2.8 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે.
- 2000 કિલો કરચલા (લોબસ્ટર) માંથી બને છે સ્પેશિયલ ડિનર
- વેબસાઈટ બિઝનેસ ઈનસાઈડરના એક રિપોર્ટ અનુસાર, હોટલ ડિનર માટે 770 પાઉન્ડ એટલે કે 340 કિલોગ્રામ 'ફોએ ગ્રાસ' (Foie Gras) નામની ડિશ તૈયાર કરે છે, જે બતકના લિવરમાંથી બનતી એક સ્પેશિયલ ફ્રેન્ચ વાનગી છે. આ સિવાય અહીં 110 પાઉન્ડ એટલે કે 49 કિલો 'કેવિઅર' બનાવવામાં આવે છે, જે વિશ્વની સૌથી મોંઘી વાનગીઓમાંની એક છે. આ ડિશ પાછળ અંદાજે 1,32,000 ડોલર એટલે કે 1 કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. આ ડિનર માટે દર વર્ષે 2000 કિલો કરચલા (લોબસ્ટર) વપરાય છે, જેની કિંમત અંદાજે 39 લાખ રૂપિયા થાય છે.
- મહેમાનો પી જાય છે 18,500 બોટલ વાઈન-શેમ્પેઈન
- સેલેબ્સ માટે રાખવામાં આવેલા ડિનરમાં વાઈન અને શેમ્પેઈન પણ સર્વ કરવામાં આવે છે. સમગ્ર કાન ફેસ્ટિવલ દરમિયાન અંદાજે 18,500 બોટલ વાઈન અને શેમ્પેઈન પીરસવામાં આવે છે. વેબસાઈટ 'ધ હોલીવુડ રિપોર્ટર' અનુસાર, આ સમારોહમાં મોટાભાગે 1990 શેટો પેટ્રસ (1990 Chateau Petrus) વાઈન પીરસવામાં આવે છે. જેની એક બોટલની કિંમત 9,390 ડોલર છે અને તે વિશ્વની છઠ્ઠી સૌથી મોંઘી વાઈન છે.
- હોલીવુડ રિપોર્ટરના જણાવ્યા અનુસાર, ડિનર સિવાય અન્ય પ્રસંગોએ પીણાં (ડ્રિંક્સ), ખાણી-પીણી, લેઝર લાઈટ, ફોટોગ્રાફ્સ અને મ્યુઝિક પાછળ પણ 1,50,000 ડોલર એટલે કે 1 કરોડ 23 લાખ રૂપિયા ખર્ચવામાં આવે છે.
- કાન શહેર માત્ર યાટ ભાડે આપીને કમાય છે 3 હજાર કરોડ રૂપિયા
- કાન શહેર યાટ પાર્ટીઓ માટે પણ ખૂબ પ્રખ્યાત છે. ફેસ્ટિવલમાં આવતા વિશ્વભરના અનેક સેલેબ્સ આ દરમિયાન યોજાતી યાટ પાર્ટીઓનો ભાગ બને છે. ટેલિગ્રાફના રિપોર્ટ અનુસાર, યાટ પાર્ટીઓ દ્વારા કાન્સ શહેરની વાર્ષિક 3 હજાર કરોડ રૂપિયાની કમાણી થાય છે, જે સેલેબ્સ પોતે ખર્ચ કરે છે.
- 2 કિલોમીટર લાંબી રેડ કાર્પેટને દિવસમાં 3 વાર બદલવામાં આવે છે
- કાન ફિલ્મ ફેસ્ટિવલમાં સૌથી વધુ ચર્ચા રેડ કાર્પેટ પર આવતા સેલેબ્સની થતી હોય છે. 1989માં પહેલીવાર રેડ કાર્પેટ રાખવામાં આવી હતી, જેના પર ચાલીને અનેક હસ્તીઓ આ ફેસ્ટિવલનો ભાગ બની હતી. મોંઘા ડ્રેસ અને જ્વેલરી પહેરીને સેલેબ્સ આખો દિવસ આ રેડ કાર્પેટ પર વૉક કરે છે, જેની ત્રણેય બાજુ પાપારાઝી (ફોટોગ્રાફર્સ) અને મીડિયાની ભીડ હોય છે. આ રેડ કાર્પેટ 2 કિલોમીટર લાંબી હોય છે અને તેને એકદમ સાફ તથા ચમકતી રાખવા માટે દિવસમાં 3 વાર બદલવામાં આવે છે.
- હીલ્સના બદલે ફ્લેટ ચપ્પલ પહેર્યા તો રેડ કાર્પેટ પર એન્ટ્રી બેન
- રેડ કાર્પેટના નિયમો અનુસાર, આ સમારોહમાં આવતી મહિલા સેલિબ્રિટીઓ માટે હીલ્સ પહેરવી ફરજિયાત છે. આ નિયમ 2015માં બનાવવામાં આવ્યો હતો. જો કોઈ સેલેબ હીલ્સ વગર ત્યાં પહોંચે, તો તેમને સમારોહમાં પ્રવેશવા દેવામાં આવતા નથી. 2015માં આવો જ એક કિસ્સો વિવાદોમાં રહ્યો હતો, જ્યારે હીલ્સ ન પહેરવા બદલ કેટલીક મહિલા સેલેબ્સને અંદર જતા અટકાવવામાં આવી હતી. એક્ટ્રેસ ક્રિસ્ટન સ્ટુઅર્ટ અને જુલિયા રોબર્ટ્સે પણ આ નિયમનો વિરોધ કરવા માટે રેડ કાર્પેટ પર પોતાની હીલ્સ ઉતારી દીધી હતી.

# મૌની રોયના સુખી સંસારમાં ભંગાણ?

## પતિને અનફોલો કરી ઈન્સ્ટાગ્રામ પરથી તમામ યાદો ભૂંસી નાખી; 4 વર્ષ પહેલા ગોવામાં કર્યા હતા લગ્ન...

(એજન્સી) મુંબઇ | તા 12

બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય છૂટાછેડાની અફવાઓને કારણે ચર્ચામાં છે. તેણે સોશિયલ મીડિયા પરથી પતિને અનફોલો કરીને છૂટાછેડાના સમાચારોને વેગ આપ્યો છે.

આ કપલ લાંબા સમયથી એકબીજા સાથે જાહેરમાં જોવા મળ્યું નથી. આ દરમિયાન મૌની રોયની સોશિયલ મીડિયા ફોલોવિંગ અને ફોલોઅર્સ લિસ્ટ જોતા સામે આવ્યું કે તે પતિ સૂરજ નામ્બિયારને ફોલો નથી કરી રહી. ઉપરાંત, તેનો પતિ પણ તેને ફોલો કરતો નથી.

જોકે, એ સ્પષ્ટ નથી કે આ સિલસિલો પહેલેથી ચાલી રહ્યો છે કે કપલે તાજેતરમાં એકબીજાને અનફોલો કર્યા છે. મૌનીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તપાસતા સામે આવ્યું છે કે તેણે પતિ સાથે પોસ્ટ કરેલી તમામ તસવીરો હટાવી દીધી છે. વર્ષ 2024 સુધીમાં તેના એકાઉન્ટમાં પતિની કોઈ તસવીર જ નથી.

સુરજનું ઈન્સ્ટાગ્રામ તપાસતા સામે આવ્યું કે તે સોશિયલ મીડિયા પર વધુ એક્ટિવ નથી. તેણે મૌની સાથે છેલ્લી પોસ્ટ 2024માં પોસ્ટ કરી હતી, ત્યારબાદ તેના એકાઉન્ટની છેલ્લી પોસ્ટ એપ્રિલ 2025ની છે. મૌની રોયે 22 જાન્યુઆરી 2022ના રોજ બિઝનેસમેન સુરજ સાથે ગોવામાં લગ્ન કર્યા હતા. આ લગ્ન મલયાલી રીતિ-રિવાજો અનુસાર થયા હતા. આ પછી મૌનીએ સોશિયલ મીડિયા પર પતિ સાથે વેકેશનની ઘણી સુંદર તસવીરો પણ શેર કરી હતી.



# અમિતાભ બચ્ચન કામની વ્યસ્તતાને લીધે ઊંઘી શકતા નથી

## પરોઢિયે લખ્યું, 'ઊંઘ કરતાં કામ વધુ જરૂરી'; ક્લાસિકલ મ્યુઝિકને આત્માનો ઉપચાર ગણાવ્યું



(એજન્સી) મુંબઇ | તા 12

બોલિવૂડના 'શહેનશાહ' અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા અને બ્લોગ દ્વારા અવારનવાર પોતાના ચાહકો સાથે અંગત વાતો અને જીવનના અનુભવો શેર કરતા રહે છે. તાજેતરમાં તેમણે પોતાના બ્લોગ પર મોડી રાતના વિચારો અને પોતાની ઊંઘની સમસ્યા વિશે ખૂલીને વાત કરી.

'બિગ બી'એ જણાવ્યું કે, કામના દબાણને કારણે તેઓ અવારનવાર આખી રાત જાગતા રહે છે, જ્યારે ડોકટરો સ્વાસ્થ્ય માટે ઓછામાં ઓછી 7 કલાકની ઊંઘની સલાહ આપે છે. તેમણે આ બેચેનીનો સામનો કરવા માટે પોતાની એક ખાસ આદત પણ ચાહકો સાથે શેર કરી છે.

અમિતાભ બચ્ચને મંગળવારે સવારે લગભગ 4:14 વાગ્યે પોતાનો બ્લોગ અપડેટ કર્યો. તેમણે લખ્યું કે, કામ પ્રત્યેની પોતાની જવાબદારીને કારણે તેઓ ગઈ રાતથી જાગી રહ્યા છે.

તેમણે સ્વીકાર્યું કે તેમના માટે કામ ઊંઘ કરતાં વધુ જરૂરી છે, ભલે મેડિકલ સાયન્સ તેને ખોટું માનતું હોય.

'બિગ બી'એ લખ્યું, 'કામ ઊંઘ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે... મેડિકલ કહે છે કે, આ યોગ્ય નથી અને ઓછામાં ઓછી 7 કલાકની ઊંઘ લેવી જોઈએ કારણ કે શરીર ઊંઘના કલાકોમાં જ વિકસિત થાય છે અને રિપેર થાય છે. તો આવા સંજોગોમાં કોઈ શું કરે?'

ક્લાસિકલ મ્યુઝિકને ઉપચાર ગણાવ્યો ઊંઘ ન આવતી હોય અને કામની વચ્ચે શાંતિ કેવી રીતે શોધે છે, તેનો જવાબ આપતા અમિતાભે જણાવ્યું કે, તેઓ સંગીતનો સહારો લે છે. તેમણે લખ્યું, 'રાતના મૌનમાં સ્લાઈડ ગિટાર અને સિતાર પર વાગતું ધીમું ક્લાસિકલ મ્યુઝિક ખૂબ શાંતિ આપે છે.' તેમણે આગળ લખ્યું, 'આત્મા માટે આનાથી સારો કોઈ ઉપચાર નથી.' તેમણે સંગીતને એક એવો અદ્દશ્ય દોરો ગણાવ્યો, જે માણસની આત્માને ઈશ્વર સાથે જોડે છે. તેમના મતે, સંગીતના સાત સૂર આખી દુનિયાને એકબીજા સાથે જોડે છે.

# ફિલ્મ એક્ટ્રેસ તમન્ના ભાટિયાએ મહાકાલના આશીર્વાદ લીધા...

## ત્રિપુંડ લગાવીને ભસ્મ આરતીમાં સામેલ થઈ; કહ્યું- અનુભવ શબ્દોમાં વર્ણવી શકતી નથી



ઉજ્જૈ | સાઉથ અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ તમન્ના ભાટિયા મંગળવારે વહેલી સવારે શ્રીમહાકાલેશ્વર મંદિરે પહોંચી. તેણે ભગવાન મહાકાલની ભસ્મ આરતીમાં સામેલ થઈને બાબાના આશીર્વાદ લીધા.

વહેલી સવારે લગભગ 3 વાગ્યે મંદિરે પહોંચેલી તમન્ના ભાટિયા નંદી હોલમાં બેસીને ભક્તિભાવપૂર્વક ભસ્મ આરતીમાં સામેલ થઈ હતી. આ દરમિયાન તે કપાળ પર ચંદન લગાવેલા સંપૂર્ણપણે બાબા મહાકાલની ભક્તિમાં લીન જોવા મળી. લગભગ બે કલાક સુધી તેણે ભસ્મ આરતીનો દિવ્ય નજારો જોયો. આરતી પછી એક્ટ્રેસે નંદીજીનું પૂજન-અભિષેક કર્યું અને નંદીના કાનમાં પોતાની મનોકામના કહી. ત્યારબાદ ચાંદીના દ્વારથી ભગવાન મહાકાલને પૂજારીના હાથે જળ અર્પણ કરીને આશીર્વાદ લીધા.

ભસ્મ આરતી પછી તમન્નાએ કહ્યું, 'આજે ભગવાને મને બોલાવી હતી. બાબા મહાકાલના બોલાવવા પર જ ભક્તો અહીં આવે છે. અહીં આવીને ખૂબ સારું લાગ્યું. આજે જે આરતી જોવા મળી, તેને શબ્દોમાં વર્ણવી શકતી નથી. આરતીમાં સામેલ થઈને ખૂબ ઊર્જા મળે છે. બધા લોકો એક સાથે બેસીને જે રીતે આરતી જુએ છે, એવું દ્રશ્ય બીજે ક્યાંય જોવા મળતું નથી.' મંદિર પરિસરમાં એક્ટ્રેસની એક ઝલક મેળવવા માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો. ભસ્મ આરતી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા પણ ખાસ કરીને વધારવામાં આવી હતી.

# અલ્લુની 'પ્રોપર્ટી' કહેતા એક્ટ્રેસ ભડકી

## સીરત કપૂરે સુપરસ્ટાર સાથે પ્રાઈવેટ જેટનો ફોટો મૂકતા યુઝરે અશ્લીલ કમેન્ટ કરી; એક્ટ્રેસે રોકડું પરખાવ્યું...



(એજન્સી) મુંબઇ | તા 12

સાઉથ એક્ટ્રેસ સીરત કપૂરે સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથેનો ફોટો શેર કર્યો હતો, જેના પર એક વ્યક્તિએ અશ્લીલ ટિપ્પણી કરી હતી. હવે ભડકેલી એક્ટ્રેસે યુઝરને બરાબરનો ઠપકો આપ્યો છે.

ખરેખરમાં, 8 માર્ચે સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુને તેનો 44મો જન્મદિવસ ઉજવ્યો. આ દિવસે સીરત કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અલ્લુ અર્જુન સાથેના કેટલાક ફોટો શેર કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ફોટોમાં તે અલ્લુ અર્જુન સાથે પ્રાઈવેટ જેટમાં બેઠેલી જોવા મળી રહી હતી.

પ્રાઈવેટ જેટની તે તસવીરો ચર્ચામાં રહી હતી. હવે તાજેતરમાં સીરતે પોતાની સિંગલ તસવીર શેર કરી, જેમાં તે બોલ્ડ લુકમાં જોવા મળી છે. જ્યાં ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ તસવીરના વખાણ કરી રહ્યા હતા, ત્યાં એક વ્યક્તિએ લખ્યું, 'અલ્લુ અર્જુનની પ્રોપર્ટી.' આ અશ્લીલ કમેન્ટ સાથે તે વ્યક્તિએ એક ઈમોજી પણ કમેન્ટ કરી, જેમાં આંખોમાં દિલ બનેલું હતું.

સામાન્ય રીતે સેલેબ્સ આવી કોમેન્ટ્સને અવગણે છે, પરંતુ સીરતે કોમેન્ટ પર ગુસ્સે થઈને જવાબ આપતા લખ્યું, 'માત્ર કોઈ ઈમોજી ઉમેરવાથી વાત સન્માનજનક નથી બની જતી સર. કોઈપણ મહિલા કોઈની પ્રોપર્ટી નથી હોતી. તેની પોતાની ઓળખ, પોતાના સપના અને પોતાનો અવાજ હોય છે. વખાણ કરો, પરંતુ માલિકી હક જતાવીને નહીં. ભગવાન તમારું ભલું કરે.' નોંધનીય છે કે, સાઉથ એક્ટ્રેસ સીરત કપૂર અવારનવાર અન્ય સેલેબ્સ સાથે તસવીરો પોસ્ટ કરતી રહે છે. બર્થડે સિવાય પણ તેણે અલ્લુ અર્જુન સાથે કેટલીક તસવીરો પોસ્ટ કરી હતી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

નૂપુર કુમરાવતનો સુવર્ણ દેખાવ રહ્યો

## નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ વિજેતા નૂપુર કુમરાવતે મેદાન માર્યું



(એજન્સી) ભોપાલ । તા. 12

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં રમાઈ રહેલી ૨૪મી કુમાર સુરેન્દ્ર સિંહ મેમોરિયલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં યજમાન રાજ્યની ખેલાડીએ શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. ૫૦ મીટર રાઈફલ પ્રોન મહિલા વિભાગમાં નૂપુર કુમરાવત નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ વિજેતા બનીને ઉભરી છે. સ્થાનિક શૂટિંગ એકેડેમીમાં રમાયેલી આ સ્પર્ધામાં નૂપુરે અત્યંત એકાગ્રતા સાથે નિશાન સાધીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ જીત સાથે મધ્ય પ્રદેશના રમતગમત જગતમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, નૂપુર કુમરાવતે ૬૨૪.૩ ના સ્કોર સાથે મહિલા વર્ગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. આર્મી માર્કસમેનશિપ યુનિટની પ્રિયા ૬૨૩.૯ ના સ્કોર સાથે બીજા ક્રમે અને મહારાષ્ટ્રની ભક્તિ ખામકર ત્રીજા સ્થાને રહી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સ્પર્ધામાં ગુજરાતની દીકરીઓએ પણ પોતાની પ્રતિભાનો પરચો આપ્યો છે. લજ્જાકુમારી ગોસ્વામી અને પલ્લવી સુથારે અનુક્રમે પાંચમું અને સાતમું સ્થાન મેળવીને રાષ્ટ્રીય સ્તરે ટોપ આઠમાં સ્થાન જાળવી રાખ્યું છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, તમિલનાડુની અક્ષદા ઐશ્વર્યાએ જુનિયર અને યુથ બંને કેટેગરીમાં શાનદાર દેખાવ કરીને બેવડી સફળતા મેળવી છે. તેણે ૬૧૮.૨ ના સ્કોર સાથે બંને ઈવેન્ટ્સમાં સુવર્ણ પદક જીત્યા છે. પંજાબની નિમરત કૌર બ્રારે સિલ્વર મેડલ જ્યારે મધ્ય પ્રદેશની પ્રથા રાઠોડે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અનુભવી શૂટર્સની વાત કરીએ તો, મહારાષ્ટ્રની તેજસ્વિની સાવંતે માસ્ટર મહિલા કેટેગરીમાં ૬૧૭.૯ સ્કોર સાથે પ્રથમ સ્થાન મેળવી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

**ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની રેટિંગમાં આગેકૂચ**

# ICC વનડે રેન્કિંગ અને ભારત નંબર 1 પર યથાવત્

(એજન્સી) દુબઈ । તા. 12

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના વાર્ષિક રેન્કિંગ અપડેટે વિશ્વ ક્રિકેટમાં નવો ગરમાવો લાવી દીધો છે. આઈસીસી વનડે રેન્કિંગ ૨૦૨૬ અને ભારત વચ્ચેના ગાઢ સંબંધો ફરી એકવાર સાબિત થયા છે, કારણ કે ટીમ ઈન્ડિયાએ વનડે ફોર્મેટમાં વિશ્વની નંબર-૧ ટીમ તરીકેનું પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. જોકે, આ સિદ્ધિની સાથે જ ભારતીય પ્રશંસકો માટે ચિંતાના સમાચાર પણ છે, કારણ કે ભારતની રેટિંગમાં થયેલા ઘટાડાએ ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો માટે ટોચ પર પહોંચવાના દ્વાર ખોલી દીધા છે.

### ભારતની લીડમાં ઘટાડો: આંકડાકીય વિશ્લેષણ

તાજેતરના આંકડા મુજબ, ભારતીય ટીમ ૧૧૮ રેટિંગ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને બિરાજમાન છે. જોકે, વાર્ષિક અપડેટ પ્રક્રિયાને કારણે ટીમને ૧ રેટિંગ પોઈન્ટનું નુકસાન વેઠવું પડ્યું છે. બીજી તરફ, ન્યૂઝીલેન્ડની ટીમ ૧૧૩ પોઈન્ટ્સ સાથે બીજા ક્રમે છે અને તે હવે ભારતથી માત્ર ૫ પોઈન્ટ જ પાછળ રહી ગઈ છે. વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા પણ ૧૦૯ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને મજબૂતીથી ઉભું છે. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની રેટિંગમાં આગેકૂચ ભારતીય પસંદગીકારો અને ખેલાડીઓ માટે ચેતવણી સમાન છે, કારણ કે આગામી કેટલીક શ્રેણીઓના પરિણામો આ ક્રમમાં મોટો ફેરફાર લાવી શકે છે.



### દક્ષિણ આફ્રિકાનો ઉછાળો અને પાકિસ્તાનની પીછેહઠ

આ નવા અપડેટમાં સૌથી મોટો ઉલટફેર ચોથા અને પાંચમા સ્થાન માટે જોવા મળ્યો છે. દક્ષિણ આફ્રિકાની ટીમે શાનદાર પ્રદર્શનના જોરે ૧૦૨ રેટિંગ પોઈન્ટ્સ મેળવીને ચોથું સ્થાન હાંસલ કર્યું છે. આ પ્રક્રિયામાં તેમણે પાકિસ્તાનને પછાડી દીધું છે, જે હવે ૯૮ પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને ધકેલાઈ ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાન માટે આ મોટો આંચકો છે કારણ કે એશિયા કપ અને અન્ય દ્વિપક્ષીય શ્રેણીઓમાં કંગાળ પ્રદર્શનની અસર તેમના રેટિંગ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

### અન્ય દેશોની સ્થિતિ અને રસાકસી

રેન્કિંગના અન્ય સ્થાનો પર નજર કરીએ તો, શ્રીલંકા ૯૬ પોઈન્ટ્સ સાથે છઠ્ઠા અને અફઘાનિસ્તાન ૯૩ પોઈન્ટ્સ સાથે સાતમા ક્રમે છે. આશ્ચર્યજનક રીતે, ક્રિકેટના જનક ગણાતા ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૮૯ પોઈન્ટ્સ સાથે આઠમા સ્થાને ફેંકાઈ ગઈ છે. બાંગ્લાદેશ ૮૪ પોઈન્ટ્સ સાથે નવમા અને વેસ્ટ ઈન્ડિઝ ૭૪ પોઈન્ટ્સ સાથે દસમા ક્રમે છે. આંકડાકીય રીતે જોતા, છઠ્ઠાથી આઠમા ક્રમ વચ્ચેની ટીમો વચ્ચે પણ ભારે રસાકસી જામી છે.

### વર્લ્ડ કપ ૨૦૨૭ માટે ક્વોલિફિકેશનની જંગ

આઈસીસી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ રેન્કિંગ માત્ર આંકડાકીય પ્રતિષ્ઠા પૂરતી મર્યાદિત નથી. ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં જે ટીમો ટોપ-૮ માં રહેશે, તેમને આગામી વનડે વર્લ્ડ કપ માટે સીધું ક્વોલિફિકેશન મળશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે યજમાન હોવાના નાતે પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે, તેથી બાકીની ટીમો માટે ટોપ-૮ માં રહેવું અનિવાર્ય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, આયર્લેન્ડે ઝિમ્બાબ્વેને પાછળ છોડીને ૧૧મું સ્થાન મેળવ્યું છે, જ્યારે અમેરિકા (USA) ૧૩મા ક્રમે પહોંચીને સૌને ચોંકાવી દીધા છે.

ટીમ ઈન્ડિયાનો નંબર ૧ નો તાજ જોખમમાં હોવાથી હવે આગામી વનડે શ્રેણીઓ ભારત માટે જીતવી અનિવાર્ય બની ગઈ છે. ભારતે પોતાની રેટિંગ જાળવી રાખવા માટે મોટી ટીમો સામે શ્રેણી જીતવી પડશે.

# ડોમેસ્ટિકમાં તરખાટ બાદ ઈંગ્લેન્ડ મહિલા ટીમમાં પસંદગી પામી એલેક્સા



(એજન્સી) લંડન । તા. 12

ન્યૂઝીલેન્ડ સામે રમાઈ રહેલી રસાકસીભરી વન-ડે શ્રેણી વચ્ચે ઈંગ્લેન્ડની ટીમમાં એક નવો આશાસ્પદ ચહેરો ઉમેરાયો છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરનાર યુવા ડાબોડી ફાસ્ટ બોલર એલેક્સા સ્ટોનહાઉસની ઈંગ્લેન્ડ મહિલા ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ બુધવારે નોર્થમ્પટન ખાતે રમાનારી બીજી વન-ડે મેચ પહેલા એલેક્સાના સમાવેશની પુષ્ટિ કરી છે. આ યુવા ખેલાડીના આગમનથી ઈંગ્લેન્ડના બોલિંગ આક્રમણને વધુ ધાર મળશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, એલેક્સા સ્ટોનહાઉસે ઘરેલું વન-ડે કપમાં પોતાની ઘાતક બોલિંગથી પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે ૫ મેચમાં ૨૫.૧૨ની સરેરાશથી ૮ વિકેટ ઝડપી છે. ખાસ કરીને તાજેતરમાં ડરહામ અને સમરસેટ સામેની મેચોમાં સતત ત્રણ-ત્રણ વિકેટ ઝડપીને તેણે પોતાની ક્ષમતા સાબિત કરી હતી. આ ઉત્કૃષ્ટ લયને કારણે તેને રાષ્ટ્રીય ટીમમાં પ્રથમ વખત સ્થાન આપવામાં આવ્યું છે.

ત્રણ મેચોની આ વન-ડે શ્રેણીમાં ઈંગ્લેન્ડ હાલ ૧-૦થી આગળ છે. ૧૦ મેના રોજ ડરહામ ખાતે રમાયેલી રોમાંચક પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડે પ્રવાસી ન્યૂઝીલેન્ડ ટીમને માત્ર ૧ વિકેટથી પરાજય આપ્યો હતો. ન્યૂઝીલેન્ડની કેપ્ટન એમેલિયા કેર અને મેડી ગ્રીનની અડધી સદીની મદદથી ૨૧૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જે ઈંગ્લેન્ડે છેલ્લી ઓવરમાં કેપ્ટન શાર્લોટ ડીનની અણનમ ૩૧ રનની ઈનિંગની મદદથી હાંસલ કરી લીધો હતો. મીડિયા અહેવાલ અનુસાર, જૂન ૧૨ થી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાનારા ICC મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા આ શ્રેણી બંને ટીમો માટે પૂર્વતૈયારી સમાન છે. ઈંગ્લેન્ડની ટીમ હાલમાં શાર્લોટ ડીનની આગેવાની હેઠળ રમી રહી છે, જેમાં સોફી એક્લેસ્ટન અને હીથર નાઈટ જેવા અનુભવી નામો પણ સામેલ છે.

## યુવરાજ સિંહના બાળકોના ઉછેર પર મંતવ્ય પિતા જેવી ભૂલ નહીં કરે

**પિતા યોગરાજ સિંહ અને યુવરાજ સિંહના સંબંધો**



(એજન્સી) ચંદીગઢ । તા. 12

ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે તાજેતરમાં પિતા બન્યા બાદ પોતાના જીવનના અત્યંત સંવેદનશીલ પાસાઓ વિશે મીડિયા સમક્ષ મન ખોલીને વાત કરી છે. યુવરાજે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તે પોતાના બાળકોના ઉછેરમાં તે ભૂલો ક્યારેય નહીં દોહરાવે જે ભૂલો તેના પિતા યોગરાજ સિંહે કરી હતી. યુવરાજ સિંહના બાળકોના ઉછેર પર મંતવ્ય અત્યારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં તેણે પિતા અને પુત્રના સંબંધો વચ્ચે ક્રિકેટના કારણે આવેલી ખાઈ વિશે દુઃખ વ્યક્ત કર્યું છે.

યુવરાજ સિંહે ભૂતકાળને યાદ કરતા જણાવ્યું હતું કે, તેના પિતા યોગરાજ સિંહ તેની કારકિર્દી પ્રત્યે અત્યંત કડક હતા. યુવીના મતે, જ્યારે તેના પિતાએ તેને કોચિંગ આપવાનું શરૂ કર્યું, ત્યારે પિતા-પુત્રનો જે સહજ અને પ્રેમાળ સંબંધ હોવો જોઈએ તે ક્યાંક ખોવાઈ ગયો હતો. તેની જગ્યાએ માત્ર એક શિસ્તબદ્ધ કોચ અને શિષ્યનો સંબંધ રહી ગયો હતો. યોગરાજ સિંહ પોતાની ક્રિકેટ કારકિર્દીમાં થયેલા અન્યાયનો બદલો લેવા માંગતા હતા અને તેની અસર યુવરાજના બાળપણ પર પડી હતી. યુવરાજે કબૂલાત કરી છે કે આ કડક વલણને કારણે પિતા-પુત્રના સંબંધોમાં ઘણું અંતર આવી ગયું હતું.

પોતાના મેન્ટરિંગ અનુભવ વિશે વાત કરતા યુવરાજે એક રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો. યુવા ક્રિકેટર અભિષેક શર્મા જ્યારે ટ્રેનિંગમાં મોડો પડ્યો, ત્યારે યુવરાજે તેને પરંપરાગત સજા આપવાને બદલે અનોખી સજા આપી હતી. યુવીએ કહ્યું, “મેં અભિષેક પાસે આખા જિમમાં પોતા મરાવ્યા હતા. શિસ્ત શીખવવા માટે ૫૦ રાઉન્ડ દોડાવવા જરૂરી નથી, પણ આવી સજા લાંબા સમય સુધી યાદ રહે છે.” આ કિસ્સો દર્શાવે છે કે યુવરાજ કડકાઈમાં માને છે પરંતુ તે શિસ્ત અને શોષણ વચ્ચેની પાતળી રેખા સમજે છે.

લિયોનેલ મેસ્સીનો સમાવેશ થતા જોશ વધ્યો

## વર્લ્ડ કપ માટે આર્જેન્ટિનાની ટીમ જાહેર મેસ્સી ફરી મેદાનમાં આવશે

(એજન્સી) બ્યુનોસ એયર્સ । તા. 12

ફૂટબોલ વિશ્વના મહાકુંભ ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ પોતાની કમર કસી લીધી છે. મુખ્ય કોચ લિયોનેલ સ્કાલોનીએ આગામી વર્લ્ડ કપ માટે ૫૫ સભ્યોની પ્રારંભિક ટીમની જાહેરાત કરી છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ યાદીમાં દિગ્ગજ ફૂટબોલર લિયોનેલ મેસ્સીનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્લ્ડ કપ માટે આર્જેન્ટિનાની ટીમ જાહેર થતાની સાથે જ ફૂટબોલ જગતમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ૨૦૨૨માં વર્લ્ડ કપ જીત્યા બાદ આર્જેન્ટિના હવે પોતાનો ખિતાબ બચાવવા માટે મેદાનમાં ઉતરશે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, મેસ્સીએ હજુ સુધી સત્તાવાર રીતે ટુર્નામેન્ટમાં રમવાની પુષ્ટિ કરી નથી, પરંતુ સ્કાલોનીના લાંબા ગાળાના આયોજનમાં તે મુખ્ય સ્તંભ સમાન છે. મેસ્સી વિશ્વમાં સૌથી વધુ ૨૬ વર્લ્ડ કપ મેચ રમવાનો રેકોર્ડ ધરાવે છે. ૨૦૨૨ના વિજયી અભિયાનમાં મેસ્સીએ ૧૦ ગોલમાં પ્રત્યક્ષ યોગદાન આપીને ૧૯૮૬ના મેરાડોનાના રેકોર્ડની બરાબરી કરી હતી. ટીમમાં ક્રિસ્ટિયન રોમેરો, ગાર્નાચો અને નિકો પાઝ જેવા યુરોપિયન ક્લબમાં રમી રહેલા યુવા સિતારાઓને પણ સ્થાન અપાયું છે.

આર્જેન્ટિનાનો લક્ષ્યાંક ૧૯૬૨માં બ્રાઝિલ બાદ સતત બે વાર વર્લ્ડ ચેમ્પિયન બનનારી પ્રથમ પુરુષ ટીમ બનવાનો છે. જોકે, ઈતિહાસ સાક્ષી છે કે છેલ્લા ચારમાંથી ત્રણ ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ ગ્રુપ સ્ટેજમાં જ બહાર ફેંકાઈ ગયા હતા.



**રોમાંચક મેચમાં વિવાદ થતા મેચ રેફરીએ લીધા પગલાં**

## IPL આચાર સંહિતાનો ભંગ ટિમ ડેવિડને ફટકારાયો દંડ



(એજન્સી) રાયપુર । તા. 12

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬માં રવિવારે મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં વિવાદ સર્જાયો છે. RCB તરફથી રમી રહેલા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ટિમ ડેવિડ પર આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ મેચ ફીના ૩૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. રાયપુરના મેદાન પર રમાયેલી આ તણાવપૂર્ણ મેચ દરમિયાન ડેવિડે અયોગ્ય ઈશારો કર્યો હતો, જેને લીગના સત્તાવાળાઓએ ગંભીરતાથી લીધો છે.

આઈપીએલ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, ટિમ ડેવિડ આચાર સંહિતાની કલમ ૨.૬ હેઠળ દોષિત સાબિત થયો છે. આ કલમ મેદાન પર અભદ્ર, અપમાનજનક અથવા વાંધાજનક ઈશારો કરવા સાથે સંબંધિત છે. લેવલ ૧ ના આ શિસ્તભંગ બદલ દંડની સાથે ખેલાડીના ખાતામાં બે ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યા છે. મેચ રેફરી અમિત શર્મા દ્વારા લાદવામાં આવેલા આ પ્રતિબંધનો ટિમ ડેવિડે સ્વીકાર કર્યો છે.

RCB એ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. મુંબઈ ઈન્ડિયન્સે નમન ધીર (૪૭ રન) અને તિલક વર્મા (૫૭ રન) ની મજબૂત ભાગીદારીની મદદથી ૧૬૬ રન બનાવ્યા હતા.

**મિઝોરમની શાનદાર જીત પેનલ્ટીમાં થઈ**

## નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ ફાઈનલ મિઝોરમે મણિપુરને હરાવ્યું

(એજન્સી) નારાયણપુર । તા. 12





છત્તીસગઢના નારાયણપુરમાં રમાઈ રહેલી સ્વામી વિવેકાનંદ U20 મેન્સ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં મિઝોરમે ઈતિહાસ રચી દીધો છે. સોમવારે રમાયેલા અત્યંત રોમાંચક સેમીફાઈનલ મુકાબલામાં મિઝોરમે મણિપુરને પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય આપીને નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ ફાઈનલ માં પોતાની જગ્યા નિશ્ચિત કરી લીધી છે. રામકૃષ્ણ મિશન આશ્રમના મેદાન પર ખેલાયેલો આ જંગ ફૂટબોલ પ્રેમીઓ માટે યાદગાર બની રહ્યો હતો.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, નિર્ધારિત ૯૦ મિનિટ અને ત્યારબાદ ૩૦ મિનિટના વધારાના સમયમાં પણ બંને ટીમો એકપણ ગોલ કરી શકી નહોતી. મેચનું પરિણામ લાવવા માટે પેનલ્ટી શૂટઆઉટનો સહારો લેવો પડ્યો હતો, જેમાં મિઝોરમે ૩-૧થી શાનદાર જીત મેળવી હતી. મિઝોરમ તરફથી મેસાક લાલરિંગઘેટા, આલ્ફ્રિન લાલપેકસાંગા અને ફ્રેડી લાલરુઆત્કીમાએ સચોટ ગોલ કર્યા હતા. બીજી તરફ મણિપુરની ટીમ દબાણમાં આવી ગઈ હતી અને માત્ર એક જ ખેલાડી ગોલ કરી શક્યો હતો, જ્યારે બાકીના ખેલાડીઓના શૉટ નિષ્ફળ રહ્યા હતા.

દિવસના અન્ય એક મુકાબલામાં મેઘાલયે ઝારખંડને ૫-૦થી કચડી નાખ્યું હતું.

**હોકી** // ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપ અને ચેસ ક્વોલિફાયર માટે ભાગીદારી

## રાઉન્ડગ્લાસ હોકી એકેડેમીનો વિદેશી ધરતી પર દબદબો



(એજન્સી) મુંબઈ । તા. 12

૧૦ મે રવિવારના રોજ ભારતીય રમતગમત ક્ષેત્રે અનેક મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે. એક તરફ હોકીના મેદાનમાં ભારતીય યુવા પ્રતિભાઓએ વિદેશી ધરતી પર તિરંગો લહેરાવ્યો છે, તો બીજી તરફ ટેકનોલોજીના યુગમાં ઈ-સ્પોર્ટ્સના ક્ષેત્રમાં ભારતે એક મોટી છલાંગ લગાવી છે. ભારતીય રમતગમત જગતના સમાચાર અને હોકી વિજય અત્યારે સોશિયલ મીડિયા પર છવાયેલા છે, જે દર્શાવે છે કે ભારત માત્ર પરંપરાગત રમતોમાં જ નહીં પણ આધુનિક સ્પર્ધાઓમાં પણ વિશ્વમાં અગ્રેસર બની રહ્યું છે.

કેન્યાની રાજધાની નૈરોબીમાં રમાયેલી ‘સિખ યુનિયન ક્લબ નૈરોબી સેન્ટેનરી સેલિબ્રેશન ટુર્નામેન્ટ’માં ભારતની રાઉન્ડગ્લાસ હોકી એકેડેમીએ શાનદાર પ્રદર્શન કરતા ચેમ્પિયનશિપનો ખિતાબ જીતી લીધો છે. ફાઈનલ મેચમાં ભારતીય ખેલાડીઓએ અદભૂત તાલમેલ અને કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. રાઉન્ડગ્લાસ હોકી એકેડેમીનો વિદેશી ધરતી પર દબદબો જોઈને સ્થાનિક ચાહકો પણ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ જીત ભારતીય હોકીના ભવિષ્ય માટે અત્યંત આશાસ્પદ માનવામાં આવી રહી છે, કારણ કે આ એકેડેમીના યુવા ખેલાડીઓ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી રહ્યા છે. વિજય બાદ ખેલાડીઓએ મેદાન પર જે રીતે ઉજવણી કરી હતી તે તસવીરો અત્યારે રમતપ્રેમીઓમાં ચર્ચાનો વિષય બની છે. ડિજિટલ ગેમિંગ અને સ્પર્ધાત્મક ઈ-સ્પોર્ટ્સની દુનિયામાં ભારત માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ઈ-સ્પોર્ટ્સ ફાઉન્ડેશન (EF) અને જિયોબ્લાસ્ટ (JioBLAST) એ ‘ઈન્ડિયા રાઈઝિંગ: રોડ ટુ EWC (ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપ ૨૦૨૬)’ ફેસ્ટિવલ લોન્ચ કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી હેઠળ ભારતમાં રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે, જેનો વિજેતા રિયાધમાં ઓગસ્ટ ૧૧ થી ૧૫ દરમિયાન યોજાનારા મુખ્ય ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ વર્ષે ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં પ્રથમ વખત ‘ચેસ’ (શતરંજ) ને સ્પર્ધાત્મક ટાઈટલ તરીકે સામેલ કરવામાં આવ્યું છે, જે ભારત માટે ગૌરવની વાત છે. ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપ ૨૦૨૬ અને ચેસ ક્વોલિફાયર માટેની આ પ્રક્રિયા ખૂબ જ વ્યાપક હશે. મીડિયા અહેવાલ મુજબ, ભારતભરમાંથી ૧૦,૦૦૦ થી વધુ પાયાના સ્તરના ખેલાડીઓ ઓપન રજિસ્ટ્રેશનમાં ભાગ લે તેવી અપેક્ષા છે. ભારતના તમામ ગ્રાન્ડમાસ્ટર્સ અને ટાઈટલ ધારક ખેલાડીઓને આ ક્લોઝ્ડ ક્વોલિફાયરમાં આમંત્રિત કરવામાં આવશે.

**સચિન યાદવનો તરખાટ જોવા મળશે**

## રોમમાં સચિન યાદવનું ડાયમંડ લીગમાં પદાર્પણ નીરજ બહાર





(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારતીય એથ્લેટિક્સ જગત માટે એક ગૌરવશાળી સમાચાર સામે આવ્યા છે. ભારતના ઉભરતા ભાલા ફેંક ખેલાડી સચિન યાદવ આગામી ૪ જૂને રોમમાં યોજાનારી પ્રતિષ્ઠિત ડાયમંડ લીગમાં પદાર્પણ કરવા માટે તૈયાર છે. ગત વર્ષે ટોક્યો વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચોથા ક્રમે રહીને સૌનું ધ્યાન ખેંચનાર ૨૬ વર્ષીય સચિન માટે આ પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્તરની મોટી સ્પર્ધા હશે. જોકે, આ એન્ટ્રી લિસ્ટમાં ભારતનો ગોલ્ડન બોય નીરજ ચોપરા ગેરહાજર રહેતા રમત પ્રેમીઓમાં આશ્ચર્ય ફેલાયું છે.

દિગ્ગજો સાથે થશે સીધી ટક્કરઅત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, રોમ લેગમાં સચિન યાદવનો સામનો વિશ્વના શ્રેષ્ઠ ભાલા ફેંક ખેલાડીઓ સાથે થશે. આ સ્પર્ધામાં ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન એન્ડરસન પીટર્સ, જર્મનીના જુલિયન વેબર અને થોમસ રોહલર તેમજ ચેક રિપબ્લિકના જેકબ વાડલેજ જેવા દિગ્ગજો મેદાનમાં હશે. ખાસ કરીને શ્રીલંકાના રુમેશ થારંગા પાથિરાગે પર સૌની નજર રહેશે, જેણે આ સીઝનમાં ૮૯.૩૭ મીટરના થ્રો સાથે વિશ્વમાં સરસાઈ મેળવી છે. સચિન યાદવનો તરખાટ આ દિગ્ગજો વચ્ચે કેટલો અસરકારક રહે છે તે જોવું રસપ્રદ રહેશે.

નીરજ ચોપરાની સ્થિતિ અને અન્ય સ્પર્ધાઓજાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, ઓલિમ્પિક મેડલિસ્ટ નીરજ ચોપરા હાલમાં તુર્કીમાં તાલીમ લઈ રહ્યો છે અને પુનર્વસન હેઠળ છે. સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, નીરજ તેની સીઝન ક્યાંથી શરૂ કરશે તે અંગે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. પશ્ચિમ એશિયામાં લશ્કરી સંઘર્ષને કારણે દોહા ડાયમંડ લીગની તારીખ પણ લંબાવીને ૧૯ જૂન કરવામાં આવી છે.

### સંયુક્ત રાષ્ટ્રમાં વિદેશ મંત્રી એસ જયશંકરનું સંબોધન, શૂન્યથી અનંત સુધીની ભારતની ગાથા અને પ્રાચીન જ્ઞાન પરંપરા

# ગણિત ક્ષેત્રે ભારતનું પ્રદાન અને શૂન્યની શોધની દુનિયાભરમાં ગુંજ

(એજન્સી) ન્યુયોર્ક । તા. 12

ભારતીય સંસ્કૃતિના જ્ઞાન અને વિજ્ઞાનનો ડંકો આજે સમગ્ર વિશ્વમાં વાગી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે ભારતની ગૌરવશાળી ગાથાનું પ્રદર્શન યોજાયું હતું, જેમાં ગણિત ક્ષેત્રે ભારતનું પ્રદાન અને શૂન્યની શોધ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. ભારતની વિદેશ નીતિના પ્રખર વક્તા અને વિદેશ મંત્રી એસ. જયશંકરે આ ખાસ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રદર્શનનું શીર્ષક 'શૂન્યથી અનંત સુધી: ભારતીય સંસ્કૃતિનું ગણિતમાં યોગદાન' રાખવામાં આવ્યું હતું, જેણે વિશ્વના પ્રતિનિધિઓનું ધ્યાન ખેંચ્યું હતું.



## ગણિત એક વૈશ્વિક ભાષા તરીકે

પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે વિદેશ મંત્રી એસ. જયશંકરે અત્યંત પ્રભાવશાળી સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રદર્શન માત્ર આંકડાઓની વાત નથી, પરંતુ તે યાદ અપાવે છે કે ગણિત એક એવી વૈશ્વિક ભાષા છે જેનો ફેલાવો સમગ્ર વિશ્વના કલ્યાણ માટે થયો છે. તેમના મતે, આ પ્રદર્શનથી લોકોમાં ભારતીય જ્ઞાન પરંપરાની સમૃદ્ધિ વિશે જાગૃતિ આવશે અને ટેકનોલોજી વિશેના પૂર્વગ્રહો દૂર કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતનું પ્રાચીન જ્ઞાન આજે પણ વર્તમાન યુગની આધુનિક ટેકનોલોજીમાં પાયાનું કામ કરી રહ્યું છે. જયશંકરે પોતાના પ્રવચનમાં માત્ર ભૂતકાળની જ નહીં, પરંતુ ભવિષ્યની પણ વાત કરી હતી. તેમણે આ વર્ષની શરૂઆતમાં નવી દિલ્હીમાં યોજાયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સર્જનાત્મકતા અને નવીનતા પર કોઈ થોડા લોકોનો ઈજારો હોઈ શકે નહીં. ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે જે રીતે સુશાસન અને સામાજિક લાભો સામાન્ય માનવી સુધી પહોંચાડ્યા છે, તે વિશ્વ માટે એક ઉદાહરણ છે. આ ઉભરતી ટેકનોલોજીનો લાભ દરેક દેશ અને દરેક નાગરિકને મળવો જોઈએ તેવો સંદેશ તેમણે સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી આપ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રખ્યાત ગણિતશાસ્ત્રી અને પદ્મ ભૂષણ વિજેતા મંજુલ ભાર્ગવ પણ ઉપસ્થિત રહ્યા હતા. મંજુલ ભાર્ગવે આ અગાઉ મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું હતું કે, ગણિતની પાયાની ઘણી શોધો ભારતમાં થઈ છે જેણે વૈશ્વિક ગણિતને પ્રભાવિત કર્યું છે. શૂન્યનો વિચાર યોગના 'શૂન્યતા' પ્રાપ્ત કરવાના સિદ્ધાંતમાંથી આવ્યો છે. આમ, ભારતમાં ગણિતના વિચારો માત્ર ગણતરી પૂરતા મર્યાદિત નહોતા, પરંતુ તે સામાજિક વિજ્ઞાન, ફિલસૂફી અને તર્કશાસ્ત્ર સાથે જોડાયેલા હતા. સંખ્યા પદ્ધતિ, શૂન્ય, દ્વિઘાત સમીકરણો, ઋણ સંખ્યાઓ અને પાઈની ચોક્કસ કિંમત જેવા અનેક સંશોધનોમાં ભારત અગ્રેસર રહ્યું છે.

વિદેશ મંત્રીએ વધુમાં નોંધ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય સહયોગ માટેનું સૌથી મોટું મંચ છે. ભારતીય જ્ઞાનનો જે રીતે પ્રસાર થયો છે, તે સંદેશનો ઉપયોગ કરીને આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ નજીક આવી શકીએ છીએ. આ પ્રદર્શન ભારતની સ્થાયી પ્રતિનિધિ કચેરી દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું, જેનો હેતુ વિશ્વ સમક્ષ ભારતની બૌદ્ધિક ક્ષમતાને પ્રદર્શિત કરવાનો હતો. આ પ્રસંગે વિદેશ મંત્રીની સાથે તેમના પત્ની ક્યોકો જયશંકર અને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત હરીશ પર્વથાનેની પણ ઉપસ્થિત રહ્યા હતા.

### રશિયાની મધ્યસ્થી અને યુરેનિયમનો નિકાલ

# ઈરાન પરમાણુ કરાર અને યુરેનિયમ ટ્રાન્સફર માટે પ્રથમવાર તૈયાર



(એજન્સી) વોશિંગ્ટન-તહેરાન । તા. 12

વિશ્વના સૌથી મોટા પરમાણુ સંઘર્ષોમાંના એક એવા ઈરાન અને અમેરિકા વચ્ચેના વિવાદમાં આજે એક ઐતિહાસિક વળાંક આવ્યો છે. ઈરાને તેના ઈતિહાસમાં પ્રથમ વખત પોતાનું સંવર્ધિત યુરેનિયમ ત્રીજા દેશમાં ટ્રાન્સફર કરવાની તૈયારી દર્શાવી છે. આ નિર્ણય ઈરાનના અત્યાર સુધીના જક્કી વલણમાં એક મોટો ફેરફાર સૂચવે છે, કારણ કે અત્યાર સુધી તહેરાન પોતાનું યુરેનિયમ દેશની બહાર મોકલવાનો સખત વિરોધ કરતું હતું. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને આ બાબતે મધ્યસ્થીની ભૂમિકા ભજવતા યુરેનિયમ રશિયામાં લઈ જવાની ઓફર કરી હતી, જેને ઈરાને હવે સ્વીકારી હોવાનું જણાય છે. આ પગલું મધ્ય-પૂર્વમાં પરમાણુ યુદ્ધના છાયાને કંઈક અંશે દૂર કરી શકે તેમ છે.

## પરમાણુ કાર્યક્રમ અને રશિયાનું ફેક્ટર

ઈરાન દ્વારા લેવાયેલો આ નિર્ણય તેની અગાઉની કડક નીતિઓથી વિપરીત છે. લાંબા સમયથી ચાલી રહેલા પ્રતિબંધો અને આર્થિક ઘેરાબંધીના કારણે ઈરાન હવે દબાણમાં હોય તેવું જણાય છે. રશિયાએ દરખાસ્ત મૂકી હતી કે ઈરાનનું સંવર્ધિત યુરેનિયમ સુરક્ષિત રીતે રશિયામાં ખસેડવામાં આવે, જેથી પશ્ચિમી દેશોનો પરમાણુ બોમ્બ બનાવવાનો ડર ઓછો કરી શકાય. જોકે, આ દરખાસ્તની સાથે જ ઈરાને માંગ કરી છે કે તેના પર લાદવામાં આવેલા તમામ આર્થિક પ્રતિબંધો તાત્કાલિક ઉઠાવી લેવામાં આવે. ઈરાનનું કહેવું છે કે તેમનો પરમાણુ કાર્યક્રમ માત્ર નાગરિક ઉર્જા અને શાંતિમય હેતુઓ માટે જ છે, જ્યારે અમેરિકા અને ઈઝરાયેલ આ દલીલને સ્વીકારવા તૈયાર નથી.

બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન મારફતે મોકલાવેલી ઈરાનની ઓફરને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાનની આ શરતો અવાસ્તવિક છે અને જ્યાં સુધી તે સંપૂર્ણપણે પરમાણુ સંવર્ધન બંધ ન કરે ત્યાં સુધી ઘેરાબંધી હટાવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ પણ યુદ્ધની ધમકી ઉચ્ચારતા જણાવ્યું છે કે જો વાટાઘાટોથી પરમાણુ સામગ્રી બહાર નહીં લાવવામાં આવે, તો લશ્કરી ઉપાય અજમાવવો અનિવાર્ય બનશે. ઈઝરાયેલ કોઈપણ સંજોગોમાં ઈરાનને પરમાણુ શક્તિ બનતું અટકાવવા માટે મક્કમ છે, જે પરિસ્થિતિને વધુ સ્ફોટક બનાવી રહ્યું છે.

ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તેઓ કોઈ 'ભીખ' નથી માંગી રહ્યા, પરંતુ પોતાનો સાર્વભૌમ અધિકાર માંગી રહ્યા છે.

### હોર્મુઝની ઘેરાબંધી અને વૈશ્વિક અર્થતંત્ર પર અસર

ઈરાન અને અમેરિકા વચ્ચેની આ મડાગાંઠને કારણે માત્ર પરમાણુ ભય જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર પણ જોખમમાં મુકાયું છે. ઈરાને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ એવા 'હોર્મુઝની સામુદ્રધુની' પર ઘેરાબંધી જારી રાખી છે. આના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ અને કુદરતી ગેસના ભાવ આસમાને પહોંચ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, જો આ મડાગાંઠ જલદી નહીં ઉકેલાય તો વિશ્વએ આર્થિક મંદીનો સામનો કરવો પડી શકે છે. ટ્રમ્પ આ અઠવાડિયે ચીનની મુલાકાતે જવાના છે, જ્યાં તેઓ બેજિંગ પર ઈરાન પાસેથી તેલની ખરીદી બંધ કરવા દબાણ લાવી શકે છે, કારણ કે ચીન ઈરાની તેલનો સૌથી મોટો ખરીદદાર છે.

## ન્યૂઝ બ્રીફ

### કેલિફોર્નિયામાં ખળભળાટ ચીનના એજન્ટ તરીકેની ધરપકડ બાદ મેયરનું રાજીનામું



કેલિફોર્નિયા | અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં એક ચોંકાવનારો જાસૂસી કાંડ સામે આવ્યો છે, જેમાં આર્કેડિયાના મેયર આઈલીન વાંગની ચીની સરકારના ગેરકાયદેસર એજન્ટ તરીકે ધરપકડ કરવામાં આવી છે. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) દ્વારા કરવામાં આવેલા ખુલાસા મુજબ, મેયર વાંગે ચીની અધિકારીઓના ઈશારે અમેરિકામાં બેસીને ચીન તરફી પ્રચાર ફેલાવવાનું ષડયંત્ર રચ્યું હતું. ચીનના એજન્ટ તરીકેની ધરપકડ બાદ ૫૮ વર્ષીય વાંગે પોતાનો ગુનો કબૂલવાની તૈયારી બતાવી છે અને નૈતિકતાના ધોરણે મેયર પદેથી રાજીનામું આપી દીધું છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન આઈલીન વાંગ અને તેમના સાથીદાર માઈક સુન ચીની સરકારના સીધા સંપર્કમાં હતા. તેમણે 'યુએસ ન્યૂઝ સેન્ટર' નામની એક નકલી ન્યૂઝ વેબસાઈટ ઉભી કરી હતી, જેનો હેતુ ચીન તરફી ભ્રામક પ્રચારો ફેલાવવાનો હતો.

### બ્રિટનમાં રાજકીય કટોકટી ઘેરાઈ 72 સાંસદોનો પીએમ સામે બળવો



લંડન | બ્રિટનના વડાપ્રધાન કિયર સ્ટાર્મર માટે સત્તા ટકાવી રાખવી હવે લોઢાના ચણા ચાવવા સમાન બની ગઈ છે. સ્થાનિક ચૂંટણીઓમાં લેબર પાર્ટીના કારમા પરાજય બાદ હવે પક્ષની અંદર જ વિરોધનો વંટોળ ઉઠ્યો છે. મંગળવારની વહેલી સવાર સુધીમાં બગાવત કરનારા સાંસદોનો આંકડો ૭૨ પર પહોંચી ગયો છે, જે બ્રિટનમાં રાજકીય કટોકટી વધુ ઘેરી હોવાના સંકેત આપે છે. ૪૦૩ સાંસદોમાંથી નોંધપાત્ર સંખ્યામાં નેતાઓએ વડાપ્રધાનને તુરંત પદ છોડવા અથવા રાજીનામાની તારીખ જાહેર કરવા અલ્ટીમેટમ આપી દીધું છે. કેબિનેટમાં ભંગાણ અને ગૃહમંત્રીની ચેતવણી અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, બ્રિટિશ સરકારની કેબિનેટમાં બે સ્પષ્ટ ફાંટા પડી ગયા છે. વડાપ્રધાન માટે સૌથી મોટો ફટકો ત્યારે સાબિત થયો જ્યારે તેમના જ ગૃહમંત્રી શબાના મહમૂદે બળવો પોકાર્યો. તેમણે જાહેરમાં માંગ કરી છે કે પીએમ સાહેબ હવે ખુરશી ખાલી કરે.

### નૂર ખાન એરબેઝ પર ઈરાની વિમાનોને આશરો, ડોનાલ્ડ ટ્રમ્પની પીઠમાં પાકિસ્તાની છરો ભોંકાયાનો ઘટસ્ફોટ

# પાકિસ્તાનનો વિશ્વાસઘાત અને અમેરિકા સાથે છેતરપિંડીનો મોટો ખુલાસો

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 12

વિશ્વના રાજકારણમાં પાકિસ્તાન ફરી એકવાર પોતાની બેવડી નીતિને કારણે શંકાના દાયરામાં આવ્યું છે. એક તરફ ઈસ્લામાબાદ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિદૂત બનીને મધ્યસ્થી હોવાનો ઢોંગ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ પાકિસ્તાનનો વિશ્વાસઘાત અને અમેરિકા સાથે છેતરપિંડીના સનસનીખેજ પુરાવાઓ સામે આવ્યા છે. તાજેતરના અહેવાલો મુજબ, પાકિસ્તાને તેના અત્યંત સંવેદનશીલ ગણાતા એરબેઝનો ઉપયોગ ઈરાની સૈન્ય વિમાનોને અમેરિકાના સંભવિત વિનાશક હુમલાઓથી બચાવવા માટે કરવા દીધો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ઘટનાએ વોશિંગ્ટનમાં ખળભળાટ મચાવી દીધો છે અને પાકિસ્તાનની વફાદારી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.



## નૂર ખાન એરબેઝ પર ઈરાની વિમાનોનો ડેરો

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એપ્રિલના પ્રારંભમાં યુદ્ધવિરામની ઘોષણા કરી તેના ગણતરીના કલાકોમાં જ ઈરાને તેના વ્યૂહાત્મક સૈન્ય વિમાનોને રાવલપિંડી સ્થિત પાકિસ્તાન વાયુસેનાના 'નૂર ખાન એરબેઝ' પર સ્થાનાંતરિત કરી દીધા હતા. આ ગુપ્ત ઓપરેશનમાં ઈરાની વાયુસેનાનું અત્યંત મહત્વનું RC-130 રિકોનિસન્સ વિમાન પણ સામેલ હતું. આ ચોંકાવનારા પગલાનો એકમાત્ર હેતુ ઈરાનની બાકી રહેલી સૈન્ય સંપત્તિને અમેરિકાના અદ્યતન મિસાઈલ હુમલાઓથી સુરક્ષિત રાખવાનો હતો. પાકિસ્તાને જે રીતે ગુપ્ત રીતે તેહરાનને સૈન્ય મદદ કરી છે, તેનાથી સાબિત થાય છે કે મધ્યસ્થીના નામે તે માત્ર સમય પસાર કરી રહ્યું હતું.

આ રિપોર્ટ જાહેર થતાં જ અમેરિકી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પ્રભાવશાળી અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રેહામે આ મુદ્દે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો પાકિસ્તાને ખરેખર ઈરાની વિમાનોને આશરો આપ્યો છે, તો અમેરિકાએ પાકિસ્તાન સાથેના તમામ સંબંધોનું પુનઃમૂલ્યાંકન કરવું પડશે. ડોનાલ્ડ ટ્રમ્પની પીઠમાં પાકિસ્તાની છરો ભોંકાયાના આ સમાચાર બાદ ટ્રમ્પ પ્રશાસન પાકિસ્તાનને અપાતી સૈન્ય અને આર્થિક સહાય પર કાયમી કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા છે. અમેરિકી અધિકારીઓ આ ઘટનાને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી સીધી ઉશ્કેરણી તરીકે જોઈ રહ્યા છે.

માત્ર પાકિસ્તાન જ નહીં, ઈરાને તેની હવાઈ સંપત્તિ બચાવવા માટે અફઘાનિસ્તાનનો પણ આશરો લીધો હોવાના અહેવાલ મળી રહ્યા છે. કાબુલ અને હેરાત એરપોર્ટ પર ઈરાની નાગરિક વિમાનોની અવરજવર જોવા મળી હતી. જોકે, અફઘાનિસ્તાનના તાલિબાન પ્રવક્તાએ આ બાબતને સત્તાવાર રીતે નકારી દીધી છે. તેમ છતાં, પડોશી દેશો દ્વારા ઈરાનને મળી રહેલી આ છૂપી મદદ અમેરિકા માટે માથાના દુખાવા સમાન બની છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંને દેશોની ભૂમિકા અત્યારે શંકાના ઘેરામાં છે, જે મધ્ય એશિયામાં નવા યુદ્ધના એંધાણ આપી રહી છે.

## ચીનનું કનેક્શન અને પાકિસ્તાનની મજબૂરી

પાકિસ્તાનની આ હિંમત પાછળ ચીનનો હાથ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. વર્ષ 2020થી 2024 દરમિયાન પાકિસ્તાને તેના 80 ટકાથી વધુ હથિયારો ચીન પાસેથી ખરીદ્યા છે. ચીન સતત ઈરાન અને પાકિસ્તાનના ગઠબંધનને મજબૂત કરી રહ્યું છે જેથી અમેરિકાના પ્રભાવને ઘટાડી શકાય. પાકિસ્તાન માટે સ્થિતિ 'સુડી વચ્ચે સોપારી' જેવી છે; તે વોશિંગ્ટન પાસેથી આર્થિક મદદ ઈચ્છે છે પરંતુ તેહરાન કે બેજિંગને નારાજ કરવાની તેની તાકાત નથી.

# પાકિસ્તાનની મધ્યસ્થી ભૂમિકા જોખમમાં અમેરિકાએ કડક વલણ અપનાવ્યું

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 12

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે પાકિસ્તાન અત્યારે રસાતાળમાં ફસાયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં મધ્યસ્થી તરીકે કામ કરતું પાકિસ્તાન હવે પોતે જ શંકાના દાયરામાં આવી ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાને ગુપ્ત રીતે ઈરાની લશ્કરી વિમાનોને પોતાના એરબેઝનો ઉપયોગ કરવા દીધો હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનાએ પાકિસ્તાનની મધ્યસ્થી ભૂમિકા પર ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે, જેના કારણે વોશિંગ્ટનમાં ઈસ્લામાબાદ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રેહામે પાકિસ્તાનની મધ્યસ્થી ભૂમિકાનું 'સંપૂર્ણ પુનર્મૂલ્યાંકન' કરવાની આકરી માંગ કરી છે. સીબીએસ ન્યૂઝના અહેવાલ મુજબ, જ્યારે અમેરિકા ઈરાન પર હુમલા કરી રહ્યું હતું, ત્યારે પાકિસ્તાને ઈરાની વિમાનોને આશરો આપીને અમેરિકી હવાઈ હુમલાઓથી બચાવ્યા હતા. લિન્ડસે ગ્રેહામે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, જો આ અહેવાલો સાચા હોય, તો પાકિસ્તાનની વિશ્વસનીયતા શૂન્ય છે અને તેની મધ્યસ્થતા તાત્કાલિક અસરથી રદ થવી જોઈએ.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિ પ્રસ્તાવમાં પણ પાકિસ્તાને ખોટી વિગતો રજૂ કરી હોવાની આશંકા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકી અધિકારીઓ માને છે કે પાકિસ્તાને ઈરાનનો પક્ષ વધુ હકારાત્મક રીતે રજૂ કર્યો હતો અને ટ્રમ્પની નારાજગી ઈરાન સુધી પહોંચાડી ન હતી. વિશ્વાસનો અભાવ અને વિવાદ એટલો વધી ગયો છે કે હવે વ્હાઈટ હાઉસ પાકિસ્તાનને આ વાટાઘાટોમાંથી બહાર રાખવાનું ગંભીરતાથી વિચારી રહ્યું છે.

# ઉત્તર કોરિયાની પરમાણુ નીતિ બદલાઈ કિમ મરશે તો દુનિયા ડૂબશે, ડેડ મેન્સ સ્વિચ સિસ્ટમ અમલી બની છે

### વિનાશક પરમાણુ હુમલો આપમેળે શરૂ થઈ જશે

(એજન્સી) પ્યોંગયાંગ । તા. 12

વિશ્વ અત્યારે રશિયા અને ઈરાનના યુદ્ધના કારણે અશાંત છે, ત્યારે ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને એક અત્યંત ભયાનક બંધારણીય સુધારો કરીને સમગ્ર દુનિયાને સ્તબ્ધ કરી દીધી છે. ઉત્તર કોરિયાની પરમાણુ નીતિમાં હવે સત્તાવાર રીતે 'ડેડ મેન્સ સ્વિચ' પ્રણાલીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા કાયદા મુજબ, જો કોઈ દુશ્મન દેશના હુમલામાં કિમ જોંગ ઉનનું મૃત્યુ થાય અથવા તેમની કમાન્ડ સિસ્ટમ નષ્ટ થાય, તો ઉત્તર કોરિયાના પરમાણુ શસ્ત્રો કોઈ પણ માનવીય આદેશ વગર આપમેળે દુશ્મન દેશો પર ત્રાટકશે.




અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, આ સિસ્ટમ એક ઓટોમેટિક સર્વનાશ મશીન જેવી છે. ૨૨ માર્ચે મળેલી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીમાં આ જોગવાઈને કાયદેસરનું રૂપ અપાયું છે. જો સર્વોચ્ચ નેતૃત્વ પર કોઈ ખતરો આવશે, તો સૈન્યને કોઈની મંજૂરી લેવાની જરૂર રહેશે નહીં અને વિનાશક પરમાણુ હુમલો તુરંત શરૂ થઈ જશે. આ પગલું ભરીને કિમ જોંગે દુનિયાને સંદેશ આપ્યો છે કે તેમની હત્યા કરવાનો અર્થ પૃથ્વી પરથી માનવજાતનો અંત લાવવો તેવો થશે.

જાણો સમગ્ર ઘટનાક્રમ હેઠળ નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા અને ઈઝરાયલે જે રીતે ઈરાનના નેતા અયાતોલ્લાહ અલી ખામેનેઈને નિશાન બનાવ્યા, તેનાથી કિમ જોંગ ગભરાઈ ગયા છે. નેતૃત્વ ખતમ થવાથી દેશ તૂટી ન જાય તે માટે તેમણે આ 'પાણી પહેલાં પાળ' બાંધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કિમ જોંગે તાજેતરમાં દક્ષિણ કોરિયાની સરહદે અત્યાધુનિક તોપોનું પરીક્ષણ પણ કર્યું છે, જેની રેન્જમાં સિઓલ જેવા મોટા શહેરો આવી જાય છે.

મીડિયા અહેવાલ અનુસાર, ઉત્તર કોરિયાની આ નવી નીતિથી એશિયા પેસિફિક ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

**ઈતિહાસ** | વિશ્વનો સૌથી લાંબો બ્રિજ ખુલ્લો મુકાયો, પરિવહન ક્ષેત્રે ક્રાંતિ આવતા અંતર ઘટશે

# તાઈવાનમાં ડેનજિયાંગ બ્રિજનું ઉદ્ઘાટન થતા નવો ઈતિહાસ રચાયો

(એજન્સી) તાઈપેઈ । તા. 12

તાઈવાનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે આજે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ત્રણ દાયકાની લાંબી રાહ જોયા બાદ, વિશ્વનો સૌથી લાંબો સિંગલ-માસ્ટ અસમપ્રમાણ કેબલ-સ્ટેડ 'ડેનજિયાંગ બ્રિજ' મંગળવારથી વાહનવ્યવહાર માટે સત્તાવાર રીતે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ ભવ્ય પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા શનિવારે એક વિશેષ સમારોહ યોજાયો હતો. મીડિયા અહેવાલ અનુસાર, આ બ્રિજ તાઈવાનના તમસુઈ અને બાલી જિલ્લાઓને જોડે છે, જે ઉત્તરી તાઈવાનની કનેક્ટિવિટીમાં મોટો બદલાવ લાવશે.



અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, ઉદ્ઘાટન સમારોહમાં તાઈવાનના રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેએ આ પુલને રાષ્ટ્રીય ગૌરવ અને આંતરરાષ્ટ્રીય ઓળખનું પ્રતીક ગણાવ્યું હતું. તેમણે એન્જિનિયરો અને નિર્માણ ટીમોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ તાઈવાનની ક્ષમતાનું જીવંત ઉદાહરણ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ બ્રિજની ડિઝાઈન પ્રખ્યાત આર્કિટેક્ટ ઝાહા હદીદ દ્વારા તૈયાર કરવામાં આવી હતી, જે ક્લાઉડ ગેટ ડાન્સ થિયેટરના કલાકારોની મૂવમેન્ટથી પ્રેરિત છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, આ બ્રિજ માત્ર વાહનો માટે જ નહીં પરંતુ પદયાત્રીઓ, સાયકલ સવારો, સ્કૂટર્સ અને લાઈટ રેલ માટે પણ તૈયાર કરવામાં આવ્યો છે. આ બહુહેતુક માળખું ન્યૂ તાઈપેઈ અને તાઓયુઆન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વચ્ચેના પ્રવેશમાં સુધારો કરશે. આ બ્રિજ કાર્યરત થવાથી તમસુઈ અને બાલી વચ્ચેનું અંતર અંદાજે ૧૫ કિલોમીટર ઘટશે, જેનાથી મુસાફરીના સમયમાં ૨૫ મિનિટની મોટી બચત થશે અને ટ્રાફિકમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થશે.

# યુદ્ધ વચ્ચે ચીનની અનાજ સંગ્રહખોરી ભારત માટે ખતરાની ઘંટી

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક સંઘર્ષની આડમાં ચીને વિશ્વ સામે એક નવો આર્થિક મોરચો ખોલ્યો છે. વર્તમાન વૈશ્વિક અશાંતિનો લાભ ઉઠાવીને ચીન અત્યંત ગુપ્ત રીતે અનાજ અને ખાતરનો અસાધારણ જથ્થો એકઠો કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ચીનની અનાજ સંગ્રહખોરીની આ નીતિને કારણે વિશ્વભરમાં ખાદ્ય સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે. વર્લ્ડ બેન્કના પૂર્વ પ્રમુખે ચેતવણી આપી છે કે બેઈજિંગની આ જમાખોરી વૈશ્વિક સપ્લાય ચેઈનને તોડી પાડશે, જેની સીધી અસર ભારત જેવા કૃષિપ્રધાન દેશો પર થવાની પૂરેપૂરી શક્યતા છે.

ચીને માર્ચ મહિનાથી જ ખાતરની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ નિર્ણયના કારણે ભારતીય બજારમાં ખાતરના ભાવમાં અધધ બમણો વધારો જોવા મળી રહ્યો છે. અગાઉ જે યુરિયા ભારત ૫૧૨ ડૉલર પ્રતિ ટનથી ખરીદતું હતું, તેનો ભાવ અત્યારે વધીને ૯૫૯ ડૉલર સુધી પહોંચી ગયો છે. જો ખેતીમાં વપરાતા ખાતરના ભાવ આ રીતે વધશે, તો ઉત્પાદન ખર્ચ વધતા સામાન્ય જનતાના રસોડા સુધી મોંઘવારીનો માર પહોંચશે તે નિશ્ચિત છે.

ચીન આ જમાખોરી માત્ર આત્મરક્ષણ માટે નથી કરી રહ્યું, પરંતુ તેની પાછળ એક ઊંડી રાજકીય ચાલ છે. ઈરાન યુદ્ધને કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ થતા દરિયાઈ વેપાર ઠપ થયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ચીન ઈચ્છે છે કે જ્યારે વિશ્વમાં અનાજ અને ખાતરની તીવ્ર અછત સર્જાય, ત્યારે તે પોતાના ભંડારનો ઉપયોગ કરી અન્ય દેશો પર દબાણ બનાવી શકે અને અઢળક નફો કમાઈ શકે.

## ભારતની વૈશ્વિક રાજદ્વારી પકડ મજબૂત કરવા મેગા પ્રવાસ

# પીએમ મોદીનો પાંચ દેશોનો છ દિવસીય મેગા વિદેશ પ્રવાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 12

વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી રાજકીય અસ્થિરતા વચ્ચે ભારત પોતાની રાજદ્વારી તાકાત બતાવવા સજ્જ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી શુક્રવારથી પાંચ દેશોના છ દિવસીય અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક વિદેશ પ્રવાસ પર રવાના થશે. આ પ્રવાસ દરમિયાન સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા અને આધુનિક ટેકનોલોજી જેવા મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવા માટે અબજો ડોલરના રોકાણ અને મહત્વના કરારો પર મહોર લાગવાની પૂરેપૂરી શક્યતા છે.વડાપ્રધાનના આ મેગા પ્રવાસનું પ્રથમ સ્ટોપેજ સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE) રહેશે. અહીં તેઓ પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરી પશ્ચિમ એશિયાના વર્તમાન સંઘર્ષ અને તેની વૈશ્વિક અસરો પર ચર્ચા કરશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, 45 લાખથી વધુ ભારતીયોના હિતો અને ભારત-UAE વચ્ચેના વ્યાપારિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં આ મુલાકાત સીમાચિહ્નરૂપ સાબિત થશે.પ્રવાસના બીજા તબક્કામાં પીએમ મોદી નેધરલેન્ડ પહોંચશે, જ્યાં તેઓ રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને વડાપ્રધાન રોબ જેટન સાથે મુલાકાત કરશે. આ મુલાકાતનો મુખ્ય એજન્ડા ગ્રીન હાઈડ્રોજન અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે સહયોગ વધારવાનો છે. ત્યારબાદ તેઓ સ્વીડન જશે, જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સ્પેસ ટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વેપારને વેગ આપવા અંગે નક્કર મંત્રણા હાથ ધરશે.આ પ્રવાસની સૌથી મોટી હાઈલાઈટ નોર્વેની મુલાકાત છે. છેલ્લા ચાર દાયકાથી વધુ સમય



બાદ કોઈ ભારતીય વડાપ્રધાન નોર્વે જઈ રહ્યા છે. અહીં તેઓ ત્રીજી 'ઈન્ડિયા-નોર્ડિક સમિટ'માં ભાગ લેશે. મીડિયા અહેવાલ મુજબ, આ સમિટમાં નોર્વે સહિત પાંચ નોર્ડિક દેશોના વડાપ્રધાનો સાથે ભારત બ્લુ ઈકોનોમી અને ગ્રીન ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવા માટે હાથ મિલાવશે.

પ્રવાસના અંતિમ તબક્કે વડાપ્રધાન ઈટાલી પહોંચશે. જ્યોર્જિયા મેલોની સાથેની આ મુલાકાતમાં 'જોઈન્ટ સ્ટ્રેટેજિક એક્શન પ્લાન 2025-2029' ના અમલીકરણ પર ભાર મૂકવામાં આવશે. સ્વચ્છ ઊર્જા અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ઈટાલી સાથેના સંબંધો ભારતને યુરોપિયન માર્કેટમાં વધુ મજબૂતી પ્રદાન કરશે.પીએમ મોદીના આ પ્રવાસનો હેતુ માત્ર દ્વિપક્ષીય મુલાકાતો પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈન અને ટેકનોલોજી હબ તરીકે સ્થાપિત કરવાનો છે. અબજો ડોલરના રોકાણને આકર્ષવાની સાથે આ પ્રવાસ ભારતની 'વિકસિત ભારત 2047' ની સંકલ્પનાને પણ બળ પૂરું પાડશે. વૈશ્વિક સમુદાય અત્યારે ભારતની આ રાજદ્વારી કુનેહ પર નજીકથી નજર રાખી રહ્યો છે.

## વડાપ્રધાને લોકોને કરેલી અપીલ તેમની નિષ્ફળતાનાં પુરાવા છે : રાહુલ

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઉત્પન્ન થયેલ વૈશ્વિક ઓઈલ સંકટની વચ્ચે વડાપ્રધાન મોદીએ લોકોને અપીલ કરી છે કે વર્ક ફ્રોમ હોમની સિસ્ટમ ફરીથી શરૂ કરવામાં આવે, ઈંધણનો ઉપયોગ ઓછો કરવામાં આવે અને વિદેશી મુદ્રા બચાવવામાં મદદ કરવા માટે એક વર્ષ સુધી લગ્ન માટે સોનું ખરીદવાથી પણ બચવામાં આવે.આ અંગે લોકસભામાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે આ ઉપદેશ નહીં પણ નિષ્ફળતાનાં પુરાવા છે. સોશિયલ મીડિયા એક્સ પર લખતા તેમણે જણાવ્યું છે કે વડાપ્રધાન મોદીએ અપીલ કરી છે કે સોનું ખરીદવાનું ટાળો, વિદેશ ન જાવો, પેટ્રોલનો ઉપયોગ ઘટાડો, મેટ્રોનો ઉપયોગ કરો અને ઘરેથી કામ કરો. રાહુલે જણાવ્યું છે કે આ સલાહ નથી પણ નિષ્ફળતાનાં પુરાવા છે. રાહુલે વધુમાં જણાવ્યું છે કે ૧૨ વર્ષમાં દેશને એવા તબક્કે લાવીને ઉભું કરી દીધું છે કે પ્રજાને બતાવવું પડી રહ્યું છે કે શું ખરીદો, શું ના ખરીદો. ક્યાં જાઓ. ક્યાં ન જાઓ. દરેક વખતે જવાબદારી પ્રજા પર નાખી દેવામાં આવે છે જેથી પોતે જવાબદારીથી બચી જાય. કોમ્પ્રોમાઈસ્ડ પીએમ હવે દેશ ચલાવવા સક્ષમ રહ્યાં નથી.તેલંગણાનાં સિકંદરાબાદમાં એક કાર્યક્રમમાં મોદીએ જણાવ્યું હતું કે કોરોનાનાં સમયમાં આપણે વર્ક ફ્રોમ હોમ, ઓનલાઈન મિટિંગ, વીડિયો કોન્ફરન્સ જેવી સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. આજે સમયની માંગ છે કે આપણે આ સિસ્ટમનો ઉપયોગ ફરીથી શરૂ કરીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં પેટ્રોલ-ડીઝલ મોંઘું થઈ ગયું છે.

## ગરમીથી કંટાળ્યા? હજુ તો 150 વર્ષનો રેકોર્ડ તૂટવાની શક્યતા! શું છે 'મોન્સ્ટર અલ નીનો'

(એજન્સી) નવી દિલ્હી | તા 12

વૈશ્વિક હવામાન પરિવર્તનને લઈને વૈજ્ઞાનિકોએ અત્યંત ગંભીર અને ડરામણી આગાહી કરી છે. વર્ષ 2026માં પૃથ્વી પર સુપર અલ નીનો ત્રાટકવાની શક્યતા છે, જે છેલ્લા 150 વર્ષનો સૌથી શક્તિશાળી અને વિનાશક સાબિત થઈ શકે છે. જૂન 2026 સુધીમાં આ 'મોન્સ્ટર' અલ નીનો સક્રિય થવાની સંભાવના 70 ટકાથી વધુ છે. તેના કારણે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી શકે છે.

હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષની સ્થિતિ વર્ષ 1877-78માં આવેલા ભયાનક અલ નીનોની યાદ અપાવશે. તે સમયે આ કુદરતી આફતને કારણે ભારત, ચીન, બ્રાઝિલ અને ઈજિપ્ત જેવા દેશોમાં ભીષણ દુષ્કાળ પડ્યો હતો. આ દુષ્કાળમાં લાખો લોકોએ ભૂખમરા અને રોગચાળાને કારણે જીવ ગુમાવ્યા હતા. હવે, 2026માં ફરી એકવાર તેવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વૈજ્ઞાનિક ડેવિડ વાલેસ-વેલ્સના અહેવાલ મુજબ, આ આફતની અસર દરેક દેશની આર્થિક સ્થિતિ પર અલગ-અલગ હશે. ચીન જેવા દેશોએ ફૂડ સિક્યોરિટી અને એનર્જી ક્ષેત્રે આગોતરું આયોજન કર્યું છે. પરંતુ ભારત માટે આ સ્થિતિ પડકારજનક બની શકે છે. ખેતી અને ગરીબ વર્ગ પર તેની સીધી અસર પડશે. હીટવેવ અને વરસાદની અનિયમિતતાને કારણે પાક નિષ્ફળ જવાની અને મોંઘવારી વધવાની શક્યતા છે.

# News Brief

## તમિલનાડુ વિ.સભામાં વિપક્ષનો અવાજ વધુ મજબૂત બનવો જોઈએ સ્ટાલિન

ચેન્નાઈ:તમિલનાડુના રાજકારણમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ છે. ડીએમકે (DMK) ના વડા એમ.કે. સ્ટાલિને મંગળવારે તમિલનાડુ વિધાનસભાના નવનિર્વાચિત સ્પીકર જે.સી.ડી. પ્રભાકર અને ડેપ્યુટી સ્પીકર રવિશંકરને અભિનંદન પાઠવ્યા છે. સ્ટાલિને આ પદની ગરિમા જાળવી રાખવા અને લોકશાહીના પાયા સમાન વિપક્ષી અવાજને સદનમાં પૂરતું સ્થાન આપવા માટે વિશેષ ભાર મૂક્યો છે. તમિલનાડુ વિધાનસભાની બેઠકોમાં વિપક્ષી સભ્યોની સંખ્યા સત્તાધારી પક્ષ કરતા વધુ હોવાના તથ્યને ટાંકીને તેમણે આ પદધારકોને જનતાના જનાદેશનું સન્માન કરવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં એમ.કે. સ્ટાલિને જણાવ્યું હતું કે, જે.સી.ડી. પ્રભાકર અને રવિશંકર જે આસન પર બિરાજમાન થયા છે, તે ભૂતકાળમાં મહાન હસ્તીઓ દ્વારા શોભાવવામાં આવ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે બંને પદધારકો સદનની ઉચ્ચ પરંપરાઓ અને ગૌરવને જાળવી રાખશે. સ્ટાલિને કહ્યું કે આ પદ માત્ર સત્તાનું કેન્દ્ર નથી પરંતુ લોકશાહીના મૂલ્યોનું રક્ષણ કરવાનું સ્થાન છે.સ્ટાલિને એક મહત્વના મુદ્દા તરફ ધ્યાન દોરતા કહ્યું કે, વર્તમાન વિધાનસભામાં વિરોધ પક્ષોના ધારાસભ્યોની સંખ્યા શાસક પક્ષના સભ્યો કરતા વધુ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ જનતાનો ચુકાદો છે અને સ્પીકર-ડેપ્યુટી સ્પીકરે આ હકીકતને ધ્યાનમાં રાખીને ગૃહની કાર્યવાહી ચલાવવી જોઈએ. મીડિયા અહેવાલ મુજબ, સ્ટાલિને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નવા પદધિકારીઓ વિપક્ષનો અવાજ સદનમાં વધુ બુલંદ બને અને તેમને પૂરતી તક મળે તે સુનિશ્ચિત કરશે.તમિલનાડુની આ નવી વિધાનસભાનું ગઠન અભિનેતા અને રાજકારણી વિજયના નેતૃત્વ હેઠળની 'તમિલગા વેટ્ટરી કઝગમ' (TVK) ના પ્રચંડ વિજય બાદ થયું છે.

## કેરલમમાં CMની પસંદગી કોંગ્રેસનો આંતરિક મામલો: પ્રિયંક ખડગે

બેંગલુરુ: કેરલમ વિધાનસભા ચૂંટણીમાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ના શાનદાર વિજય બાદ પણ મુખ્યમંત્રીના નામની જાહેરાતમાં થઈ રહેલા વિલંબને લઈને રાજકારણ ગરમાયું છે. કર્ણાટકના મંત્રી પ્રિયંક ખડગેએ આ મામલે ભાજપ દ્વારા કરવામાં આવતી ટીકાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીની પસંદગી એ કોંગ્રેસ અને ગઠબંધનનો "આંતરિક મામલો" છે અને ભાજપે બીજાના ઘરમાં ડોકિયું કરવાને બદલે પોતાના ભૂતકાળ પર નજર કરવી જોઈએ.મંત્રી પ્રિયંક ખડગેએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે યાદ અપાવ્યું હતું કે જ્યારે કર્ણાટકમાં ભાજપની સરકાર હતી, ત્યારે તેમને મુખ્યમંત્રી નક્કી કરવામાં એક મહિનાથી વધુ સમય લાગ્યો હતો. ખડગેએ સવાલ કર્યો કે, "ભાજપને આમાં આટલો રસ કેમ છે? તેમણે પોતે કર્ણાટકમાં સીએમ બનાવવા માટે ઘણો સમય લીધો હતો. આ અમારો આંતરિક વિષય છે અને અમે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈશું." આ વિવાદની શરૂઆત ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહઝાદ પૂનાવાલાના નિવેદનથી થઈ હતી. પૂનાવાલાએ કટાક્ષ કરતા કહ્યું હતું કે, કેરલમમાં કોંગ્રેસ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં તેઓ નેતા નક્કી કરી શકતા નથી. તેમણે એવો દાવો પણ કર્યો કે કોંગ્રેસે પાંચ વર્ષમાં પાંચ મુખ્યમંત્રી બદલવાની યોજના બનાવી હોય તેવું લાગે છે. પૂનાવાલાએ જૂથબંધીનો ઉલ્લેખ કરતા કહ્યું કે પ્રિયંકા ગાંધી વી.ડી. સતીશનનું નામ આગળ કરી રહ્યા છે, જ્યારે રાહુલ ગાંધી કે.સી. વેણુગોપાલને સીએમ બનાવવા માંગે છે.

## કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા કેરલમમાં નેતૃત્વ મામલે અંતિમ મંથન

નવી દિલ્હી: કેરલમ વિધાનસભા ચૂંટણીમાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ના શાનદાર વિજય બાદ હવે મુખ્યમંત્રી કોણ બનશે તે અંગેનો સસ્પેન્સ તેના અંતિમ તબક્કામાં પહોંચ્યો છે. પૂર્વ કેપીસીસી (KPCC) પ્રમુખ કે. મુરલીધરને મંગળવારે જણાવ્યું હતું કે, કેરલમના નવા મુખ્યમંત્રીની પસંદગી અંગેનો અંતિમ નિર્ણય આજે સાંજ સુધીમાં અથવા બુધવાર સવાર સુધીમાં જાહેર કરવામાં આવશે. આ જાહેરાત દિલ્હીમાં લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથેની મહત્વની બેઠક બાદ કરવામાં આવી છે.મુખ્યમંત્રી પદના ઉમેદવારને આખરી ઓપ આપવા માટે કેરલમ પ્રદેશ કોંગ્રેસના આઠ પૂર્વ પ્રમુખોએ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં મુલ્લાપલ્લી રામચંદ્રન, એમ.એમ. હસન, કે. સુધાકરન અને વી.એમ. સુધીરન જેવા વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. મુરલીધરને પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, "અમે રાહુલ ગાંધીને મળ્યા છીએ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આજે સાંજે દિલ્હી પહોંચી રહ્યા છે, ત્યારબાદ આખરી નિર્ણય લેવામાં આવશે."કેરલમની ગાદી માટે હાલમાં ત્રણ મજબૂત દાવેદારોના નામ રેસમાં છે. જેમાં વિરોધ પક્ષના નેતા વી.ડી. સતીશન, કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને વરિષ્ઠ નેતા રમેશ ચેન્નીથલાનો સમાવેશ થાય છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દરેક પક્ષના ધારાસભ્યો અને ગઠબંધન સાથીઓ સાથે ચર્ચા કરી રહ્યું છે જેથી સર્વસંમતિ સાધી શકાય. ધારાસભ્ય પક્ષ દ્વારા પહેલેથી જ એક લીટીનો ઠરાવ પસાર કરીને અંતિમ સત્તા હાઈકમાન્ડને સોંપવામાં આવી છે.મુખ્યમંત્રીની વરણીમાં થઈ રહેલા વિલંબને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ શાસન કરવાને બદલે આંતરિક વિખવાદ અને સત્તાના સંઘર્ષમાં વ્યસ્ત છે.

## ચિંતન શિબિર: સહિયારા દ્રષ્ટિકોણ દ્વારા ભારતમાં રમતગમતના ભવિષ્યને આકાર આપવો

બે ચિંતન શિબિરોનો ભાગ બનવાની તક મળ્યા પછી, હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે આ ભારતીય રમતગમતમાં આજે સૌથી સમયસર અને અસરકારક પહેલ છે. આપણે આપણા રાષ્ટ્રની રમતગમત યાત્રાના એક મહત્વપૂર્ણ વળાંક પર છીએ, એક એવો સમય જ્યાં ઉદ્દેશ્ય, રોકાણ અને પ્રેરણા અભૂતપૂર્વ ગતિએ એકરૂપ થઈ રહી છે.છેલ્લા એક દાયકામાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતમાં રમતગમત હાંસિયામાંથી મુખ્ય પ્રવાહમાં આગળ વધી છે. તેના મહત્વ વિશે સ્પષ્ટ રાષ્ટ્રીય જાગૃતિ પણ છે, માત્ર એક સ્પર્ધાત્મક પ્રવૃત્તિ તરીકે જ નહીં, પરંતુ આરોગ્ય, શિસ્ત અને રાષ્ટ્રીય ગૌરવના સાધન તરીકે પણ. આજે, આપણે એક વિશાળ અને વૈવિધ્યસભર ઈકોસિસ્ટમ જોઈએ છીએ, જ્યાં રાજ્ય સરકારો, બિન-સરકારી સંસ્થાઓ, કોર્પોરેશનો, સંગઠનો અને પાયાના સ્તરની સંસ્થાઓ રમતગમતના વિકાસમાં સક્રિયપણે યોગદાન આપી રહી છે.ચિંતન શિબિરની સૌથી મોટી તાકાત એ છે કે તે બધા હિસ્સેદારોને એક સામાન્ય પ્લેટફોર્મ પર એકસાથે લાવે છે. રમતગમત પોતે જ ઉત્પાદન, મનોરંજન, ફિટનેસ, મીડિયા અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રો સાથે જોડાયેલી છે. આ શિબિર આ બધા ક્ષેત્રોને એકસાથે લાવવામાં મદદ કરે છે, એક સામાન્ય દ્રષ્ટિકોણ બનાવે છે, જે લાંબા ગાળાની સફળતા માટે મહત્વપૂર્ણ છે. તે રાષ્ટ્રના સામૂહિક દ્રષ્ટિકોણને આગળ લાવે છે અને વિવિધ રાજ્યોના શ્રેષ્ઠ પ્રયાસો પ્રદર્શિત કરે છે, અનુકરણ અને નવીનતાને પ્રોત્સાહન આપે છે. ચિંતન શિબિર ફક્ત એક પરિષદ કરતાં વધુ છે, તે શીખવાનું પ્લેટફોર્મ છે. તે સહભાગીઓને વિચારોનું આદાન-પ્રદાન કરવાની, પડકારોને સમજવાની અને સાથે મળીને ઉકેલો વિકસાવવાની તક પૂરી પાડે છે. તે એક શક્તિશાળી પ્રેરક તરીકે પણ કામ કરે છે, જે અસંખ્ય સફળતાની વાર્તાઓ પ્રકાશિત કરે છે અને આ



**શ્રી પુલેલા ગોપીચંદ**
**મુખ્ય કોચ, ભારતીય રાષ્ટ્રીય બેડમિન્ટન ટીમ**

વિચારને મજબૂત બનાવે છે કે ભારતમાં રમતગમત ફક્ત ઉચ્ચ પદકો વિશે નથી, પરંતુ તેમાં ભાગીદારી, સમાવેશીતા અને રાષ્ટ્ર નિર્માણનો પણ સમાવેશ થાય છે.ફિટ ઈન્ડિયા ચળવળ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને સાયકલિંગ સ્પર્ધાઓ જેવી સામુદાયિક પ્રવૃત્તિઓ જેવી પહેલોએ રમતગમત પ્રત્યેના આપણા અભિગમને ફરીથી આકાર આપ્યો છે. આજે 'બધા માટે રમતગમત'ની સાથે ઉચ્ચતમ સ્તરે શ્રેષ્ઠતા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. મેડલની આકાંક્ષાઓ અને વ્યાપક ભાગીદારી હવે અલગ મુદ્દાઓ નથી; તેના બદલે, તે એક જ પ્રક્રિયાનો ભાગ છે.શ્રીનગરમાં શિબિરનું આયોજન તેના મહત્વને વધુ વધારશે. શહેરની શાંત સુંદરતા રમતગમતની ચર્ચાઓ માટે મનમોહક પૃષ્ઠભૂમિ જ નહીં, પણ અર્થપૂર્ણ સંવાદ માટે જરૂરી શાંત ચિંતનની ભાવનાને પણ પ્રોત્સાહન આપે છે.આ વિચારમંથન સત્રનો મુખ્ય ઉદ્દેશ શ્રીનગર રમતગમત ઠરાવને અપનાવવાનો હતો. આ ઠરાવ ફક્ત ઉદ્દેશ્યનો દસ્તાવેજ નથી, પરંતુ એક સંકલિત માળખું છે જે ભારતીય રમતગમત જગતના તમામ હિસ્સેદારોની આકાંક્ષાઓને એકસાથે જોડે છે. સહિયારા લક્ષ્યો, પ્રાથમિકતાઓ અને જવાબદારીઓની સ્પષ્ટ રૂપરેખા આપીને, તે એક રોડમેપ બનાવે છે જે વિભાજનને બદલે સહયોગને પ્રોત્સાહન આપે છે. શ્રીનગર સ્પોર્ટ્સ રિઝોલ્યુશનની સાચી તાકાત વિવિધ હિસ્સેદારો - સરકારો, સંગઠનો, ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજ ને એક જ પ્લેટફોર્મ પર એકસાથે લાવવાની તેની ક્ષમતામાં રહેલી છે. આ માન્યતાને મજબૂત બનાવે છે કે ભારતનો રમતગમતનો લેન્ડસ્કેપ એકલા પ્રયાસો દ્વારા ખીલી શકતો નથી. તેના બદલે, તે સંકલિત, સહયોગી અભિગમ દ્વારા સંચાલિત હોવું જોઈએ જે સંસાધનો, જ્ઞાન અને કુશળતાને એકસાથે લાવે છે.2036 સુધીમાં ઓલિમ્પિક રમતોમાં ટોચના 10 દેશોમાં સ્થાન મેળવવાની ભારતની લાંબા ગાળાની મહત્વાકાંક્ષાને પ્રાપ્ત કરવા માટે આ સંકલન ખૂબ જ મહત્વપૂર્ણ છે. વિશ્વ કક્ષાના રમતવીરો વિકસાવવા માટે માત્ર પ્રતિભા જ નહીં પરંતુ એક સુવ્યવસ્થિત પ્રણાલીની પણ જરૂર છે.

# NFR સેન્ટ્રલ હોસ્પિટલ નવજાત શિશુઓના જીવન ટકાવી રાખવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં ભાગ લે છે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેની સેન્ટ્રલ હોસ્પિટલે 10 મે, 2026 ના રોજ રાષ્ટ્રવ્યાપી નવજાત શિશુ પુનર્જીવન કાર્યક્રમ (NRP) દિવસમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને નવજાત શિશુઓની આરોગ્યસંભાળને મજબૂત બનાવવા અને અટકાવી શકાય તેવા નવજાત શિશુ મૃત્યુ ઘટાડવા માટેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.કાર્યક્રમના ભાગ રૂપે, 15 આરોગ્યસંભાળ વ્યાવસાયિકોએ સેન્ટ્રલ હોસ્પિટલ, માલીગાંવ ખાતે આયોજિત એક સમર્પિત તાલીમ સત્રમાં ભાગ લીધો હતો. આ સત્રનું નેતૃત્વ બાળરોગ વિભાગના




સિનિયર ડિવિઝનલ મેડિકલ ઓફિસર ડૉ. ઈમેન્યુઅલ ટુલોર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે મુખ્ય પ્રશિક્ષક તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમનું સંકલન બાળરોગ વિભાગના સિનિયર ડિવિઝનલ મેડિકલ ઓફિસર ડૉ. કેએમએસકે કૃષ્ણા દ્વારા કરવામાં આવ્યું હતું.આ રાષ્ટ્રવ્યાપી પહેલનું આયોજન નેશનલ નિયોનેટોલોજી ફોરમ (NNF) ના નેતૃત્વ હેઠળ ભારત સરકાર, ઈન્ડિયન એકેડેમી ઓફ પેડિયાટ્રિક્સ (IAP), ફેડરેશન ઓફ ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ સોસાયટીઝ ઓફ ઈન્ડિયા (FOGSI) અને ટ્રેઈન્ડ નર્સીસ એસોસિએશન ઓફ ઈન્ડિયા (TNAI) ના સહયોગથી કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દરેક નવજાત શિશુ માટે ઓછામાં ઓછા એક પ્રશિક્ષિત આરોગ્યસંભાળ પ્રદાતાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરીને દરેક ડિલિવરી બિંદુ પર મોટા પાયે જીવનરક્ષક ક્ષમતાનું નિર્માણ કરવાનો હતો. આ પહેલ જન્મ પછીના મહત્વપૂર્ણ 'સુવર્ણ મિનિટ' દરમિયાન સમયસર હસ્તક્ષેપના મહત્વ પર ભાર મૂકે છે, જ્યારે તાત્કાલિક પુનર્જીવન સહાય નવજાત શિશુના અસ્તિત્વના પરિણામોમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

## કેરલમ રાજકારણ અને નેતૃત્વ માટે દિલ્હીમાં હાઈપ્રોફાઈલ બેઠક

# કેરલમમાં CM પદ માટે ત્રણ દિગ્ગજ નેતાઓ વચ્ચે જંગ

તિરુવનંતપુરમ:કેરલમ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) એ 140 માંથી 102 બેઠકો મેળવીને અભૂતપૂર્વ વિજય મેળવ્યો છે, પરંતુ આ જીતના આઠ દિવસ બાદ પણ રાજ્યને નવા મુખ્યમંત્રી મળ્યા નથી. ચૂંટણી પરિણામોએ ઈતિહાસ રચ્યો હોવા છતાં, ગઠબંધનમાં 'કેપ્ટન' ની પસંદગીને લઈને ચાલી રહેલી ગડમથલે રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના પેદા કરી છે. હાલમાં સત્તાના ગલિયારાઓમાં મુખ્યમંત્રી પદ માટે ત્રણ દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં છે, જેના કારણે હાઈકમાન્ડ માટે નિર્ણય લેવો પડકારજનક બન્યો છે.કેરલમની ગાદી પર કોણ બેસશે તેને લઈને અત્યારે ત્રણ મોટા નામ રેસમાં છે. પ્રથમ નામ કે.સી. વેણુગોપાલનું છે, જેઓ એઆઈસીસી (AICC) જનરલ સેક્રેટરી હોવાની સાથે રાહુલ ગાંધીના અત્યંત નજીકના માનવામાં આવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવા ચૂંટાયેલા 63 ધારાસભ્યોમાંથી મોટાભાગના તેમની તરફેણમાં છે, જોકે તેઓ હાલમાં સાંસદ હોવાથી સ્થાનિક સ્તરે કાર્યકરોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.બીજી તરફ, વી.ડી. સતીશન પ્રત્યે કાર્યકરોમાં ભારે સહાનુભૂતિ છે. વિરોધ પક્ષના નેતા તરીકે તેમણે છેલ્લા પાંચ વર્ષમાં વિજયન સરકારની નીતિઓનો જોરદાર વિરોધ કરીને જનતામાં મજબૂત પકડ બનાવી છે. પાયાના કાર્યકરોનું માનવું છે કે યુડીએફની આ ભવ્ય જીત પાછળ સતીશનની સક્રિયતા મુખ્ય કારણ છે. ત્રીજા દાવેદાર તરીકે અનુભવી નેતા રમેશ ચેન્નીથલા છે, જેઓ પોતાની વહીવટી કુશળતા અને અનુભવના આધારે મજબૂત દાવો રજૂ કરી રહ્યા છે.કેરલમમાં સર્જાયેલી આ અનિશ્ચિતતાને દૂર કરવા માટે મંગળવારે કોંગ્રેસ હાઈકમાન્ડે વરિષ્ઠ નેતા તિરુવંચૂર રાધાકૃષ્ણનને દિલ્હી તેડાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, દિલ્હીમાં હાઈકમાન્ડના નેતાઓ સાથે ચાલી રહેલી બેઠકોમાં દરેક દાવેદારના ગુણદોષની ચર્ચા કરવામાં આવી રહી છે. રાધાકૃષ્ણનના જણાવ્યા અનુસાર, હવે નિર્ણય લેવામાં વધુ સમય લાગશે નહીં અને ટૂંક સમયમાં જ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ચૂંટણીમાં મળેલી જીત બાદ જે રીતે મુખ્યમંત્રી પદ માટે સસ્પેન્સ જળવાઈ રહ્યું છે, તેનાથી કાર્યકરોમાં ક્યાંક રોષ અને અસંતોષ પણ જોવા મળી રહ્યો છે. વિશ્લેષકોનું માનવું છે કે જો હાઈકમાન્ડ દ્વારા કોઈ એક નામ પર સર્વસંમતિ સાધવામાં વિલંબ થશે, તો તેની અસર સરકારની શરૂઆતની છબી પર પડી શકે છે. ખાસ કરીને ગ્રીન એનર્જી અને સ્થાનિક વિકાસના મુદ્દાઓ પર ધ્યાન આપવાના બદલે હાલમાં માત્ર નેતૃત્વની લડાઈ પર ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું હોવાનું જણાય છે. નવા મુખ્યમંત્રી સામે કેરલમના વિકાસના એજન્ડાને આગળ વધારવા અને ગઠબંધન સાથે મળીને કામ કરવાના મોટા પડકારો હશે. પોર્ટુગલ કે અન્ય દેશોના રોકાણને આકર્ષવા અને આર્થિક સ્થિરતા જાળવવા માટે એક મજબૂત નેતૃત્વ અનિવાર્ય છે. હાઈકમાન્ડ એવો ચહેરો પસંદ કરવા માંગે છે જે 2047 સુધીના વિકાસના લક્ષ્યોને પાર પાડી શકે અને પક્ષમાં પ્રવર્તી રહેલી જૂથબંધીને નાબૂદ કરી શકે. આગામી 24 થી 48 કલાકમાં કેરલમમાં 'કિંગ' કોણ બનશે તેના પરથી પડદો ઉચકાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## સ્કૂલો અને ધાર્મિક સ્થળો નજીકની દારૂની 717 દુકાન બંધ કરવાનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી | તા 12

તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ જોસેફ વિજયે તેમના પ્રથમ મોટા વહીવટી નિર્ણયમાં રાજ્યમાં ચાલતી 717 સરકારી દારૂની દુકાનો બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ આદેશ મુજબ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને બસ સ્ટેન્ડની 500 મીટરની ત્રિજ્યામાં આવતી તમામ દુકાનો આગામી બે અઠવાડિયામાં બંધ કરી દેવામાં આવશે. હાલમાં રાજ્યમાં કુલ 4,765 દુકાનો કાર્યરત છે, જેમાંથી 276 ધાર્મિક સ્થળો પાસે, 186 શૈક્ષણિક સંસ્થાઓ પાસે અને 255 બસ સ્ટેન્ડ નજીક આવેલી છે. વિજયના આ પગલાને સામાજિક સુધારાની દિશામાં એક મહત્ત્વનું પગલું માનવામાં આવે છે. દારૂબંધીના નિર્ણય ઉપરાંત, મુખ્યમંત્રી વિજયે જનતા માટે અન્ય લોકકલ્યાણકારી જાહેરાતો પણ કરી છે. તેમણે ઘરેલુ વપરાશકારો માટે 200 યુનિટ મફત વીજળી આપવાની યોજનાને મંજૂરી આપી છે. આ સાથે જ રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે એક સ્પેશિયલ ફોર્સની રચના કરવાની અને દરેક જિલ્લામાં ડ્રગ્સ વિરોધી યુનિટ સ્થાપવાની પણ જાહેરાત કરી છે, જેથી રાજ્યમાં નશાના દૂષણને ડામી શકાય.


CONN PLEX CINEMAS

**કોનપ્લેક્સ સિનેમાસ લિમિટેડ**

(અગાઉ વીસીએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતી)

[CIN: L74110GJ2015PLC111882]

રજિસ્ટર્ડ ઓફિસ: બ્લોક C-1001, ક્રિશ ક્યુબિકલ, એવલોન હોટલની સામે, ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, થલતેજ, અમદાવાદ, દસ્ક્રોઈ, ગુજરાત, ભારત, 380059 ઈમેઈલ: cs@theconnplex.com, ફોન: +91 07935289865, વેબસાઈટ: www.theconnplex.com

**31 માર્ચ, 2026 ના રોજ પૂરા થયેલા છ મહિના અને વર્ષ માટેના ઓડિટ કરેલા નાણાકીય પરિણામોના નિવેદનનો અર્ક**

(રૂપિયા લાખમાં, શેર દીઠ વિગતો સિવાય અને જો અન્યથા જણાવાયું ન હોય તો)

| વિગત | પૂરા થયેલા અર્ધ વર્ષ | | | પૂરા થયેલા વર્ષ | |
|---|---|---|---|---|---|
| | (31.03.2026) (ઓડિટ કરેલ) | (30.09.2025) (બિન-ઓડિટ કરેલ) | (31.03.2025) (ઓડિટ કરેલ) | (31.03.2026) (ઓડિટ કરેલ) | (31.03.2025) (ઓડિટ કરેલ) |
| કુલ આવક | 8553.80 | 6456.56 | 5529.70 | 15010.36 | 9678.17 |
| સમયગાળા માટે ચોખ્ખો નફો/(નુકસાન) (કરવેરા, અસાધારણ અને/અથવા વિશિષ્ટ બાબતો પહેલાં) | 1751.64 | 1733.36 | 1292.40 | 3485.01 | 2574.21 |
| કરવેરા પહેલાનો સમયગાળા માટેનો ચોખ્ખો નફો/(નુકસાન) (અસાધારણ અને/અથવા વિશિષ્ટ બાબતો પછી) | 1751.64 | 1733.36 | 1292.40 | 3485.01 | 2574.21 |
| કરવેરા પછીનો સમયગાળા માટેનો ચોખ્ખો નફો/(નુકસાન) (અસાધારણ અને/અથવા વિશિષ્ટ બાબતો પછી) | 1302.54 | 1305.38 | 938.16 | 2607.92 | 1897.46 |
| સમયગાળા/વર્ષ માટે કુલ વ્યાપક આવક (સમયગાળા/વર્ષ માટે કરવેરા પછીનો નફો/(નુકસાન) અને કરવેરા પછીની અન્ય વ્યાપક આવક સહિત) | 1302.54 | 1305.38 | 938.16 | 2607.92 | 1897.46 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરની ફેસ વેલ્યુ રૂ. 10/- લેખે) | 1910.00 | 1910.00 | 1400.00 | 1910.00 | 1400.00 |
| અનામત ભંડોળ (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) પાછલા વર્ષના ઓડિટ કરેલા બેલેન્સ શીટ મુજબ | - | - | - | 11522.35 | 1064.87 |
| શેર દીઠ કમાણી (રૂ. 10/- ની ફેસ વેલ્યુ) (વાર્ષિક ધોરણે નહીં) | | | | | |
| બેઝિક: | 6.82 | 8.51 | 6.70 | 15.15 | 13.55 |
| ડાયલ્યુટેડ: | 6.82 | 8.51 | 6.70 | 15.15 | 13.55 |

નોંધ:
1.ઉપરોક્ત વિગતો એ સેબી (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જોમાં ફાઈલ કરવામાં આવેલા નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અર્ક છે. નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com પર અને કંપનીની વેબસાઈટ www.theconnplex.com પર ઉપલબ્ધ છે.
2) ઉપરોક્ત નાણાકીય પરિણામોની ઓડિટ કમિટી દ્વારા સમીક્ષા અને ભલામણ કરવામાં આવી છે અને 12 મે, 2026 ના રોજ યોજાયેલી તેની બેઠકમાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

તારીખ: 12 મે, 2026
સ્થળ: અમદાવાદ

કોનપ્લેક્સ સિનેમાસ લિમિટેડ વતી
(અગાઉ વીસીએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતી)
સહી/-
અનીષ તુલસીભાઈ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 07823715

## મેઘાણીનગરમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા 3 ડીજે સંચાલકો સામે કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ શહેરના મેઘાણીનગર પોલીસ સ્ટેશનએ ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત જાહેરનામાનો ભંગ કરી ઊંચા અવાજે ડીજે વગાડતા ત્રણ ડીજે સંચાલકો સામે ગુના દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. પેટ્રોલિંગ દરમિયાન પોલીસે અલગ-અલગ વિસ્તારોમાંથી ત્રણ ડીજે વાહનો સાથે મોટાપાયે સાઉન્ડ સિસ્ટમ કબ્જે કરી હતી. પોલીસ તપાસ દરમિયાન આરોપી તરીકે જીગ્નેશભાઈ હરેશભાઈ પટણી રમેશભાઈ પુંજાભાઈ પટની અને આકાશ કુમાર વિજયભાઈ પટનીની ઓળખ થઈ હતી.


સિટી એક્સપ્રેસ

WEDNESDAY 13 MAY-2026

AHMEDABAD


## Paytm સાઉન્ડ બોક્સ બંધ કરવાના બહાને ₹50 હજારની છેતરપીંડી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ શહેરના ઘાટલોડીયા પોલીસ સ્ટેશનએ પેટીએમ સાઉન્ડ બોક્સ બંધ કરાવવાના બહાને વેપારી સાથે ઓનલાઈન છેતરપીંડી કરનાર આરોપીને ઝડપી પાડી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી છે. આરોપીએ પોતાને પેટીએમ કંપનીનો પ્રતિનિધિ તરીકે ઓળખાવી વેપારીના મોબાઈલમાંથી પાસવર્ડ મેળવી 50 હજાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપીંડી આચરી હતી. પોલીસ તપાસમાં ઝડપાયેલ આરોપીની ઓળખ બ્રિજેશ ગિરીશભાઈ પટેલ તરીકે થઈ છે.



# સેન્ટ્રલ જેલના મેન ગેટમાંથી કેદી ભાગી ગયો : હાઈ સિક્યોરિટી જેલની પોલ ખુલી

## હત્યા-પોક્સોની સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી બડા ચક્કરમાં કેદ હતો; વર્ષ 2025થી સાબરમતી જેલના બડા ચક્કર વિભાગમાં હતો

અમદાવાદ | રાજ્યની સૌથી સુરક્ષિત મનાતી સાબરમતી સેન્ટ્રલ જેલ ફરી એક વખત ગંભીર વિવાદમાં આવી ગઈ છે. આજીવન કેદની સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી માલદે રામાભાઈ પરમાર જેલમાંથી ફરાર થઈ જતા જેલ તંત્ર, સુરક્ષા વ્યવસ્થા અને સ્ટાફની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. ઘટના માત્ર એક કેદી ભાગી જવાની નથી, પરંતુ છેલ્લા કેટલાક સમયથી જેલમાં ચાલી રહેલા આંતરિક વિવાદો, કેદીઓ વચ્ચેના તણાવ અને સ્ટાફની બેદરકારી હવે ખુલ્લેઆમ સામે આવી રહી છે.

સાબરમતી મધ્યસ્થ જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા દેવદત્તસિંહ ગોહિલે ફરિયાદ નોંધાવી છે કે જેલમાં બડા ચક્કર યાર્ડ નંબર-4માં કુલ 33 કેદીઓ રાખવામાં આવ્યા હતા. ગણતરીમાં માત્ર 32 કેદીઓ મળતા માલદે પરમાર ગાયબ હોવાનું ખુલ્યું હતું. ત્યારબાદ જેલમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ કેદીનો કોઈ પત્તો ન લાગતા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. ફૂટેજમાં માલદે પરમાર બડા ચક્કર યાર્ડમાંથી બહાર નીકળીને જેલ સ્ટાફને ચકમો આપતો અને મેન ગેટની બહાર નીકળી જતો જોવા મળ્યો હતો.

સૌથી મોટો સવાલ એ છે કે રાજ્યની હાઈ સિક્યોરિટી જેલમાંથી એક આજીવન કેદની સજા ભોગવી રહેલો કેદી સહેલાઈથી બહાર કેવી રીતે નીકળી ગયો. તપાસમાં સામે આવી રહેલી




વિગતો મુજબ માલદે પરમાર સામાન્ય કેદી નહોતો. તેના વિરુદ્ધ વર્ષ 2023માં પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશનમાં હત્યા, પોક્સો સહિત ગંભીર ગુનાઓ નોંધાયા હતા. વર્ષ 2025માં કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી. પહેલા તેને પોરબંદર જેલમાં રાખવામાં આવ્યો હતો અને ત્યારબાદ રાજકોટ જેલમાં ખસેડવામાં આવ્યો હતો.

તબિયત બગડતા તેને સાબરમતી સેન્ટ્રલ જેલમાં લાવવામાં આવ્યો હતો. વર્ષ 2025થી તે સાબરમતી જેલના બડા ચક્કર વિભાગમાં હતો.

પાકા કામના કેદીઓ જેલની અંદર વિવિધ જવાબદારીઓ સંભાળતા હોવાથી તેમની અવરજવર સામાન્ય કેદીઓની તુલનાએ વધારે રહેતી હોય છે. જોકે સુરક્ષા પ્રોટોકોલ મુજબ આવા કેદીઓ પર સતત નજર રાખવાની ફરજ સ્ટાફની રહે છે. તેમ છતાં માલદે પરમાર મેન ગેટ સુધી પહોંચી ગયો, તે માત્ર બેદરકારી નહીં પરંતુ સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર ખામી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટનાએ જેલમાં ચાલતી આંતરિક વ્યવસ્થાને લઈને પણ અનેક ચર્ચાઓ શરૂ કરી છે.

આ અંગે રાણીપ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.આર. રબારીએ જણાવ્યું હતું કે કેદી જેલમાંથી નીકળીને કઈ તરફ ભાગ્યો છે તે તપાસ કરવામાં આવી રહી છે. જેલની બહાર અલગ અલગ સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

5 દિવસ પહેલાં પણ અમદાવાદની હાઈ સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલ જેલ વિવાદમાં આવી હતી. જેલના 'બડા ચક્કર'માં બે કેદીઓ વચ્ચે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. એક કેદીએ બીજા કેદીને 'બાયલો' કહીને ઉશ્કેરણી કરતા મામલો બિચક્યો હતો અને મારામારીમાં એક કેદીને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો.

6 મહિના પહેલાં ગુજરાત એટીએસે પકડેલા આતંકવાદી ડોકટર અહેમદ મોહિયુદ્દીન અબ્દુલ કાદર જીવાની સૈયદ ઉપર સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ હુમલો કરાયો હતો. 10 દિવસના રિમાન્ડ પુરા થતા અહેમદ મોહિયુદ્દીનને નવી સાબરમતી સેન્ટ્રલ જેલની હાઈ સિકયોરિટી બેરેકમાં મોકલી દેવાયો હતો. જ્યાં સવારે 7 વાગ્યે તે સૂઈ રહ્યો હતો

### સાઇનાઈડથી ખતરનાક ઝેર બનાવી રહેલા ડો. સૈયદને સાબરમતીમાં અન્ય કેદીઓએ માર્યો હતો

6 મહિના પહેલાં ગુજરાત એટીએસે પકડેલા આતંકવાદી ડોકટર અહેમદ મોહિયુદ્દીન અબ્દુલ કાદર જીવાની સૈયદ ઉપર સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ હુમલો કરાયો હતો. 10 દિવસના રિમાન્ડ પુરા થતા અહેમદ મોહિયુદ્દીનને નવી સાબરમતી સેન્ટ્રલ જેલની હાઈ સિકયોરિટી બેરેકમાં મોકલી દેવાયો હતો. જ્યાં સવારે 7 વાગ્યે તે સૂઈ રહ્યો હતો ત્યારે જ અન્ય 3 આરોપીઓએ તેને ફેંટોનો માર માર્યો હતો.

જેમાં તેને આંખના ભાગે ગંભીર ઈજા થતા સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

# પોલીસ કોન્સ્ટેબલની પત્ની ગીતા રાજપુરોહિતના મોત મામલે કરણી સેના મેદાનમાં:રાજસ્થાનથી મોટી સંખ્યામાં લોકો અમદાવાદ આવશે

(એજન્સી) અમદાવાદ | તા. 12

અમદાવાદ | અમદાવાદના વાસણા વિસ્તારમાં 15 એપ્રિલના રોજ ગીતા રાજપુરોહિત નામની મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ મામલે વાસણા પોલીસે મૃતકના પતિ અને પોલીસ કોન્સ્ટેબલ અર્જુન પુરોહિત વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે, પરંતુ 20 દિવસ બાદ પણ આરોપીની ધરપકડ ન થતા મૃતકનો પિયર પક્ષ અને રાજસ્થાની સમાજના લોકો આક્રમક મૂડમાં છે. ન્યાયની માંગ સાથે આવતીકાલે મોટી સંખ્યામાં લોકો અને કરણી સેનાના સભ્યો પોલીસ કમિશનર કચેરી ખાતે રેલી સ્વરૂપે પહોંચશે.

મૃતક ગીતાબેનના પરિવારજનોનો આક્ષેપ છે કે આ માત્ર આત્મહત્યાનો કિસ્સો નથી, પરંતુ સુનિયોજિત કાવતરું રચીને કરવામાં આવેલી હત્યા છે જેને આપઘાતમાં ખપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ શંકાને આધારે પરિવારજનો છેલ્લા 20 દિવસથી વાસણા પોલીસ સ્ટેશનની બહાર ધરણા અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

મૃતકના પરિવારજનોની મુખ્ય માંગ છે કે, આરોપી પતિ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાને બદલે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવે. આરોપીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને સ્થાનિક પોલીસને બદલે આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવે. પોલીસ તંત્ર દ્વારા માંગણીઓ ન સંતોષાતા હવે આ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે.



### મારી બહેનની ડાયરીના ત્રણ પેજને સુસાઇડ નોટ ગણાવી

તે સુસાઈડ નોટ પણ પૂરી રીતે નકલી હતી. એક રફ ડાયરી જેમાં મારી બહેન પોતાના સુખ-દુઃખની વાતો લખતી હતી, જે પણ હોય એ બધું લખતી હતી, એમાંથી ત્રણ પેજ ફાડ્યા અને એ ત્રણ પેજને પોલીસે સુસાઈડ નોટ ગણાવી દીધી. પછી અમારા પર દબાણ કર્યું કે તમે એના હેન્ડરાઈટિંગ (હસ્તાક્ષર) મેચ કરવા માટે કંઈક આપો. અમે કહ્યું કે 'અમે હેન્ડરાઈટિંગ મેચ કરવા માટે નહીં આપીએ અને તમે આને જ સુસાઈડ નોટ બનાવી દેશો? એટલે અમે હેન્ડરાઈટિંગ મેચ કરવા નહીં આપીએ.'

આવતીકાલે યોજાનારી રેલીમાં રાજસ્થાનથી પણ મોટી સંખ્યામાં લોકો અમદાવાદ આવશે. આ ન્યાયની લડતમાં કરણી સેનાએ પણ મૃતકના પરિવારને સમર્થન જાહેર કર્યું છે અને આરોપી પોલીસ કોન્સ્ટેબલ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

વાસણા પોલીસે હાલમાં માત્ર ગુનો નોંધીને તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે, પરંતુ આરોપી પોલીસ વિભાગમાં જ ફરજ બજાવતો હોવાથી પોલીસ તેને બચાવી રહી હોવાના આક્ષેપો સાથે પરિવાર હવે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સજ્જ થયો છે.

મૃતકના ભાઈ મહેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, 23 તારીખે FIR નોંધાઈ તો એમાં ઘણાં નામો હતા, જેમાં અમે 24 તારીખે મેં અને મારી બહેન ગીતાના કોલ રેકોર્ડ્સ પોલીસને આપ્યા. જેમાં બધી વસ્તુઓ, એના પરિવારના બીજા સાથીદારોના નામ હતા.

તેમની શરતો પર અમે FIR કરાવી દીધી. કારણ કે અમે બીજી જગ્યાએ તપાસ કરી તો અમને કહેવામાં આવ્યું કે 'કોર્ટમાં આપણે આને આગળ લઈ જઈશું, અત્યારે જે રીતે કરે છે એ રીતે એમને કરવા દો, આપણે કોર્ટમાં જોઈ લઈશું.' એ વસ્તુ થઈ ગઈ. ત્યારબાદ અમે જેટલા પણ બીજા વોટ્સએપ ચેટ્સ (WhatsApp chats) વગેરે હતા, જેનાથી સ્પષ્ટ ખબર પડતી હતી કે આ હત્યા છે, આત્મહત્યા નથી. અમે વારંવાર પોલીસને કહેવાની કોશિશ કરી, સમજાવવાની કોશિશ કરી કે તમે એકવાર આ 'સુસાઈડ' વાળા ચશ્મા હટાવો અને હત્યાની નજરે એકવાર અમારા કહેવાથી જોઈ લો, તમને હત્યા જ દેખાશે.

પરંતુ તેઓ સાંભળવા પણ તૈયાર નહોતા અને સમજવા પણ તૈયાર નહોતા. એમણે એક જ રટણ ચાલુ રાખ્યું હતું કે આ સુસાઈડ જ છે, તમે માનવા કેમ તૈયાર નથી? મૃતક તૈયાર થયેલી છે, સેંથો પૂરેલો છે, નવા કપડાં પહેરેલા છે, ફોનના પાસવર્ડ દીવાલ પર લખેલા છે અને સુસાઈડ નોટ મળી છે.

તે સુસાઈડ નોટ પણ પૂરી રીતે નકલી હતી. એક રફ ડાયરી જેમાં મારી બહેન પોતાના સુખ-દુઃખની વાતો લખતી હતી, જે પણ હોય એ બધું લખતી હતી, એમાંથી ત્રણ પેજ ફાડ્યા અને એ ત્રણ પેજને પોલીસે સુસાઈડ નોટ ગણાવી દીધી. પછી અમારા પર દબાણ કર્યું કે તમે એના હેન્ડરાઈટિંગ (હસ્તાક્ષર) મેચ કરવા માટે કંઈક આપો. અમે કહ્યું કે 'અમે હેન્ડરાઈટિંગ મેચ કરવા માટે નહીં આપીએ અને તમે આને જ સુસાઈડ નોટ બનાવી દેશો? એટલે અમે હેન્ડરાઈટિંગ મેચ કરવા નહીં આપીએ.'

જ્યારે એ સુસાઈડ નોટ છે જ નહીં તો તમારે હેન્ડરાઈટિંગ શું કરવા મેચ કરવાના છે? એમાં ક્યાંય લખેલું પણ નથી, ના તારીખ છે, ના આત્મહત્યા કરે છે એવું લખ્યું છે, ના કોઈ કારણ બતાવ્યું છે.

# 55 વર્ષ પૂરાં, કામ ન કરી શકનાર કર્મચારીઓ 'ઘરભેગા' થશે

## ગુજરાત સરકારે વિવિધ વિભાગો પાસેથી યાદી મંગાવી, આ 11 મુદ્દાના આધારે એક્શન લેવાશે



અમદાવાદ | રાજ્ય સરકાર દ્વારા હવે જે કર્મચારીઓ 55 વર્ષની ઉંમર વટાવી ચૂક્યા હોય અને બિનકાર્યક્ષમ હોય તેવા કર્મચારીઓને 'પાણીચું' પકડાવાની તૈયારી કરી છે. સરકાર દ્વારા એક પરિપત્ર જાહેર કરીને તમામ વિભાગો પાસેથી 55 વર્ષ પૂર્ણ કરનારા કર્મચારીઓની 11 મુદ્દાઓની વિગત મંગાવવામાં આવી છે. વિગતો મળ્યા બાદ સરકાર દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

જેમાં જો કોઈ કર્મચારીની કામગીરી સંતોષજનક નહીં હોય, શિસ્તભંગના કેસ હોય અથવા ફરજ પ્રત્યે બેદરકારી જણાશે તો સરકાર એવા કર્મચારીઓને સમય પહેલાં નિવૃત્ત કરી 'ઘરભેગા' કરી શકે છે.

હિસાબ અને તિજોરી નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર ગ્રુપ-1થી ગ્રુપ-4 સુધીના એવા કર્મચારીઓની વિગતો મંગાવવામાં આવી છે. જેઓ 1 ઓક્ટોબર 2026થી 31 ડિસેમ્બર 2026 દરમિયાન 55 વર્ષની ઉંમર પૂર્ણ કરતા હોય. સરકાર હવે આવા કર્મચારીઓના છેલ્લા કેટલાય વર્ષોના સેવા રેકોર્ડ, ગુપ્ત અહેવાલો, શિસ્તભંગની કાર્યવાહી અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરશે.

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, સરકારનો મુખ્ય ઉદ્દેશ વહીવટી તંત્રમાં કાર્યક્ષમતા વધારવાનો છે. લાંબા સમયથી નબળી કામગીરી કરનાર અથવા બિનઉત્પાદક કર્મચારીઓ સામે કાર્યવાહી માટે આ પ્રક્રિયા મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. તમામ વિભાગોને 30 મે 2026 સુધીમાં માહિતી મોકલવા સૂચના આપવામાં આવી છે. માહિતીના આધારે રાજ્ય સરકાર આગામી સમયમાં યોગ્ય કાર્યવાહી કરી શકે છે.

# 'વોઈસ ઓફ મુકેશ' મુખ્તાર શાહની ઓફિસમાં ચોરી : એલિસબ્રિજ પાસે આવેલી ઓફિસમાંથી દાગીના ચોરી

અમદાવાદ | 'વોઈસ ઓફ મુકેશ' તરીકે જાણીતા સિંગર મુખ્તાર શાહની અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ઓફિસમાં ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. બંધ ઓફિસના તાળા તોડી તસ્કરોએ ઓફિસમાં પડેલા દાગીના, રોકડ અને વિદેશી ચલણ મળઈ રૂ. 1.90 લાખની ચોરી કર્યાનો ગુનો નોંધાયો છે. તસ્કરો મુદ્દામાલની સાથે ઓફિસમાં લાગેલા સીસીટીવીના ડીવીઆરની હાર્ડડિસ્ક પણ સાથે લઈ ગયા હતા.

જુહાપુરામાં રહેતા સિંગર મુખ્તારઆલમ શાહની ઓફિસ અમદાવાદના એલીસબ્રિજ વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપ સેન્ટરમાં ઓફિસ ધરાવે છે. આ બિલ્ડિંગમાં અનેક ઓફિસો કાર્યરત છે અને દિવસ દરમિયાન અવરજવર રહેતી હોય છે.બિલ્ડિંગમાં કામ કરતા લોકોના ધ્યાનમાં આવ્યું કે કેટલીક ઓફિસોના તાળા તૂટેલા છે. શરૂઆતમાં આ સામાન્ય નુકસાન અથવા બેદરકારીનો મામલો લાગ્યો હતો, પરંતુ જ્યારે મુખ્તારઆલમ શાહ પોતાની ઓફિસે પહોંચ્યા ત્યારે ચોરીની જાણ થઈ હતી.

ઓફિસમાં તપાસ કરતા સામે આવ્યું કે, ઓફિસમાંથી સોનાના દાગીના, વિદેશી ચલણી નોટો અને અંદાજે 35 હજાર રૂપિયા રોકડા ગાયબ હતા. માત્ર એટલું જ નહીં, ચોરોએ પુરાવા ન રહે તે માટે CCTV સિસ્ટમ સાથે ચેડાં કર્યા હતા અને DVRમાં લાગેલી હાર્ડડિસ્ક પણ સાથે લઈ ગયા હતા.મુખ્તારઆલમે એલીસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# HTAT શિક્ષકો માટે મોટી તક:મદદનીશ કેળવણી નિરીક્ષકની 169 જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા જાહેર

(એજન્સી) ગાંધીનગર | તા. 12

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક (વર્ગ-3)ની ભરતી માટે Special Competitive Exam-2026ની જાહેરાત કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠળ HTAT તરીકે ઓછામાં ઓછા 5 વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકો માટે આ ભરતી મોટી તક સમાન માનવામાં આવી રહી છે. કુલ 169 જગ્યાઓ માટે યોજાનારી આ પરીક્ષા MCQ આધારિત રહેશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારો 18મે 2026થી 30 મે 2026 દરમિયાન ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારોને ગુજરાતી ભાષામાં 200 પ્રશ્નની પરીક્ષા આપવાની રહેશે. જેના માટે 120 મિનિટનો સમય આપવામાં આવશે. પરીક્ષાની સંભવિત તારીખ જૂન-જુલાઈ મહિનામાં રાખવામાં આવી હોવાનું જણાવાયું છે.

ફી માળખા મુજબ SC/ST વર્ગના ઉમેદવારોને



400 સાથે GST ચૂકવવો પડશે, જ્યારે અન્ય ઉમેદવારો માટે 500 સાથે GST નક્કી કરવામાં આવ્યો છે. ઉમેદવારો માટે અરજી પ્રક્રિયા અને વિગતવાર સૂચનાઓ રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.sebexam.org પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ પદ પર પ્રમોશનની રાહ જોતા HTAT શિક્ષકોમાં આ જાહેરાત બાદ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ સામે મારામારીનો વીડિયો વાયરલ થયાનું પ્રકરણ

અમદાવાદ | જામનગર શહેરમાં જી.જી. હોસ્પિટલ સામે આવેલા શિવમ હોટલ પાસે મોડીરાત્રે બનેલી મારામારીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. બનાવ અંગે સિટી બી-ડિવિઝન પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ, કર્મચારીનગર વિસ્તારમાં રહેતા જયરાજસિંહ નવલસિંહ કંચવા પોતાના મિત્ર રુદ્ર રાઠોડને ક્રિસ્ટલ મોલ પાસે માર મારાયો હોવાની જાણ થતાં તેને સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખાતે લાવ્યા હતા. સારવાર દરમિયાન જયરાજસિંહ તથા તેમના મિત્ર મહાવીરસિંહ ચૌહાણ હોસ્પિટલ સામે આવેલી શિવમ હોટલ પાસે ચા પીવા ઉભા હતા. તે દરમિયાન બે મોટરસાયકલ પર આવેલા ચાર શખ્સોએ બંને પર હુમલો કર્યો હતો. આરોપી જયદીપસિંહ જાડેજાના હાથમાં લોખંડનો પાઈપ હતો અને તેણે ફરીયાદીને ધમકી આપી માથાના પાછળના ભાગે હુમલો કર્યો હતો. હુમલાના કારણે ફરીયાદી જમીન પર પટકાયા હતા. ત્યારબાદ અન્ય આરોપીઓએ પણ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.

# રિકન્સ્ટ્રકશન સમયે બૂટલેગર કિશોર લંગડાનો પૌત્ર સીધા પગે ચાલ્યો

અમદાવાદ | ગુનેગારો પર પોલીસની ધાક જમાવવા માટે ગુજરાત પોલીસ છેલ્લા કેટલાક સમયથી આરોપીઓને ઝડપીને ગુના બન્યાના સ્થળ પર લઈ જતી હોય છે. રિકન્સ્ટ્રકશન સમયે આરોપીઓ લંગડાતા જોવા મળતા હોય છે. પરંતુ, અમદાવાદના કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્રના કેસમાં આ ધાક જોવા ન મળી.

અમદાવાદની GLS કોલેજ બહાર બે મહિના પહેલા તોડફોડ અને હત્યાના પ્રયાસ કેસમાં આરોપી આદિત્ય રાઠોડની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આદિત્યને લઈ બનાવ સ્થળે પહોંચી હતી. રિકન્સ્ટ્રકશન દરમિયાન જે રીતે અન્ય આરોપીઓની સ્થિતિ હોય છે તેનાથી ઉલટ આદિત્ય રાઠોડ બિન્દાસ્ત અને સીધા પગે ચાલતો જોવા મળ્યો હતો.

9 માર્ચના રોજ GLS કોલેજની બહાર ઉભેલા



વિદ્યાર્થીઓ પર કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્ય રાઠોડે ગાડીમાંથી ઉતરી હથિયાર વડે હત્યાનો પ્રયાસ કર્યો હતો.આદિત્યએ વિદ્યાર્થીની પાર્ક કરેલી થાર ગાડીમાં હથિયાર વડે તોડફોડ પણ કરી હતી.આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.જેના આધારે નવરંગપુરા પોલીસે આદિત્ય વિરુદ્ધ હત્યાનો પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી બનાવ બાદ આરોપી બે મહિનાથી ફરાર હતો.

અમદાવાદ ઝોન-1 એલસીબીની ટીમે બાતમીના આધારે ગાંધીનગર પીડીપીયુ પાસેથી ગઈકાલે મોડીરાત્રે આરોપીની ધરપકડ કરી હતી અને નવરંગપુરા પોલીસને સોંપવામાં આવ્યો હતો.જે બાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતના સ્ટાફ સાથે આરોપીનું GLS કોલેજ પાસે જ રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું.

નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જે.પી ચૌધરીએ જણાવ્યું હતું કે ફરિયાદ થયા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો,જેની બે મહિના બાદ ધરપકડ કરવામાં આવી છે. હાલ આરોપીની ધરપકડ કરી તેની સાથે અન્ય પણ કોણ સંડોવાયેલું છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદના શાહીબાગમાં કુખ્યાત બૂટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ રાઠોડે મોંઘીદાટ કાર વડે નિર્દોષ એક્ટિવાચાલકને ટક્કર મારીને જીવ લીધો હતો. કારચાલકે પૂરપાટ ઝડપે કાર વડે એક્ટિવાચાલકને ટક્કર મારી હતી, જેના કારણે એક્ટિવાચાલક નજીકમાં ઊભેલી રિક્ષા સાથે ટકરાયો, જેથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું.

આરોપી આદિત્ય રાઠોડના દાદા કિશોરસિંહ રાઠોડ અમદાવાદનો કુખ્યાત અને લિસ્ટેડ બૂટલેગર છે. આરોપીના પિતા દિલીપસિંહ પણ બૂટલેગર છે. આરોપી પણ સોશિયલ મીડિયામાં રોફ જમાવવા માટે હથિયારો સાથે ગાડીમાં વીડિયો બનાવે છે.